દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 132 ■ વિક્રમ સંવત ૨૦૮૨
અધિક જયેષ્ઠ વદ - ૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 5 June 2026, Friday ■ REGD.No. MCS/058/2018-20
શુક્રવાર, ૫ જૂન ૨૦૨૬, (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# આઈપીએલ પર કન્ટ્રોલ જમાવવા માગતો હતો દાઉદ?

## આવો દાવો કરતા લલિત મોદી કહે છે કે, ડી-કંપનીના ડરે જ પોતે ક્રિકેટથી દૂર થઇ ગયા

**લલિત મોદીએ ખુલાસો કર્યો કે આઈપીએલના શરૂઆતના દિવસોમાં સટ્ટાનો ધંધો વ્યાપક હતો. દાઉદ ઈબ્રાહિમના પ્રભાવ વિશે તેમણે કહ્યું હતું કે, દાઉદ ઈબ્રાહિમ એક જાણીતો બુકી છે**

નવી દિલ્હીઃ ભારતીય ક્રિકેટમાંથી વિવાદાસ્પદ વિદાય લીધાના એક દાયકા કરતાં વધુ સમય પછી ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ના ભૂતપૂર્વ કમિશનર લલિત મોદીએ એક મોટો ઘટસ્ફોટ કર્યો છે કે દાઉદ ઇબ્રાહીમ આઇપીએલને કન્ટ્રોલમાં કરવા માગતો હતો.

પહેલી વાર લલિત મોદીએ દાવો કર્યો છે કે અંડરવર્લ્ડ ડોન દાઉદ ઇબ્રાહિમ અને તેના સમગ્ર ગુનાહિત નેટવર્ક તરફથી જાનથી મારી નાખવાની ધમકીઓને કારણે તેમણે ક્રિકેટમાંથી કાયમી વિદાય લઈ લીધી હતી. ન્યૂઝ એજન્સી એએનઆઈ સાથે વાત કરતા લલિત મોદીએ કહ્યું હતું કે આઇપીએલના શરૂઆતના વર્ષોમાં મેચ ફિક્સિંગ સામેના તેમના મજબૂત વલણનો સીધો હેતુ ડી-કંપની સામે હતો, જે એક વિશાળ અન્ડરગ્રાઉન્ડ સટ્ટા બજાર ચલાવે છે.

લલિત મોદીએ ખુલાસો કર્યો કે આઈપીએલના શરૂઆતના દિવસોમાં સટ્ટાનો ધંધો વ્યાપક હતો. દાઉદ ઇબ્રાહિમના પ્રભાવ વિશે તેમણે કહ્યું હતું કે, દાઉદ ઇબ્રાહિમ એક જાણીતો બુકી છે. તેના ઇશારે ક્રિકેટનો સટ્ટો લાગતો હતો. તે દિવસોમાં અન્ડરગ્રાઉન્ડ સટ્ટાબાજી પ્રતિ મેચ બે અબજ ડૉલર હતી જે હવે પ્રતિ મેચ ચાર બિલિયન ડોલર (આશરે ૩૩,૦૦૦ કરોડ રૂપિયા) સુધી વધી ગઈ છે. તે એટલી મોટી છે કે તમે કલ્પના પણ ન કરી શકો. હવે કોઈ આખી મેચ ફિક્સ કરતું નથી પરંતુ ઓવર અને બોલ ફિક્સ

(જુઓ પાનું ૪) ▸▸

## 'ઈરાન-યુદ્ધ બંધ કરો'

**અમેરિકી પ્રતિનિધિસભામાં ખરડો પસારઃ ટ્રમ્પના પક્ષના સાંસદોએ જ તેમની વિરુદ્ધમાં મતદાન કર્યુંઃ હવે આ ખરડો સેનેટમાં રજૂ કરાશે**

વૉશિંગ્ટનઃ અમેરિકાના હાઉસમાં એટલે કે અમેરિકી કૉંગ્રેસ (સંસદ)ના નીચલા ગૃહ (પ્રતિનિધિસભા)માં ઇરાન સામેની લશ્કરી કાર્યવાહી રોકવાની જોગવાઇ ધરાવતા ખરડા (વૉર પાવર રિઝોલ્યુશન)ને પસાર કરાયો હતો.

ત્રણ મહિનાથી ચાલતા અખાતના યુદ્ધનો અંત લાવવા શાસક પક્ષના અમુક સાંસદે (રિપબ્લિકન્સે) પણ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની વિરુદ્ધ જઇને આ ખરડો પસાર કરાવવામાં ડેમોક્રેટ્સને સાથ આપ્યો હતો.

હાઉસના સ્પીકર માઇક જૉન્સને બે અઠવાડિયાં પહેલાં આ ખરડો પસાર થવાની તૈયારીમાં જ હતો ત્યારે અચાનક ગૃહની કાર્યવાહી બંધ કરાવી હતી અને તેને પસાર થવા નહોતો દીધો, પરંતુ તે પછી પણ અખાતના યુદ્ધ સામે અમેરિકામાં પણ વિરોધ વધી રહ્યો છે અને તેનો જલદી અંત લાવવાની માગણી વધી રહી છે. અમેરિકાના હાઉસમાં બુધવારે આ ખરડો ૨૧૫

(જુઓ પાનું ૪) ▸▸

## ૧૫ લાખ કરોડ રૂપિયાનું મિસરિપોર્ટિંગઃ રાજેશ એક્સપોર્ટ પર સેબીની બંધી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ રાજેશ એક્સપોર્ટ પર માર્કેટ રેગ્યુલેટર ધી સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)એ ૧૫ લાખ કરોડ રૂપિયાના મિસરિપોર્ટિંગના કરેલા આરોપ સહિતના અન્ય પગલાંના આદેશની ચર્ચાને કારણે આ કંપનીના શેર ગુરુવારે પાંચ ટકાના કડાકા સાથે નીચલી સર્કિટ મર્યાદા પર પહોંચી ગયા હતા.

બજાર નિયમનકાર સેબીએ પોતાના આદેશમાં આ કંપનીના પ્રમોટર અને સીઈઓ રાજેશ મહેતાને કંપનીના સિક્યોરિટીઝમાં સોદા કરવાથી પ્રતિબંધિત કર્યા હતા, જેમાં નાણાકીય નિવેદનોમાં મોટા પાયે ખોટી રજૂઆત અને ભંડોળના ડાયવર્ઝનનો આરોપ મૂકવામાં આવ્યો હતો. જોકે, રાજેશ એક્સપોર્ટે એક ન્યૂઝ પોર્ટલને એવી પ્રતિક્રિયા આપી હતી કે આ માત્ર એક વચગાળાનો આદેશ છે અને તેમાં સત્ય નથી! બીએસઈ પર આ શેર ૪.૯૯ ટકાના કડાકા સાથે ૧૦૪.૬૫ રૂપિયાની નીચલી સર્કિટ મર્યાદા પર પહોંચી ગયો હતો. જ્યારે એનએસઈ પર

(જુઓ પાનું ૪) ▸▸

## કેરલમમાં ચોમાસું બેઠું

નવી દિલ્હીઃ નૈર્ઋત્યના મોસમી પવનો ગુરુવારે કેરલમમાં પહોંચી ગયા હતા, એવી માહિતી ભારતીય હવામાન ખાતાએ આપી હતી. સામાન્ય રીતે કેરલમમાં ચોમાસું પહેલી જૂને આવે છે અને આનાથી નૈર્ઋત્યના મોસમી પવનોથી બેસતા ચોમાસા (ઑગસ્ટથી સપ્ટેમ્બર)ની શરૂઆત થાય છે. હવામાન ખાતાએ કહ્યું હતું કે નૈર્ઋત્યના મોસમી પવનો ચોથી જૂને અરબી સમુદ્રના નૈર્ઋત્યના અને અગ્નિ ભાગોમાં, અરબી સમુદ્રના પશ્ચિમ મધ્ય અને પૂર્વ મધ્યમાં, આખા લક્ષદ્વીપ ટાપુમાં, કેરલમ અને માહેમાં, કર્ણાટક અને

(જુઓ પાનું ૪) ▸▸

## બિહારમાં આઇસીયુમાં ભીષણ આગ, પાંચનાં મોત

મુઝફ્ફરપુર (બિહાર): બિહારના મુઝફ્ફરપુર જિલ્લામાં એક ખાનગી હૉસ્પિટલમાં આઈસીયુમાં ગુરુવારે વહેલી સવારે લાગેલી ભીષણ આગમાં ઓછામાં ઓછા પાંચ લોકોનાં મોત થયા હોવાનું જિલ્લાના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું. આ ઘટના જિલ્લાના બ્રહ્મપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી પ્રસાદ હૉસ્પિટલમાં બની હતી. મ્યુનિસિપલ કમિશનર ઋતુરાજ સિંહે જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં પાંચ લોકોનાં મોતની પુષ્ટી થઈ છે. અન્ય ઘણા લોકો ઘાયલ થયા છે અને વિવિધ હૉસ્પિટલોમાં સારવાર લઈ રહ્યા છે. અગાઉ મુઝફ્ફરપુરના જિલ્લા મેજિસ્ટ્રેટ સુબ્રત કુમાર સેને કહ્યું હતું કે સવારે ઘટનાની જાણ થઈ ત્યારે મૃત્યુઆંક ત્રણ હતો. તેમણે કહ્યું હતું કે આઈસીયુમાં લગભગ ૧૩ થી ૧૫ દર્દીઓની સારવાર ચાલી રહી હતી, જેમને તેમના પરિવારો દ્વારા અન્ય હૉસ્પિટલોમાં લઈ જવામાં આવ્યા છે.

જિલ્લા મેજિસ્ટ્રેટે કહ્યું હતું કે, અમે દર્દીઓના

(જુઓ પાનું ૪) ▸▸

## શાળામાં નો એન્ટ્રીઃ રસ્તા પર રાત વીતાવ્યાનો અવિમુક્તેશ્વરાનંદનો દાવો

નવી દિલ્હીઃ શંકરાચાર્ય પદની દાવેદારીના વિવાદમાં સંડોવાયેલા અને પૉક્સો કેસ સંબંધિત આરોપોનો સામનો કરી રહેલા સ્વામી અમુક્તેશ્વારાનંદે ગૌસુરક્ષા યાત્રા દરમિયાન અહીંની એક શાળામાં રહેવાની પરવાનગી આપવાનું નકારી કાઢવામાં આવ્યા બાદ તેમણે એક રાત રસ્તા પર છાવણીમાં વીતાવી હોવાનો દાવો તેમના અનુયાયીઓએ ગુરુવારે કર્યો હતો.

જોકે વહીવટી તંત્રએ આ દાવાઓ અંગે કોઈ પણ પ્રકારનું નિવેદન કરવાનું નકારી કાઢ્યું હતું.

'ગૌ વિશ્તી યાત્રા'ના ભાગરૂપ સ્વામી અવિમુક્તેશ્વરાનંદ બુધવારે કનૌજ આવી પહોંચ્યા હતા અને તેઓ છીબામાઉના સાલેમપુરસ્થિત આશા સરકારી સ્કૂલમાં રાતવાસો કરવાના હતા.

જોકે શાળામાં રાતવાસો કરવાની પરવાનગી નકારી કાઢવામાં આવ્યા બાદ તેમણે એક રાત રોડ પર છાવણીમાં વીતાવી હતી. આયોજકોએ આક્ષેપ કર્યો હતો કે પરવાનગી નકારી કાઢવામાં આવી હોવાની માહિતી વહીવટી તંત્રએ બુધવારે સાંજે આપી હતી જેને કારણે કાર્યક્રમ રદ કરવો પડ્યો હતો. ત્યાર બાદ શંકરાચાર્યએ પાલ ચૌરાહા પાસે ઊભા કરવામાં આવેલી કામચલાઉ તંબુમાં રાતવાસો કરવાનો નિર્ણય લીધો હતો.

અનુયાયીઓના જણાવ્યા અનુસાર કાળઝાળ ગરમી છતાં એ સ્થળે લાઈટ કે પંખાની કોઈ વ્યવસ્થા કરવામાં નહોતી આવી અને તેમને હાથપંખાનો ઉપયોગ કરવાની ફરજ પડી હતી. (એજન્સી)

## બાંગ્લાદેશમાંની રાજકીય હત્યાને કેન્દ્ર સાથે જોડીઃ મમતા સામે કેસ

કોલકાતાઃ એક વકીલ દ્વારા ટીએમસી સુપ્રીમો મમતા બેનરજી સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે, જેમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે બંધારણીય સંસ્થાઓની ટીકા કરતી તેમની તાજેતરની જાહેર ટિપ્પણીઓ અને કેન્દ્ર સરકારને બાંગ્લાદેશમાં રાજકીય હત્યા સાથે જોડવી રાષ્ટ્રની સાર્વભૌમત્વ અને જાહેર વ્યવસ્થા માટે પ્રતિકૂળ હતી.

એક અધિકારીએ જણાવ્યું હતું કે કોલકાતા હાઇકોર્ટના જલપાઇગુડી સર્કિટ બેન્ચના એડવોકેટ રિંકુ ચેટરજી સિંહ દ્વારા બુધવારે સિલિગૂડીના સાયબર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

સિંહે જણાવ્યું હતું કે બેનરજીએ વિવિધ જાહેર ભાષણો, રાજકીય પ્લેટફોર્મ અને મીડિયા વાર્તાલાપ દ્વારા, ચૂંટણી પંચ અને વિધાનસભા ચૂંટણી દરમિયાન તૈનાત સશસ્ત્ર દળો સહિત બંધારણીય સંસ્થાઓ વિરુદ્ધ ઉશ્કેરણીજનક અને આપત્તિજનક નિવેદનો કર્યા હતા.

પોતાની ફરિયાદમાં, સિંહે એવો પણ આરોપ લગાવ્યો છે કે મમતાએ આવી સંસ્થાઓની જાહેરમાં અખંડિતતા, તટસ્થતા અને વિશ્વસનીયતા પર પ્રશ્ન ઉઠાવ્યો હતો, જેના દ્વારા રાજ્ય તંત્ર સામે જાહેરમાં અવિશ્વાસ અને અસંતોષ પેદા કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આવા આરોપો જાહેરમાં જનતા અને મીડિયા સમક્ષ આંતરરાષ્ટ્રીય સમુદાય સમક્ષ કેન્દ્ર સરકારની છબી અને વિશ્વસનીયતાને ઓછી કરવા અને બે સાર્વભૌમ રાષ્ટ્રો વચ્ચે દુશમનાવટ ઊભી કરવાના સ્પષ્ટ હેતુથી કરવામાં આવ્યા હતા, તેવું વકીલે ફરિયાદમાં જણાવ્યું હતું.

સિંહે ૦૨ જૂનના રોજ રાણી રશ્મોણી સરાની પર આયોજિત ટીએમસી કાર્યક્રમનો પણ ઉલ્લેખ કર્યો હતો અને દાવો કર્યો હતો કે બેનર્જીએ કહ્યું હતું કે તેઓ ગૃહ મંત્રાલય સાથે ગુપ્ત ચર્ચાઓથી વાકેફ હતા અને ભારત સરકાર અને કેન્દ્રીય ગૃહ પ્રધાન ને પડોશી બાંગ્લાદેશમાં રાજકીય હત્યા સાથે જોડ્યા હતા.

ફરિયાદીએ દલીલ કરી હતી કે આ નિવેદનો વ્યક્તિગત લાભ અને રાજકીય લાભ મેળવવા માટે કરવામાં આવ્યા હતા, અને પ્રથમ દૃષ્ટિએ ભારતના સાર્વભૌમત્વ, અખંડિતતા અને આંતરરાષ્ટ્રીય સ્થિતિ માટે પ્રતિકૂળ કૃત્યો સમાન છે.



પ્રયાગરાજમાં વિશ્વ પર્યાવરણ દિનની પૂર્વ સંધ્યાએ ભારે ગરમી વચ્ચે ગંગા નદીનાં ઓસરેલાં પાણીનું હવાઈ દૃશ્ય. (એજન્સી)

## પ્રલંબ ઊર્જાના સંબંધ માટે મોદીની વેનેઝુએલાનાં કાર્યવાહક પ્રમુખ સાથે મંત્રણા

નવી દિલ્હીઃ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વેનેઝુએલાનાં કાર્યવાહક પ્રમુખ ડેલ્સી રોડ્રીગેઝ સાથે વ્યાપક વાતચીત કરી હતી અને બન્ને દેશોએ લાંબા ગાળાના ઊર્જા સંબંધ સ્થાપવાનો સંકલ્પ કર્યો હતો. બન્ને દેશો ક્રિટિકલ મિનરલ્સ, દવા, કૃષિ અને ઓટોમોબાઈલ સહિતના આર્થિક સંબંધો મજબૂત બનાવશે.

ડેલ્સીની ભારતની પાંચ દિવસની મુલાકાત બુધવારે શરૂ થઈ હતી. નવી દિલ્હી પશ્ચિમ એશિયામાં લડાઈને લીધે ખનીજ તેલની પ્રાપ્તિમાં વૈવિધ્યીકરણ લાવવાની કોશિશ કરી રહ્યું છે એ પાર્શ્વભૂમિમાં તેમની મુલાકાત અગત્યની છે.

એપ્રિલથી વેનેઝુએલા પાસેથી ખનીજ તેલ ખરીદવાનું ઝડપી બન્યું છે અને દક્ષિણ અમેરિકાનો દેશ વેનેઝુએલા ભારતને તેલ આપનાર ત્રીજા નંબરનો મોટો દેશ બન્યો છે.

મોદી અને ડેલ્સી વચ્ચેની બેઠકમાં ડેલ્સીએ ચોખ્ખો સંદેશો આપ્યો હતો કે મારો દેશ ભારતના અર્થતંત્રનું કદ જોતા ભારતને 'ટોચનો ઊર્જા ભાગીદાર' ગણે છે અને ભારત આગામી અનેક વર્ષોમાં સ્થિર ખરીદદાર રહેશે, એવી માહિતી વિદેશ મંત્રાલયના સચિવ રૂદ્રેન્દ્ર ટંડને આપી હતી. વડા પ્રધાન મોદીએ આના જવાબમાં કહ્યું હતું કે ભારત આ ઊર્જા સંબંધો બાંધવા આતુર છે અને આમાં ખનીજ તેલ અને ગૅસ જેવો કાચો માલ શોધવાની અને તેને તૈયાર ઉત્પાદકમાં વિકસાવવાની પ્રવૃત્તિ સંડોવાયેલી છે. વાતચીત દરમિયાન ભાર

તના પક્ષે વેનેઝુએલાને ઓએનજીસી વિદેશને અપાવાની બાકી રહેલા ૫૦ કરોડ અમેરિકન ડૉલરની વાત પણ ઉપાડી હતી. ટંડને કહ્યું હતું કે આ અમારાં નાણાં છે અને તેઓ આ અંગે સંવેદનશીલ છે. (એજન્સી)



નોઈડામાં ગુરુવારે ભારે વરસાદ અને પવનને કારણે ધાતુની બનેલી બાઉન્ડરી ફેન્સ તૂટી પડતાં પાર્ક કરેલી કારને નુકસાન થયું હતું. (એજન્સી)

## દિલ્હી અને મહારાષ્ટ્રમાં ૧૦૦ ઈથેનોલ ફ્યુઅલ સ્ટેશન શરૂ કરાશે

નવી દિલ્હીઃ અશ્મિજન્ય ઈંધણની આયાત ઘટાડવા સરકાર દિલ્હી એનસીઆર, પુણે, મુંબઈ અને નાગપુરમાં ૫૦થી ૧૦૦ જેટલા ઈથેનોલ ફ્યુલ સ્ટેશન શરૂ કરશે, એમ પેટ્રોલિયમ અને ગૅસ ખાતાના પ્રધાન હરદીપસિંહ પૂરીએ ગુરુવારે કહ્યું હતું.

આ વર્ષના અંત સુધીમાં ઇથેનોલ ફ્યુઅલ સ્ટેશનના નેટવર્કનો વ્યાપ વધારીને ૫૦૦ કરવાની આશા છે, એમ તેમણે કહ્યું હતું. મારુતી સુઝુકી દ્વારા ભારતની પ્રથમ ફ્લેક્સ ફ્યુઅલ કારના લૉન્ચિંગના સમારોહ દરમિયાન બોલતાં તેમણે કહ્યું હતું કે વર્ષ ૨૦૨૭ના અંત સુધીમાં દેશમાં ૫,૦૦૦ કરતા વધુ ઇથેનોલ ફ્યુઅલ સ્ટેશન હશે.

યુરોપના છઠ્ઠી શ્રેણીના વાહનો ઈથેનોલથી ચાલતા હોય તો ભારતીય વાહનોમાં તેનો ઉપયોગ કેમ ન કરી શકાય? એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે આને કારણે ઈંધણની આયાત ઘટશે અને અંદાજે ૧૨૦ અબજ ડૉલરની બચત થશે. પેટ્રોલ, ડીઝલ અને ગૅસના ભાવમાં વૈશ્વિક સ્તરે જોવા મળી રહેલા વધારાથી ગ્રાહકોને રક્ષણ આપવા ઈંધણનું ઉત્પાદન અને વેચાણ કરતી ભારતીય તેલ કંપનીઓ હાલ દૈનિક ૫૦૦થી ૫૫૦ કરોડ રૂપિયાનું નુકસાન વેઠી રહી છે.

## નકલી પીએમઓ અધિકારીનો પર્દાફાશ

નવી દિલ્હીઃ વડા પ્રધાન કાર્યાલય(પીએમઓ)ના નકલી અન્ડર સેક્રેટરી બનીને સરકારી લાભોનો લાભ લેનારા એક વ્યક્તિનો અનોખી રીતે પર્દાફાશ થયો છે. સીબીઆઇએ આ શખસ સામે કેસ નોંધ્યો હોવાનું અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું.

આ આરોપીની ઓળખ પી. ઈલાનગોવન તરીકે થઇ છે. વડા પ્રધાન કાર્યાલય (પીએમઓ) તરફથી ફરિયાદ મળ્યા બાદ તેની સામે તપાસ હાથ ધરવામાં આવી હતી. આ ફરિયાદ પીએમઓમાં મળેલા લગ્નના આમંત્રણ કાર્ડ પરથી કરવામાં આવી હતી. જેમાં ઈલાનગોવન ત્યાં અન્ડર સેક્રેટરીપદ પર કાર્યરત હોવાનું જણાવાયું હતું.

પીએમઓની ફરિયાદમાં જણાવાયું છે કે પીએમઓના સહાયક નિયામકએ તેમના પત્રમાં જણાવ્યું છે કે પ્રથમ દૃષ્ટિએ આ કેસ વડા પ્રધાન કાર્યાલયના અધિકારી તરીકેની ખોટી ઓળખાણ આપવાનો લાગે છે. કારણ કે સરકારી રેકોર્ડ મુજબ આજ સુધી થિરુ પી. ઈલાનગોવન નામના કોઇપણ વ્યક્તિએ પીએમઓમાં કામ કર્યું નથી. આ ફરિયાદના આધારે સીબીઆઇએ આઠમી જાન્યુઆરીથી પ્રારંભિક તપાસ હાથ ધરી હતી. તપાસમાં જાણવા મળ્યું કે ૨૦૨૩માં ઈલાનગોવને હિન્દુ રિલિજિયસ એન્ડ ચેરિટેબલ એન્ડોમેન્ટ્સ(એચઆર-સીઇ)ના સંયુક્ત કમિશનર વી. કુમારેસનને ફોન કર્યો હતો અને પોતાને વડા પ્રધાન કાર્યાલય(પીએમઓ)ના અધિકારી તરીકેની ખોટી ઓળખાણ આપી હતી. ઈલાનગોવને તમિળનાડુના તિરુવન્નામલાઇ સ્થિત અન્નામલાઇ મંદિરમાં પોતાના સંબંધીઓ માટે વીઆઇપી દર્શનની સુવિધા માગી હતી. જેને કુમારેસને શુભ આશય તરીકે સ્વીકારી લીધી હતી. ત્યાર પછીથી તેણે આવી વિનંતીઓ કરવાનું ચાલુ રાખ્યું હતું. જેને કુમારેસન પીએમઓના અધિકારી હોવાનું વિચારીને મંજૂરી આપતા રહ્યા હતા.સીબીઆઇની એફઆઇઆરમાં જણાવ્યા મુજબ તપાસ દરમિયાન જાણવા મળ્યું કે પી. ઈલાનગોવને વી. કુમારેસનને તેમના પુત્રના લગ્ન(૯ એપ્રિલ, ૨૦૨૫ના રોજ) માટે આમંત્રણ કાર્ડને એ રીતે મોકલવા માટે સમજાવ્યા કે જેમાં ઈલાનગોવને કુમારેસનના પરિવારના સભ્ય તરીકે દર્શાવવામાં આવે. જેથી કરીને ઈલાનગોવન તેમના કાર્યાલય એટલે કે પીએમઓમાંથી રજા લઇ શકે.

## સરકારી નોકરી નિર્ધારિત લાયકાત પ્રમાણે યોગ્ય ઉમેદવારને આપવી જોઈએઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સરકારી નોકરી નક્કી કરેલી પાત્રતા પ્રમાણે લાયક ઉમેદવારને આપવી જોઈએ એવું નિરીક્ષણ કરીને સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો હતો કે નીચી પાત્રતાવાળી નોકરીમાં ઊંચી પાત્રતાવાળા ઉમેદવારને રોજગાર આપવાથી લાયક અને પાત્ર ઉમેદવાર રોજગારથી વંચિત રહી જાય છે.

જસ્ટિસ અહસાનુદ્દીન અમનુલ્લા અને જસ્ટિસ આર. માધવનની બેન્ચે બૅન્ક અટેન્ડન્ટને નોકરીએ ફરી રાખવાનો મદ્રાસ હાઈ કોર્ટના ચુકાદાને બાજુ પર મૂક્યો હતો.

સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે વડી અદાલતે એ બાબત ધ્યાન પર લીધી નહોતી કે કર્મચારીએ ફક્ત દસમી ધોરણ સુધી ભણેલાની લાયકાતવાળો હોદ્દો એ હકીકત છુપાવીને મેળવ્યો હતો કે તે ગ્રેજ્યુએટ છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે સરકારી નોકરી નક્કી કરેલી પાત્રતા પ્રમાણે લાયક ઉમેદવારને આપવી જોઈએ. નીચી શૈક્ષણિક પાત્રતા ધરાવતા ઉમેદવારોની નોકરીમાં ઉચ્ચ પાત્રતાવાળા ઉમેદવારને છૂટ આપવાથી લાયક અને યોગ્ય ઉમેદવાર રોજગારની તકથી વંચિત રહે છે.

સર્વોચ્ચ અદાલતો કહ્યું હતું કે શૈક્ષણિક પાત્રતાની ટોચમર્યાદા રાખવાનો તર્ક ખાસ કરીને ઉચ્ચ શિક્ષણ સંજોગોને લીધે ન કરી શકનાર ઉમેદવારો માટે વાજબી અને યોગ્ય છે. (એજન્સી)

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# લલિત મોદી દાઉદ નહીં, ભ્રષ્ટાચારના કારણે ક્રિકેટથી દૂર થયા

**ભારત** છોડીને લંડન ભાગી ગયેલા ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ના ભૂતપૂર્વ ચેરમેન લલિત મોદીએ એક ન્યૂઝ એજન્સીને આપેલા ઈન્ટરવ્યૂમાં ચોંકાવનારા ને હાસ્યાસ્પદ દાવા કર્યા છે. મોદીનું કહેવું છે કે, પોતે 'ભાગેડુ' નથી પણ મીડિયા દ્વારા પોતાના માટે 'ભાગેડુ' શબ્દ વાપરવામાં આવે છે તેથી પોતાના પર 'ભાગેડુ'નું લેબલ લાગી ગયું છે. બાકી પોતાની સામે આજ સુધી કોઈ કેસ થયો નથી. મોદીએ એવો હાસ્યાસ્પદ દાવો કર્યો છે કે, પોતે ક્રિકેટના કારભારથી દૂર થઈ ગયા તેનું કારણ દાઉદ ઈબ્રાહીમ છે.

લલિત મોદીના દાવા પ્રમાણે, પોતે આઈપીએલમાં ફિક્સિંગ સામે બાંયો ચડાવી તેના કારણે અકળાયેલા દાઉદે પોતાના પર ત્રણ વાર ફાયરિંગ કરાવેલું ને મારા દીકરાનું અપહરણ પણ કરાવેલું. લલિત મોદીએ દાઉદના માણસ બાબા કઈ રીતે તેને મળ્યો અને તેને પોતાના સટ્ટાબજારમાં સામેલ કરવાની કોશિશ કરી ત્યાંથી માંડીને પોતે ના પાડી પછી શું થયું ત્યાં સુધીની લાંબીલચ્ચક પારાયણ કરી છે. આ આખી પારાયણ માંડી શકાય તેમ નથી પણ કવિ એવું કહેવા માગે છે કે, પોતે કૌભાંડોમાં સંડોવાયેલા હતા તેના કારણે ક્રિકેટથી દૂર થવું પડ્યું એ વાતમાં જરાય માલ નથી. દાઉદ પોતાના પરિવારને પતાવી દેશે એ ડરે પોતે સ્વૈચ્છિક રીતે ક્રિકેટના કારભારથી અળગા થઈ ગયા છે.

લલિત મોદીએ એવી ડંફાશ પણ મારી છે કે, પોતે કોઈનાથી દૂર ભાગી રહ્યા નથી પણ મારી મરજીથી હું આખી દુનિયામાં ફરી રહ્યો છું. ભારત સરકારની પહોંચ બહુ છે એ જોતાં હું ભાગતો હોત તો ક્યાંક ને ક્યાંક મને ઝડપી જ લીધો હોત. મોદીએ એવું જ્ઞાન પણ ઝાડ્યું છે કે, પોતાને હવે ભારત પાછા ફરવામાં કે પોતાને સાચા સાબિત કરવામાં કોઈ જ રસ નથી. હવે મારી પ્રાયોરિટી બદલાઈ ગઈ છે એટલે ભારતમાં શું થાય છે તેમાં મને રસ જ નથી.

લલિત મોદીએ બીજી પણ ઘણી વાતો કરી છે. આ બધી વાતો માંડી શકાય તેમ નથી પણ આ વાતોમાં ડંફાશો સિવાય બીજું કંઈ નથી. આપણી કમનસીબી છે કે, આ દેશના તંત્રને ચકમો આપીને ભાગી ગયેલો એક ભાગેડુ માણસ લંડનમાં બેઠો બેઠો ગમે તે બકવાસ કર્યા કરે છે ને આપણે એ સાંભળ્યા સિવાય કશું કરી શકતા નથી. લલિત મોદીની એ વાત સાચી છે કે, ભારતમાં તેની સામે કોઈ કેસ થયો નથી પણ તેનું કારણ ભાજપ સરકારની મહેરબાની છે.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ) એ લલિત મોદી સામે આઈપીએલના પ્રસારણ અધિકારો અને સ્પોન્સરશિપમાં કરોડોની હેરાફેરીનો આક્ષેપ કર્યો હતો. બીસીસીઆઈએ દાવો કર્યો હતો કે, લલિત મોદીએ પાંચ કરોડ ડૉલરથી વધારે રકમ સગેવગે કરી નાખીને બોર્ડનું કરી નાખ્યું છે. બોર્ડે સત્તાવાર રીતે આ આક્ષેપ કર્યો પછી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી)એ તપાસ શરૂ કરી, લલિત મોદીને ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (એફઈએમએ) અને પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ નોટિસ પણ અપાઈ. લલિત મોદીને લાગ્યું કે, આ બધી તપાસમાં પોતે ભેરવાઈ જશે એટલે એ રેલો પોતાના પગ તળે આવશે એટલે ભારત છોડીને ભાગી ગયો.

આ વાત ૨૦૧૩ની છે. ઈડીએ એ પછી ભાજપ વિરોધી પક્ષોના ઘણા બધા નેતાઓને આંટીમાં લઈને જેલભેગા કરી દીધા અને ઢગલાબંધ કેસો કરી દીધા પણ લલિત મોદીને સાવ ભુલાવી દીધો. લલિત મોદી સામેની તપાસમાં શું થયું નથી તેની કદી ઈડીએ વાત કરી કે નથી સરકાર કંઈ બોલતી. આ કારણે મોદી સામે કોઈ કેસ નથી એ વાત સાવ સાચી છે પણ તેના કારણે લલિત મોદી દૂધે ધોયેલું પ્રાણી હોવાનું સાબિત થતું નથી. મોદી સામે ગંભીર પ્રકારના આક્ષેપો થયેલા છે, ગંભીર અપરાધો માટે તેને નોટિસ પણ અપાયેલી છે ને ઈડીએ જ મોદી માટે ભાગડુ શબ્દ વાપરેલો. મીડિયા તો એ શબ્દ રીપિટ જ કરે છે.

લલિત મોદી ભાજપની મહેરબાનીથી ભાગી શકેલો એ ઈતિહાસ છે. લલિત મોદી ભારત છોડીને બ્રિટન ભાગી ગયા પછી તેમની સામે ઈડીએ નોટિસો બહાર પાડેલી. ભારત સરકારે મોદીનો પાસપોર્ટ રદ કરી દીધો હતો એટલે લલિત મોદી બ્રિટનની બહાર જઈ શકે તેમ નહોતા. બ્રિટન બહાર જવા માટે બ્રિટનના ઈમિગ્રેશન વિભાગની મંજૂરી અને ટ્રાવેલ ડોક્યુમેન્ટ લેવા પડે. કોઈ દેશની સરકાર બીજા દેશના ભાગેડુ અપરાધીને બહાર જવા દેવા માટે ટ્રાવેલ ડોક્યુમેન્ટ ના આપે પણ ૨૦૧૪ના ઓગસ્ટમાં પોર્ટુગલ જવા માટે મંજૂરી અને ટ્રાવેલ ડોક્યુમેન્ટ બંને મળી ગયેલાં. લલિત મોદીને મંજૂરી અને ટ્રાવેલ ડોક્યુમેન્ટ અપાવવામાં નરેન્દ્ર મોદી સરકારનાં વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે ભલામણ કરી હતી.

સુષ્માએ પોતે ટ્વિટ કરીને કબૂલેલું કે, ૨૦૧૪માં લલિત મોદીએ તેમને ફોન કર્યો પછી પોતે બ્રિટનના ભારતીય મૂળના સાંસદ કિથ વાઝની મદદથી ઈમિગ્રેશન વિભાગને કહીને મોદીને ટ્રાવેલ ડોક્યુમેન્ટ અપાવેલા. સુષ્મા સ્વરાજે એવું જૂઠાણું ચલાવેલું કે, મોદીનાં પત્નીને કેન્સર હતું ને પોર્ટુગલમાં ઓપરેશન થવાનું હતું. મોદીએ ઓપરેશન વખતે સંમતિપત્ર પર સહી કરવા પોતે હાજર રહેવાની જરૂર છે એવું કહીને ટ્રાવેલ ડોક્યુમેન્ટ અપાવવામાં મદદ કરવા વિનંતી કરેલી તેથી માનવતાના ધોરણે પોતે મોદીને મદદ કરેલી. પોર્ટુગલમાં માનસિક રોગી ના હોય તેવી મહિલા દર્દીના ઓપરેશન વખતે પતિની સહી જરૂરી નથી ને દર્દીએ પોતે સહી કરવાની હોય છે તેથી સુષ્મા જૂઠું બોલતાં હતાં એ સ્પષ્ટ હતું.

સુષ્મા સ્વરાજે લલિત મોદીને મદદ કરેલી કેમ કે સુષ્માની દીકરી બાંસુરી સ્વરાજ લલિત મોદીનો કેસ લડતાં હતાં. લલિત મોદીએ સુષ્માના ભત્રીજા જ્યોતિર્મયને સસેક્સ યુનિવર્સિટીમાં એડમિશન અપાવવામાં મદદ કરેલી. સુષ્માએ આ ઉપકારનો બદલો મોદીને પોર્ટુગલ જવા ટ્રાવેલ ડોક્યુમેન્ટ અપાવવામાં મદદ કરીને કરી હતી. લલિત મોદીને આ પહેલાં પાસપોર્ટ પાછો મેળવવા માટે વસુંધરા રાજેએ ભલામણ પત્ર પણ લખી આપેલો. ભાજપનાં બે મહિલા નેતાના કારણે લલિત પાંચ કરોડ ડૉલરની ઘાલમેલના આક્ષેપો છતાં સહીસલામત છટકી ગયેલા.

લલિત મોદી હવે પોતાના જાકુબીના ધંધા પર ઢાંકપિછોડો કરવા માટે દાઉદ પર દોષારોપણ કરે છે એ સાંભળીને હસવું આવે છે. દાઉદે મોદીના દીકરાનું અપહરણ કરાવ્યું તેની સામે મોદીએ પોલીસ ફરિયાદ ના કરી એ સમજી શકાય પણ મોદીને ક્રિકેટના કારભારથી અલગ થવાનું કારણ દાઉદ હતો એ વાત કહેતા બી દીવાના ઔર સુનતા બી દીવાના જેવી છે. લલિત મોદી સામે ભ્રષ્ટાચારના આક્ષેપો થયા પછી બીસીસીઆઈએ તપાસ સમિતિ રચી હતી. આ તપાસ સમિતિએ મોદી સામે પ્રાથમિક રીતે ભ્રષ્ટાચારના પુરાવા હોવાનું કહ્યું પછી બોર્ડે જ તેમના પર આજીવન પ્રતિબંધ મૂક્યો છે તેથી દાઉદને કંઈ લેવાદેવા નથી પણ જૂઠા માણસને કઈ રીતે પહોંચાય? ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મ ઋતુ, શુક્રવાર, તા. ૫-૬-૨૦૨૬

- ભારતીય દિનાંક ૧૫, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, અધિક જયેષ્ઠ વદ-૫
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે અધિક જયેષ્ઠ, તિથિ વદ-૫
- પારસી શહેનશાહી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૮મો રશ્ને, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૯મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૦મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
- નક્ષત્ર શ્રવણ
- ચંદ્ર મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૨, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૫, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૧, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૧, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી-ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૫-૦૯, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૫૪ (તા. ૬)
- ઓટઃ સવારે ક. ૦૮-૦૬, રાત્રે ક. ૨૧-૨૭
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, અધિક જયેષ્ઠ કૃષ્ણ - પંચમી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, આંકડાના વૃક્ષનું પૂજન, ચંદ્ર-શુક્ર ગ્રહદેવતાનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, વાહન, સવારી, હજામત માલ લેવો, પ્રયાણ શુભ, પાટ-અભિષેક પૂજા, વૃક્ષ વાવવા, બગીચો બનાવવો, મંદિરોમાં ધજા-કળશ પતાકા ચઢાવવી. ખેતીવાડી, ધાન્ય ભરવું, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- પુરુષોત્તમ માસ મહિમાઃ આત્મા એટલે સર્વ પ્રાપ્ત કરનાર, સર્વ કંઈ ગ્રહણ કરનાર, સર્વ કંઈ ખાનાર, ભોગવનાર. પરંતુ આત્માનું જ્ઞાન, ગતિશીલ, પરમાત્માને પહોંચી શકે તેમ હોવું જોઈએ. પરમાત્મા પ્રત્યે આત્મા ગતિ કરે એ વિદ્યા અધ્યાત્મ વિદ્યા, પરાવિદ્યા કે બ્રહ્મવિદ્યા છે.'અયાચિત વ્રત' આ મહિનામાં માગ્યા વગર જે કંઈ ભોજન મળે તેને પ્રભુનો પ્રસાદ સમજીને ગ્રહણ કરવાનો નિયમ લેવો તે ઉત્તમ તપ છે.
- આચમનઃ ચંદ્ર-મંગળ ચતુષ્કોણ કજિયાખોર, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ સર્વાંગી ઉદય
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ ચતુષ્કોણ, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-વૃષભ, મંગળ-મેષ, માર્ગી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-મિથુન, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# સીમાંકન ખરડો ફરી સંસદમાં: દ્રમુક અને ટીએમસીનો દાણો દાબી જુએ છે ભાજપ

નવી દિલ્હીઃ સંસદના આગામી ચોમાસુ સત્ર દરમિયાન કેન્દ્ર સરકાર ડિલિમિટેશન બિલ (ચૂંટણી મતવિસ્તારોના પુનઃસીમાંકન સંબંધિત વિધેયક) ફરી રજૂ કરે તેવી શક્યતા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર આ મુદ્દે સર્વાનુમતી સાધવા કેન્દ્ર સરકારે પ્રાદેશિક પક્ષો સાથે ચર્ચાવિચારણા આરંભી દીધી છે. આ ખરડો ફરી રજૂ કરવાના પ્રયાસના ભાગરૂપ સરકારે દ્રમુક, ટીએમસી સહિતના પ્રાદેશિક પક્ષોનો સંપર્ક સાધ્યો છે. ટીએમસીના અનેક સાંસદોએ સરકારના આ અભિગમને હકારાત્મક પ્રતિસાદ આપ્યો છે અને આ મુદ્દે ચર્ચા કરવાની તૈયારી દર્શાવી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર અગાઉ આ ખરડાને મામલે ચિંતા વ્યક્ત કરી જડ વલણ અપનાવનાર દ્રમુક પણ સરકારના સુધારિત ખરડાની રાહ જોઈ રહ્યો છે.

આ મુદ્દે સર્વાનુમતી સાધવા પ્રાદેશિક પક્ષનો સંપર્ક સાધવાના સરકારના અભિગમને ખરડો સંસદમાં રજૂ કરતા અગાઉ વ્યાપક રાજકીય ટેકો મેળવી લેવાનું પગલું માનવામાં આવે છે.

મહિલા અનામત અને નવેસરથી સર્વાનુમતી મેળવ્યા વિના જ સીમાંકન ખરડાના ઝડપી અમલની માગણીને લોકસભામાં નકારી કાઢવામાં આવ્યાના એક મહિના કરતા પણ વધુ સમય બાદ સરકારે ઉપરોક્ત નિર્ણય લીધો છે.

અગાઉ મતદાનમાં ભાગ લેનાર ૫૨૮ સભ્યમાંથી ૨૯૮ સભ્યએ ખરડાને ટેકો જાહેર કર્યો હતો તો ૨૩૦ સભ્યએ તેનો વિરોધ કર્યો હતો જેને કારણે સરકાર ખરડાને મંજૂરી અપાવવા જરૂરી બેતૃતીયાંશ બહુમત એટલે કે ૩૫૨ સભ્યનો ટેકો મેળવવામાં નિષ્ફળ રહી હતી. (એજન્સી)

# ઈન્ડિમાંથી દ્રમુકની ઍક્ઝિટ, કારણ કૉંગ્રેસનો વિશ્વાસઘાત

## લોકસભામાં કૉંગ્રેસથી અલગ બેસવાના દ્રમુકનો પ્રસ્તાવ મંજૂર

ચેન્નાઈઃ તમિળનાડુ વિધાનસભાની ચૂંટણીઓ પછી કૉંગ્રેસ પક્ષ દ્વારા વિશ્વાસઘાત તરીકે વર્ણવવામાં આવેલી ચિંતાઓને ટાંકીને દ્રવિડ મુનેત્ર કળગમ (દ્રમુક)એ ગુરુવારે જાહેરાત કરી હતી કે તે આઠમી જૂને નવી દિલ્હીમાં યોજાનારી ઇન્ડિ જૂથની બેઠકમાં ભાગ લેશે નહીં. આ ઉપરાંત લોકસભામાં કૉંગ્રેસથી અલગ બેસવાની દ્રમુકની દરખાસ્તને સ્પીકરે મંજૂરી આપી દીધી છે.

તમિલનાડુ વિધાનસભા ચૂંટણી દરમિયાન કૉંગ્રેસે ટીવીકેને સમર્થન આપ્યા બાદ આ પરિણામ આવ્યું છે, જેના કારણે દ્રમુક તરફથી તીવ્ર પ્રતિક્રિયાઓ આવી છે, જેમાં કૉંગ્રેસ પાર્ટી પર વિશ્વાસઘાત અને પીઠમાં છરાબાજી કરવાનો આરોપ લગાવવામાં આવ્યો છે.

દ્રમુક કાર્યકરોની લાગણીઓને ધ્યાનમાં રાખીને, જેઓ તમિળનાડુ વિધાનસભાની ચૂંટણીઓ પછી કૉંગ્રેસ પક્ષ દ્વારા તમિળનાડુ વિધાનસભાની ચૂંટણીઓ પછી કૉંગ્રેસ પક્ષ દ્વારા દ્રમુકે સાથે કરવામાં આવેલા વિશ્વાસઘાતથી ખૂબ જ દુ:ખી છે, અને તે લાગણીઓના સંદર્ભમાં, દ્રમુક ૮ જૂને નવી દિલ્હીમાં યોજાનારી ઇન્ડિ જોડાણની બેઠકમાં ભાગ લેશે નહીં, કારણ કે ખાસ કરીને તે એક એવી બેઠક છે જેમાં કૉંગ્રેસ પક્ષ ભાગ લેશે.

ડીએમકે આ બેઠકમાં હાજરી આપશે નહીં, તે હંમેશાની જેમ, રાષ્ટ્રના કલ્યાણને અસર કરતા મુદ્દાઓ પર પોતાનો અવાજ ઉઠાવવાનું ચાલુ રાખશે જે બેઠકમાં ભાગ લેનારા અન્ય પક્ષો દ્વારા આગળ લાવવામાં આવી શકે છે, તેવું પાર્ટીએ જણાવ્યું હતું.

આ બેઠક નવી દિલ્હીના કોન્સ્ટિટ્યુશન ક્લબમાં મળશે. આ બેઠકમાં લગભગ ૧૫ વિપક્ષી પક્ષ એકઠા થવાની અપેક્ષા છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, હાજર રહેવાની ધારણા ધરાવતા નેતાઓમાં મમતા બેનરજી, ઉદ્ધવ ઠાકરે, અખિલેશ યાદવ, રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગેનો સમાવેશ થાય છે.

તમિળનાડુના મુખ્ય પ્રધાન સી. જોસેફ વિજયના નેતૃત્વ હેઠળના ટીવીકેને બોર્ડ પર લાવવાના પ્રયાસો રહ્યા છે.

દ્રમુકમાં જોડાવાથી, આમ આદમી પાર્ટી હાજરી આપે તેવી શક્યતા ઓછી છે, અને તે પહેલાથી જ ઇન્ડિ જૂથથી દૂર થઈ ગઈ છે.

# ઈઝરાયલને દુનિયાના નકશામાંથી મીટાવી દેવાનું લક્ષ્ય શક્ય છેઃ ઈરાન

## હિઝબુલ્લાહે યુદ્ધવિરામ કરારને નકાર્યોઃ ઈઝરાયલનો લેબેનોન પર હુમલોઃ ચારનાં મોત

બૈરુતઃ હિઝબુલ્લાહે ઇઝરાયલ અને લેબેનોનની સરકાર વચ્ચે થયેલા યુદ્ધવિરામના કરારને ગુરુવારે નકારી કાઢ્યો હતો અને ઇઝરાયલના લશ્કરને (લેબેનોનમાંથી) સંપૂર્ણ પાછું ખેંચી લેવા માગણી કરી હતી. ઇરાનના લશ્કરના એક ઉચ્ચ અધિકારીએ ઇઝરાયલને દુનિયાના નકશામાંથી મીટાવી દેવાની વાત કરી હતી. દરમિયાન, ઇઝરાયલે લેબેનોન પર કરેલા હુમલામાં ઓછામાં ઓછા ચાર જણ માર્યા ગયા હતા.

ઇરાનના ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ્સ કોર્પ્સના કમાંડર મેજર - જનરલ હુસેની સલામીએ જણાવ્યું હતું કે ઇસ્લામિક ક્રાંતિના બીજા પગલાંમાં ઇઝરાયલનો વિનાશ થવો જરૂરી છે. દુનિયાના નકશામાંથી ઇઝરાયલને મીટાવી દેવું જોઇએ. આ કંઇ માત્ર ઇચ્છા કે સ્વપ્ન નથી, પરંતુ પ્રાપ્ત થઇ શકાય એવું લક્ષ્ય છે.

તેમણે જણાવ્યું હતું કે ઇઝરાયલ પર પૂરી તાકાતથી હુમલા કરીશું, તો તે ટકી નહિ શકે. ઇરાનનું લશ્કર કોઇ પણ દુશ્મન દેશ પર બહુ જ તાકાતથી ચોક્સાઇપૂર્વક હુમલા કરવાની ક્ષમતા ધરાવે છે. હિઝબુલ્લાહના નેતા નઇમ કાસમનું લિખિત નિવેદન ટીવી પર વાંચવામાં આવ્યું હતું. તેમાં જણાવાયું હતું કે હિઝબુલ્લાહના લડવૈયા દક્ષિણ લેબેનોન છોડશે, તો તેનો અર્થ તેનો પરાજય થશે. ઇઝરાયલના લશ્કરે પીછેહઠ કરવી જ પડશે. દુશ્મનોને (ઇઝરાયલને) તેઓનું લક્ષ્ય પ્રાપ્ત કરવા નહિ દેવાય.

ઇઝરાયલે દક્ષિણ લેબેનોનમાં ઘણો વિસ્તાર કબજે કર્યો છે અને આ કારણને લઇને ઇરાન યુદ્ધ રોકવા અને હોર્મુઝ ખાડી સામાન્ય જહાજોની અવરજવર માટે ખોલવા તૈયાર નથી.

અમેરિકાની પ્રતિનિધિસભામાં ઇરાન સાથેનું યુદ્ધ બંધ કરવાની દાદ ચાહતો ખરડો પસાર કરાયો હતો અને તેને સેનેટમાં મતદાન માટે મોકલાયો હતો. તેને લીધે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ પર ઇરાન સાથે યુદ્ધવિરામ કરવા દબાણ વધી રહ્યું છે. (એજન્સી)

# અમેરિકા અને ઈઝરાયલ પર ઈરાનનો નિર્ણાયક ફટકોઃ મોજતબા

તહેરાનઃ ઇરાનના સર્વોચ્ચ નેતા મોજતબા ખામનેઈએ ગુરુવારે દાવો કર્યો હતો કે તહેરાને અમેરિકા અને ઇઝરાયલને નિર્ણાયક ફટકો આપ્યો છે. મોજતબાએ અમેરિકા અને ઇઝરાયલને ''દુષ્ટ દુશ્મન'' ગણાવ્યા હતા અને કહ્યું કે સશસ્ત્ર દળો સાથેના સંઘર્ષમાં તેમને હારનો સામનો કરવો પડ્યો છે. મોજતબાએ તેલ અવીવ અને વોશિંગ્ટન પર ઇરાની જનતા વચ્ચે શંકા, નિરાશા, ભય, અવિશ્વાસ અને વિખવાદના બીજ વાવવાનો આરોપ લગાવ્યો હતો.

પોતાના નિવેદનમાં તેમણે કહ્યું હતું કે દુષ્ટ દુશ્મનને સશસ્ત્ર દળો સામેના યુદ્ધમાં હારનો સામનો કરવો પડ્યો છે. તેમને લશ્કરી લડાઈમાં અને શેરીઓ બંનેમાં નિર્ણાયક ફટકો પડ્યો હોવાથી તે અપમાનનો અનુભવ કરી રહ્યા છે. મોજતબાની આ ટિપ્પણીને સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર શેર કરવામાં આવી હતી. મોજતબા ખામનેઈની આ ટિપ્પણીઓને ઇરાનની ઇસ્લામી ક્રાંતિના સ્થાપત આયાતોલ્લા રુહલ્લાહ ખામનેઈના મૃત્યુની ૩૭મી વરસી પર તેમના મકબરા પર વાંચવામાં આવી હતી.

સર્વોચ્ચ નેતા તરીકેનો કાર્યભાર સંભાળ્યા પછી મોજતબા લોકોની નજરથી દૂર રહ્યા છે. જોકે, તેમની જાહેરમાં ઓછી હાજરી છતાં આયાતોલ્લાહ સંભવિત શાંતિ કરાર માટે અમેરિકા અને ઇરાન વચ્ચેની વાટાઘાટોમાં સક્રિય ભૂમિકા નિભાવી રહ્યા છે.

એક રિપોર્ટ અનુસાર, ઇરાન પોતાના એ વલણ પર યથાવત્ છે કે વર્તમાન પશ્ચિમ એશિયા સંઘર્ષને સમાપ્ત કરવા માટે શાંતિ કરારમાં ઇઝરાયલ અને લેબનોનમાં ઇરાન સમર્થિત હિઝબુલ્લાહ વચ્ચેના સંઘર્ષ પર ઠરાવ સામેલ હોવો જોઈએ. વધુમાં તહેરાને અબજો ડોલરની જપ્ત કરવામાં આવેલી સંપત્તિમાંથી રોકડ મુક્ત કરવાની પણ માગ કરી છે, જે પહેલાથી જ કરારના પ્રથમ તબક્કામાં છે. મધ્યસ્થીઓએ વિવાદાસ્પદ મુદ્દા પર દિવસો વિતાવ્યા છે પરંતુ ફ્રેમવર્ક કરારના ભાગરૂપે ભંડોળ મુક્ત કરવા પર ઇરાનના આગ્રહને કારણે કોઈ પ્રગતિ થઈ નથી.

બીજી બાજુ, વોશિંગ્ટને પરમાણુ મુદ્દા પર અથવા હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવા પર સ્પષ્ટ સંમતિ વિના આ સંદર્ભમાં કોઈપણ પ્રારંભિક નાણાકીય છૂટછાટો આપવાનો ઇનકાર કર્યો છે. હાલમાં બંને પક્ષો તેમના સમકક્ષો દ્વારા વિનિમય કરાયેલા ટેક્સ્ટની સમીક્ષા કરવાની પ્રક્રિયામાં છે. પ્રમુખ ટ્રમ્પે ઝડપી ઉકેલની આશા વ્યક્ત કરી છે, પરંતુ ઇરાન લેબનોનમાં ભંડોળ અને સંપૂર્ણ યુદ્ધવિરામના પ્રશ્નોને મુખ્ય પરિબળો તરીકે રાખે છે જે વાટાઘાટો દ્વારા શાંતિના પ્રશ્નને મજબૂત બનાવે છે.

# પંજાબમાં મોટું આતંકવાદી કાવતરું નિષ્ફળઃ આરડીએક્સ સાથેના વિસ્ફોટક જપ્ત

ચંડીગઢઃ પંજાબમાં મોહાલીના સ્ટેટ સ્પેશિયલ ઓપરેશન્સ સેલ(એસએસઓસી)એ સરહદ પારના આતંકવાદી નેટવર્ક સામેની કાર્યવાહીમાં મોટી સફળતા મેળવતા એક આતંકવાદી કાવતરું નિષ્ફળ બનાવ્યું હતું.

અધિકારીઓના જણાવ્યા અનુસાર તેમને વિદેશમાં બેઠેલા એક આતંકવાદીના બે સાથીઓની ધરપકડ કરી હતી. તેમની પાસેથી આરડીએક્સ આધારિત સંપૂર્ણ રીતે વિકસિત ઇમ્પ્રૂવાઇઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઇસ(આઇઇડી) જપ્ત કરવામાં આવ્યું હતું. ધરપકડ કરાયેલા લોકોમાં અમૃતસરના ગુજ્જરપુરાના રહેવાસી મણિ સિંહ(૩૨) અને અમૃતસરના ગિલવાલી ગેટના રહેવાસી અભિષેક કુમાર(૨૮)નો સમાવેશ થાય છે.

પોલીસ મહાનિર્દેશક ગૌરવ યાદવે જણાવ્યું કે જપ્ત કરાયેલા આઇઇડીનું વજન લગભગ અઢી કિલોગ્રામ હતું. તે સંપૂર્ણ રીતે ઉપયોગ માટે તૈયાર હતું. સમગ્ર આતંકવાદી નેટવર્કનો પર્દાફાશ કરવા માટે વધુ તપાસ ચાલી રહી છે. જેમાં હેન્ડલર્સ, સહયોગીઓ અને તેમના પરસ્પર સંબંધોનો સમાવેશ થાય છે.

ઓપરેશનની વિગતો આપતા પોલીસ મહાનિરીક્ષક(આઇજીપી) કાઉન્ટર ઇન્ટેલિજન્સ આશિષ ચૌધરીએ જણાવ્યું કે ગુપ્ત માહિતીના આધારે પોલીસ ટીમોએ મોહાલીમાં વાયપીએસ ચોકની સામેના એક પાર્ક નજીક બંને શકમંદોને પકડી લીધા હતા. તેઓ વિસ્ફોટક ઉપકરણ સાથે બસ દ્વારા અમૃતસરથી મોહાલી આવ્યા હતા.

# કેસના સમયબદ્ધ નિકાલ માટેની અરજી સર્વોચ્ચ અદાલતે ફગાવી

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે ગુરુવારે કેસોના સમયસર નિકાલ માટે માર્ગદર્શિકા ઘડવા અને અમલમાં મૂકવાની માગ કરતી અરજી પર વિચાર કરવાનો ઇનકાર કર્યો હતો.

અરજીમાં દેશની તમામ અદાલતોને લાગુ પડતી એક સમાન રાષ્ટ્રીય કેસ ફ્લો મેનેજમેન્ટ નીતિની રચના અને અમલની પણ માગ કરવામાં આવી હતી જેમાં કાર્યવાહી માટે તબક્કાવાર સમયરેખા, મુલતવી રાખવાનું નિયમન, યોગ્ય બાબતોમાં સતત અને દૈનિક સુનાવણી અને લાંબા સમયથી પડતર અને જૂના કેસોનો પ્રાથમિકતાપૂર્વક નિકાલ શામેલ હોય.ન્યાયાધીશ વિક્રમ નાથ અને વી. મોહનાની બેન્ચે એક વકીલ દ્વારા દાખલ કરાયેલી અરજી ફગાવી દીધી હતી.

અરજદારે દેશભરની તમામ અદાલતોમાં મુલતવી રાખવાના નિયમન માટે એકસમાન, સંરચિત અને લાગુ કરી શકાય તેવી માર્ગદર્શિકા મૂકવાની પણ માગ કરી હતી.અરજદારે બેન્ચને જણાવ્યું હતું કે અરજી કોર્ટમાં કેસોના અનિયંત્રિત મુલતવી રાખવા અંગે માર્ગદર્શિકા માંગી રહી છે.

## દિલ્હીના અગન ખેલ પછી મોટો સવાલઃ

# ગ્રૉસરી ૧૦ મિનિટમાં પણ, બંબાવાળાને પહોંચતા લાગી ૬૦ મિનિટ

નવી દિલ્હીઃ દિલ્હીમાં હૉટેલમાં લાગેલી આગની ઘટનાએ ઇમર્જન્સી સેવાઓ પર સવાલ ઉભા કર્યા હતા. એક તરફ દેશમાં અનેક ઓનલાઈન ગ્રોસરી ડિલિવરી પ્લેટફોર્મ ફક્ત ૧૦ મિનિટમાં કરિયાણાનો સામાન તમારા ઘર સુધી પહોંચાડી રહ્યા છે ત્યારે ઇમર્જન્સી સેવાઓ આટલી ઝડપથી કેમ પહોંચતી નથી તે એક સવાલ છે. દક્ષિણ દિલ્હીના માલવિય નગરમાં બેડ-એન્ડ-બ્રેકફાસ્ટ ફ્લોરિશ સ્ટેય્ઝમાં ભીષણ આગ લાગવાથી ૧૨ વિદેશીઓ સહિત ૨૧ લોકોના મોત થયા બાદ આ વિડંબના સ્પષ્ટપણે પ્રકાશમાં આવી છે. એક પ્રત્યક્ષદર્શીના જણાવ્યા અનુસાર, સવારે ૮ વાગ્યે આગ લાગ્યાના લગભગ ૫૦-૬૦ મિનિટ પછી ફાયર ફાઈટર્સ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ઘટનાથી નજીકનું ફાયર સ્ટેશન માત્ર ત્રણ મિનિટ દૂર હોવા છતાં આટલો બધો સમય લાગ્યો હતો. ફાયર ફાઈટર્સ આવ્યા ત્યાં સુધીમાં આગ ઝડપથી ફેલાઈ ગઈ હતી, જેમાં ઘણા લોકો અંદર ફસાઈ ગયા હતા.

જો ફાયર ફાઈટર્સ ૧૦ મિનિટની ડિલિવરી જેટલી ઝડપથી ઘટનાસ્થળે પહોંચી ગયા હોત તો શું કેટલાક લોકોના જીવ બચાવી શકાયા હોત? કદાચ હા. જે હોટલના માલિકની ધરપકડ કરવામાં આવી છે, તે કથિત રીતે તેને મળેલી મંજૂરીની ક્ષમતા કરતાં લગભગ ચાર ગણી વધારે ક્ષમતા સાથે હોટલ ચલાવી રહ્યો હતો. તેની પાસે ફાયર સેફ્ટી ક્લિયરન્સ નહોતું. દિલ્હીમાં પ્રવાસન વિભાગ આવી સુવિધાઓની મંજૂરી આપવા માટે જવાબદાર છે. આમ, સરકારી દેખરેખ પણ એક પરિબળ હતું.

# 'બે દાયકા જૂના ફોજદારી કેસની તપાસ છ અઠવાડિયાંમાં પૂરી કરો'

## ગુજરાત પોલીસને સર્વોચ્ચ અદાલતનો હુકમ

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે ગુજરાત પોલીસને મહેસૂલી રેકોર્ડ્સમાં ખોટા દસ્તાવેજો તૈયાર કરીને છેતરપિંડી કરવાના બે દાયકા જૂના ફોજદારી કેસની તપાસ છ અઠવાડિયાંમાં પૂરી કરવાનો ગુરુવારે આદેશ આપ્યો હતો. સર્વોચ્ચ અદાલતે નીચલી અદાલતોને આવા લાંબા સમયથી ચાલતા કેસમાં મૂક પ્રેક્ષક બની નહિ રહેવા અને તાત્કાલિક પગલાં લેવાનો આદેશ આપવા સૂચના આપી હતી.

ન્યાયાધીશ સંજય કરોલ અને ન્યાયાધીશ ઑગસ્ટાઇન જ્યોર્જ માસિહની બૅન્ચે જણાવ્યું હતું કે આ કિસ્સામાં ફોજદારી ફરિયાદની તપાસમાં બહુ જ વિલંબ કરાયો છે. બંધારણની કલમ ૨૧ હેઠળ નાગરિકોને મળેલા મૂળભૂત અધિકારોનો ભંગ થવો ન જોઇએ. આ કિસ્સામાં એક માણસે ભીલોડાના જૂડિશલ મેજિસ્ટ્રેટની સમક્ષ ચાર વ્યક્તિની સામે ભારતીય દંડસંહિતાની કલમ ૧૨૦બી (ગુનાઇત ષડ્યંત્ર), ૪૦૬ (વિશ્વાસ ભંગ), ૪૨૦ (છેતરપિંડી) અને ૪૬૩ (બનાવટ) હેઠળ આરોપ મૂકીને કેસ કર્યો હતો.

ફરિયાદીએ જણાવ્યું હતું કે મેં ૧૯૭૫માં જાતે જ એક મિલકત ખરીદી હતી. બાદમાં, ૨૦૦૨ની પાંચ ફેબ્રુઆરીથી ૨૧ માર્ચ સુધી હજ પર ગયો હતો ત્યારે આરોપીઓએ મારી બનાવટી સહી કરીને ખોટા દસ્તાવેજો તૈયાર કરાવ્યા હતા અને પ્રોપર્ટી પોતાને વેચી હોવાનું બતાવી હતી. આ બનાવટી દસ્તાવેજોને આધારે મહેસૂલ રેકોર્ડ્સમાં આ આરોપીઓનાં નામ માલિક તરીકે ઉમેરાયાં હતાં. (એજન્સી)

# યુકેનાં સાંસદે 'ગ્રોક બિકિની' ઈમેજ માટે ઈલોન મસ્કની કંપની સામે કેસ કર્યો

લંડનઃ બ્રિટિશ સાંસદ જેસ એસ્ટોએ ગુરુવારે જણાવ્યું હતું કે 'ગ્રોક ચેટબોટ'નો દુરુપયોગ કરીને મારી પરવાનગી વિના મારા બિકિનીમાંના ફોટા જાહેર કરાયા હોવાથી હું ઇલોન મસ્કની કંપની 'એક્સએઆઇ' પર કેસ કરી રહી છું.

સોશ્યલ મીડિયા 'એક્સ'ના એઆઇ ચેટબોટ ગ્રોકમાં કોઇ મહિલા કે છોકરીની પરવાનગી વિના તેને બિકિનીમાં કે નગ્ન બતાવવાની સુવિધા છે અને તેથી તેને 'ગ્રોક બિકિની' કહેવાય છે. બ્રિટનના મજૂર પક્ષનાં સાંસદ જેસ એસ્ટોએ જણાવ્યું હતું કે કોઇએ મારી પરવાનગી વિના ગ્રોકની મદદથી મને બિકિનીમાં દર્શાવતા મારા ફોટા જાન્યુઆરીમાં જાહેર કર્યા હતા. મેં ડીપફેક પોર્નોગ્રાફી ઓનલાઇનની જોરદાર ટીકા કરી હોવાથી મને બિકિનીમાં દર્શાવતા ફોટા જાહેર કરાયા હતા. તેમણે બુધવારે લંડનની હાઇ કોર્ટમાં કેસ કર્યો હતો અને ડેટા પ્રોટેક્શન ઍક્ટ હેઠળ ખાનગી માહિતીનો દુરુપયોગ કરવાનો આક્ષેપ કર્યો હતો.તેમણે જણાવ્યું હતું કે કોઇ રસ્તા પર મારી પાસે આવીને મારા કપડાં કાઢીને મને બિકિનીમાં બતાવી ન શકે, તો પછી ઓનલાઇન આવું કેમ થવા દેવાય છે. મારી પરવાનગી લીધા વિના કોઇ ડિજિટલ સુવિધા દ્વારા મારા કપડાં કાઢીને મને દર્શાવી ન શકે.

# વડા પ્રધાન આજે ગુજરાતમાં: ₹૪,૦૦૦ કરોડથી વધુના પાવર ડિસ્ટ્રિબ્યુશન એન્ડ ટ્રાન્સમિશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડા પ્રધાન નરેન્દ્ર મોદી આજે પાંચમી જૂન, ૨૦૨૬ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસ પર ગુજરાતમાં સુરતની મુલાકાત લેશે. આ મુલાકાત દરમિયાન, તેઓ સુરત ખાતેથી ગુજરાત સરકારના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના અને પાવરગ્રિડ કોર્પોરેશન ઑફ ઇન્ડિયા લિમિટેડના ₹૪૯૫૦.૩૯ કરોડના ખર્ચના ચાર વિકાસકાર્યોનું લોકાર્પણ કરશે.

વડા પ્રધાન ગુજરાતમાં ટ્રાન્સમિશન નેટવર્ક એક્સપાન્શન પ્રોજેક્ટનું લોકાર્પણ કરશે, જેના થકી ગુજરાતથી મહારાષ્ટ્ર સુધી ઉચ્ચ-ક્ષમતાવાળો વીજ પ્રવાહ પહોંચાડવો શક્ય બનશે. પાવરગ્રિડ કોર્પોરેશન ઑફ ઇન્ડિયા લિ. દ્વારા સુરત અને નવસારી જિલ્લામાં ₹૪,૫૪૬ કરોડના ખર્ચે અમલી કરવામાં આવેલ આ પ્રોજેક્ટ, રાજ્યના ટ્રાન્સમિશન નેટવર્કને મજબૂત બનાવશે.

વડા પ્રધાનના હસ્તે જે મુખ્ય પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરવામાં આવશે, તેમાં વલસાડ જિલ્લામાં વીજખાધ ઘટાડવાના ઉદ્દેશથી ડિસ્ટ્રિબ્યુશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટના કામો સામેલ છે. તે ડિઝાઇન, સપ્લાય, ઇન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ માટેનો એક ફુલ ટર્નકી કોન્ટ્રાક્ટ છે, જે ₹૩૨૪.૧૯ કરોડના ખર્ચે બનાવવામાં આવ્યો છે.

આ સાથે વડા પ્રધાન સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકામાં ₹૪૮.૨૦ કરોડના ખર્ચે નિર્મિત ૬૬ કેવી વણકલાઓખા સબસ્ટેશનનું લોકાર્પણ કરશે. આ સબસ્ટેશનથી આસપાસના વિસ્તારના અંદાજે ૨૩,૩૫૭ વીજ ગ્રાહકોને લાભ મળશે. વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં ₹૩૨ કરોડના ખર્ચે ૬૬ કેવી ધામણી સબસ્ટેશનનું પણ લોકાર્પણ કરવામાં આવશે. આ સબસ્ટેશનથી ૮ કિલોમીટરના વિસ્તાર હેઠળ આવેલા ૧૩ ગામોના ૫,૦૬૪ જેટલા વીજ ગ્રાહકોને લાભ મળશે. આ પ્રોજેક્ટ્સથી દક્ષિણ ગુજરાતનું વીજ માળખું વધુ મજબૂત બનશે તેમજ વિસ્તારમાં વધુ ગુણવત્તાસભર વીજપુરવઠો સુનિશ્ચિત થશે, તેવી માહિતી રાજ્ય સરકારે આપી હતી. ■

# ગુજરાત રાજ્યસભા ચૂંટણી માટે ભાજપે ચાર ઉમેદવારના નામ પર મહોર મારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાંથી રાજ્યસભાની ચાર બેઠકો ખાલી થઈ રહી છે, જેના માટે આગામી ૧૮ જૂનના રોજ મતદાન થવાનું છે. ત્યારે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) દ્વારા રાજ્યસભાની દ્વિવાર્ષિક ચૂંટણી માટે પોતાના ઉમેદવારોના નામની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. ભાજપે ગુજરાત રાજ્યમાંથી ઉપલા ગૃહ (રાજ્યસભા)ની ચૂંટણીના મેદાનમાં ઉતારવા માટે પોતાના ચાર નેતાઓની પસંદગી કરી લીધી છે.

ભાજપની સેન્ટ્રલ ઇલેક્શન કમિટી દ્વારા બહાર પાડવામાં આવેલી પ્રેસ રિલીઝ અનુસાર, પાર્ટીએ ગુજરાતમાંથી ઉમેદવાર તરીકે રાજુભાઈ શુક્લા, મુકેશભાઈ રાઠવા, માનસિંહ પરમાર અને જીતેન્દ્ર મેઘજીભાઈ કણઝરિયાના નામની જાહેરાત કરી છે. વિવિધ રાજ્યોમાં યોજાનારી રાજ્યસભાની ચૂંટણીની યાદીના ભાગરૂપે પાર્ટીના કેન્દ્રીય નેતૃત્વ દ્વારા ગુજરાતના આ ચારેય નેતાઓના નામ પર અંતિમ મહોર મારવામાં આવી છે. ભાજપે જે ચાર ઉમેદવારોના નામની જાહેરાત કરી છે, તેમાંથી બે સૌરાષ્ટ્રથી, એક ઉત્તર ગુજરાત અને એક મધ્ય ગુજરાતથી છે. માનસિંહ પરમાર ભારતીય જનતા પાર્ટીના અગ્રણી નેતા છે અને પ્રદેશ ભાજપ પક્ષીપંચ મોરચાના અધ્યક્ષ છે. આ સાથે તેઓ પૂર્વ ધારાસભ્ય ગોવિંદ પરમારના ભત્રીજા તેમજ કારડીયા રાજપૂત સમાજના આગેવાન છે. અન્ય ઉમેદવાર રાજુ શુક્લ મૂળ મહેસાણાના વતની છે. તે કલોલ ભાજપના કાર્યકર અને અરવલ્લી જિલ્લાના પ્રભારી છે. જીતેન્દ્ર કણઝારિયા દેવભૂમિ દ્વારકાના ભાજપના સક્રિય નેતા છે અને પૂર્વ ધારાસભ્ય મેઘજી કણઝારિયાના પુત્ર છે. તે ઉપરાંત મુકેશ રાઠવા એ આદિવાસી સમાજના આગેવાન, છોટાઉદેપુર ભાજપના મહામંત્રી તેમજ પ્રદેશ યુવા મોરચાના પૂર્વ પદાધિકારી છે. ■

# ગુજરાતના ઈતિહાસમાં પહેલીવાર રાજ્યસભામાં કૉંગ્રેસનો એકપણ સાંસદ નહીં હોય!

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાંથી રાજ્યસભાની ૪ બેઠકો ખાલી થઈ રહી છે, જેના માટે આગામી ૧૮ જૂનના રોજ મતદાન થવાનું છે. આગામી ૮મી જૂનના રોજ ઉમેદવારી નોંધાવવાની અંતિમ તારીખ છે અને ગુજરાતમાંથી ચાર ઉમેદવારના નામ જાહેર થઈ ચૂક્યા છે. ભાજપ પાસે જીત માટે જરૂરી સંખ્યાબળ કરતાં વધુ ધારાસભ્યો હોવાથી તેમની ચારેય બેઠકો પર જીત નિશ્ચિત માનવામાં આવે છે, જેના કારણે વિપક્ષી દળો કૉંગ્રેસ કે આમ આદમી પાર્ટી પોતાના ઉમેદવારો ઉભા રાખે તેવી શક્યતા નહીવત છે.

ગુજરાત વિધાનસભામાં કુલ ૧૮૨ બેઠકો છે, જેમાંથી એક બેઠક ખાલી હોવાથી હાલ ૧૮૧ સભ્યો છે. સંખ્યાબળની દૃષ્ટિએ જોઈએ તો, ભાજપ પાસે ૧૬૧, કૉંગ્રેસ પાસે ૧૨, આમ આદમી પાર્ટી પાસે ૪ અને બે અપક્ષ ધારાસભ્ય છે. કૉંગ્રેસ પાસે ઉમેદવારી કરવા પૂરતું સંખ્યાબળ ન હોવાથી ભાજપના ઉમેદવારોની બિનહરીફ જીત નિશ્ચિત છે. આ ચૂંટણી સાથે જ ગુજરાત રાજ્યની સ્થાપના બાદ પ્રથમ વખત એવું બનશે કે રાજ્યસભામાં ગુજરાતમાંથી કૉંગ્રેસનો એક પણ સભ્ય નહીં હોય, લોકસભામાં માત્ર બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોર કૉંગ્રેસનું પ્રતિનિધિત્વ કરે છે. હાલમાં કોંગ્રેસના એકમાત્ર રાજ્યસભા સાંસદ શક્તિસિંહ ગોહિલનો કાર્યકાળ પૂર્ણ થઈ ગયો છે, જ્યારે ભાજપના નરહરિ અમીન, રામભાઈ મોકરિયા અને રમીલાબેન બારાનો કાર્યકાળ પણ પૂરો થઈ રહ્યો છે. ■

# ઑપરેશન ડેલ્ટા હન્ટ: ગુજરાતમાં ગેરકાયદે રહેતા ૫૦૧ બાંગ્લાદેશીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગેરકાયદે ઇમિગ્રેશન સામે રાજ્યવ્યાપી કાર્યવાહીમાં ગુજરાત પોલીસે ચાર જૂનના રોજ રાજ્યભરમાં શરૂ કરાયેલા 'ઓપરેશન ડેલ્ટા હન્ટ' નામના ખાસ અભિયાન હેઠળ ૨૪ કલાકની અંદર ૫૦૧ ગેરકાયદેસર બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

રાજ્યમાં ગેરકાયદે રહેતા વિદેશી નાગરિકોને ઓળખવા અને તેમની અટકાયત કરવા માટે ગુજરાતના અનેક જિલ્લાઓ અને શહેરોમાં એક સાથે આ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ અભિયાન ઘૂસણખોરીને રોકવા અને ગેરકાયદે પ્રવેશ અને રહેઠાણને સરળતાથી શક્ય બનાવતા નેટવર્કને તોડી પાડવા માટે પોલીસ દ્વારા સઘન પ્રયાસોનો એક ભાગ છે.

આ કાર્યવાહીના ભાગ રૂપે, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે, સંયુક્ત પોલીસ કમિશનર (ક્રાઈમ) શરદ સિંઘલના નેતૃત્વમાં, ચંડોળા તળાવ, નારોલ અને વટવા સહિતના વિસ્તારોમાંથી ૧૬૬ બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરી હતી. ચકાસણી દરમિયાન, અટકાયત કરાયેલા ઘણા વ્યક્તિઓ પાસેથી તેમની રાષ્ટ્રીયતા છુપાવવા અને ગેરકાયદે રહેઠાણ સાબિત કરવા માટે કથિત રીતે મેળવેલા બનાવટી ભારતીય ઓળખ દસ્તાવેજો મળી આવ્યા હતા, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. ■

# પીએમ મોદીના સુરતના કાર્યક્રમ માટે સો ટકા ઈકો-ફ્રેન્ડલી અને પ્લાસ્ટિક-મુક્ત સજાવટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરક ઉપસ્થિતિમાં આજે વિશ્વ પર્યાવરણ દિવસે સુરત ખાતે યોજાનાર કાર્યક્રમ ૧૦૦% સસ્ટેનેબલ અને ઇકો-ફ્રેન્ડલી બની રહે, એવા પ્રયાસો તંત્ર દ્વારા કરવામાં આવ્યા છે. કાર્યક્રમ સ્થળ પર પ્લાસ્ટિક અને થર્મોકોલનો સંપૂર્ણ નિષેધ કરવામાં આવ્યો છે, જે વડા પ્રધાનના મિશન લાઈફના વિઝનને સાર્થક કરે છે.

સામાન્ય ઇવેન્ટ મેનેજમેન્ટથી એક ડગલું આગળ વધીને, આ સમગ્ર આયોજનને પર્યાવરણ જાગૃતિના એક વિશાળ કેનવાસમાં પરિવર્તિત કરવામાં આવ્યું છે.

આ અંગે રાજ્ય સરકારે આપેલી માહિતી અનુસાર 'ભારતના સૌથી સ્વચ્છ શહેર' તરીકેની સુરતની સફરને ઉજાગર કરતા કાર્યક્રમ સ્થળ પર આદિવાસી કારીગરો દ્વારા વાંસમાંથી બનાવેલા આકર્ષક ઇન્સ્ટોલેશન, કચરામાંથી બનાવેલા શિલ્પો અને ઇકો-ફ્રેન્ડલી રંગોળીઓ રજૂ કરવામાં આવશે.

ઇન્ડોર સ્ટેડિયમ ખાતે મુખ્ય મંચનું બેકડ્રોપ (સ્ટેજની પાછળનો ભાગ) સુરતની ફાઈન આર્ટ્સ કોલેજના અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને સ્થાનિક કલાકારો દ્વારા માત્ર રિસાઈકલ કરેલા કાપડમાંથી તૈયાર કરવામાં આવ્યું છે.

ફ્લેક્સ બેનરો અને કૃત્રિમ સજાવટના બદલે, મુલાકાતીઓનું સ્વાગત હાથેથી રંગાયેલા હોર્ડિંગ્સ અને બિનજરૂરી વસ્તુઓમાંથી તૈયાર કરાયેલા શિલ્પો દ્વારા થશે.

લોક ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે, નાગરિકો દ્વારા પર્યાવરણ અને સસ્ટેનેબિલિટી વિષય પર બનાવેલી ૫,૦૦૦થી વધુ કલાકૃતિઓને કાર્યક્રમની સજાવટમાં સામેલ કરવામાં આવી છે.

આ સમગ્ર આયોજન નાગરિકો, શૈક્ષણિક સંસ્થાઓ અને સર્જનાત્મક વ્યાવસાયિકોનો સહિયારો પ્રયાસ છે, જે સાબિત કરે છે કે મોટા પાયે જાહેર કાર્યક્રમો સ્થાનિક કળા અને સંસ્કૃતિની ઉજવણી સાથે શૂન્ય કાર્બન ફૂટપ્રિન્ટ સાથે પણ યોજી શકાય છે.

આ કાર્યક્રમની ડિઝાઇન સૌર ઊર્જા, જળ સંરક્ષણ, ગ્રીન મોબિલિટી અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ જેવા મહત્ત્વપૂર્ણ વૈશ્વિક લક્ષ્યો પર આધારિત છે, તેમ રાજ્ય સરકારે અખબારી યાદીમાં જણાવ્યું હતું. ■









**પહેલા પર્યાવરણ:** આજે વિશ્વ પર્યાવરણ દિવસ છે. સુરત ખાતે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં યોજાનાર કાર્યક્રમ ૧૦૦% સસ્ટેનેબલ અને ઈકો-ફ્રેન્ડલી બની રહે એવા પ્રયાસો તંત્ર દ્વારા કરવામાં આવ્યા છે. કાર્યક્રમ સ્થળ પર પ્લાસ્ટિક અને થર્મોકોલનો સંપૂર્ણ નિષેધ કરવામાં આવ્યો છે, જે વડા પ્રધાનના 'મિશન લાઈફ'ના વિઝનને સાર્થક કરે છે.

# સરકારનો નિર્ણય, વિકાસ કાર્યો માટે સંપાદન યોગ્ય જમીનને એક વર્ષ માટે બિનખેતી નહીં કરી શકાય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વિકાસ કામો માટે સંપાદિત કરવામાં આવતી જમીન જો બિનખેતી લાયક હોય તો તેનું વળતર વિકાસ કાર્યો કરતી એજન્સીએ બજારભાવ કરતા પણ વધારે ચૂકવવાનું રહે છે. આથી જે તે પ્રોજેક્ટનો ખર્ચ વધી જાય છે. આ સ્થિતિને ટાળવા માટે ગુજરાત સરકારના મહેસૂલ વિભાગે એક નવો પરિપત્ર બહાર પાડ્યો છે. આ પરિપત્રમાં જે તે વિસ્તારોમાં કોઈપણ વિકાસકાર્ય હાથ ધરવામાં આવતું હોય ત્યાં એક વર્ષ માટે જમીનને બિનખેતી કરી શકાશે નહીં. જોકે આ પરિપત્ર માત્ર વિકાસના કામ એટલે કે ડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સ હાથ ધરવા માટે સંપાદિત કરવામાં આવતી જમીનને જ લાગુ પડે છે.

જમીન મહેસૂલ કાયદાની કલમ- ૬૫ હેઠળ બિનખેતી કરવામા આવતી જમીન મામલે અમુક સુધારા કરવામાં આવ્યા છે. આ સુધારા અનુસાર

કોઈપણ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવે ત્યારે તેનો ડિટેઈલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર થાય છે. આ રિપોર્ટમાં જ જે ગામ-વિસ્તારનો સમાવેશ થાય તેમ હોય તેની યાદી કલેક્ટર કચેરીમાં સોંપવામાં આવશે અને ત્યારબાદ તે ગામની તમામ જમીનને ૬૦ દિવસ માટે બિનખેતી કરી શકાશે નહીં. ત્યારબાદ જે જમીન પ્રોજેક્ટ માટે સંપાદિત કરવાની જરૂરી છે તેને બાદ કરતા અન્ય જમીન બિનખેતી માટે ખુલ્લી મૂકી દેવામાં આવશે. એકવાર પ્રોજેક્ટ ફાઈનલ થાય અને તેમાં જરૂરી સંપાદિત જમીનના સર્વે નંબરની અંતિમ યાદી તૈયાર થાય ત્યારબાદ તે જમીનને એક વર્ષ માટે બિનખેતી કરી શકાશે નહીં, તેવી માહિતી મહેસૂલ ખાતાના પરિપત્ર અને સૂત્રો દ્વારા મળી હતી. ■

# સરકારી નોકરીના નામે કૌભાંડ આચરનાર સાત ચોપડી પાસ નકલી અધિકારી પંચમહાલથી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પંચમહાલ જિલ્લાની હાલોલ ગ્રામ્ય પોલીસે માત્ર ધોરણ ૭ સુધી ભણેલા અને ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એફસીઆઈ) ના ઉચ્ચ અધિકારી તરીકેની ખોટી ઓળખ આપીને સમગ્ર રાજ્યમાં સરકારી નોકરીના નામે લાખો રૂપિયાનું કૌભાંડ આચરનાર મુખ્ય આરોપી ભરત પરમારની ધરપકડ કરી હતી. આરોપી પોતાને એફસીઆઈનો ડાયરેક્ટર ગણાવીને બેરોજગાર યુવાનો અને તેમના પરિવારોને ઓએનજીસી સહિતની પ્રતિષ્ઠિત સરકારી સંસ્થાઓમાં નોકરી અપાવવાની લાલચ આપતો હતો.

આ કૌભાંડમાં શંકા ન જાય તે માટે ઉમેદવારોને નકલી ઈન્ટરવ્યૂ લેટર, બનાવટી નિમણૂક પત્રો અને સરકારી સંસ્થાઓના નામના નકલી પત્રો પણ આપતો હતો. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું કે, તેણે ગુજરાતભરમાં એજન્ટોનું એક નેટવર્ક ઊભું કર્યું હતું જે નોકરી વાંચ્છુક યુવાનોને શોધીને તેની જાળમાં ફસાવતા હતા.

મળતી વિગતો અનુસાર, આ કૌભાંડનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે રેલવેના નિવૃત્ત કર્મચારી મનુભાઈ પટેલે હાલોલ પોલીસમાં આ અંગે ફરિયાદ નોંધાવી હતી. હાલોલના ડીવાયએસપીએ જણાવ્યું કે, વર્ષ ૨૦૨૦માં મનુભાઈ પટેલ આરોપી ભરત પરમારના સંપર્કમાં આવ્યા હતા, જ્યાં આરોપીએ પોતાના ઊંચા સંપર્કો હોવાનો દાવો કરીને મનુભાઈના પુત્રને ઓએનજીસીમાં નોકરી અપાવવાના બહાને અંદાજે રૂ. ૭,૭૮,૯૫૦ પડાવી લીધા હતા. ત્યારબાદ આરોપીએ એક નકલી કોલ લેટર આપ્યો હતો, પરંતુ લાંબો સમય સુધી કોઈ પ્રક્રિયા ન થતાં મનુભાઈએ પૈસા પાછા માગ્યા હતા. આરોપીએ રૂ. ૩ લાખ પરત કર્યા પણ બાકીના પૈસા ન આપતા મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. તપાસ દરમિયાન બહાર આવ્યું હતું કે આરોપીએ અન્ય અનેક લોકો સાથે પણ આ જ રીતે અત્યાર સુધીમાં અંદાજે રૂ.૬૮ લાખની છેતરપિંડી આચરી છે.

ચોક્કસ બાતમીના આધારે પોલીસે હાલોલ-ગોધરા બાયપાસ રોડ પર આવેલી એક ગેસ્ટ હોટેલમાંથી છટકું ગોઠવીને ભરત પરમારને ઝડપી લીધો હતો. ધરપકડ બાદ પોલીસે તેની પાસેથી વિવિધ બેંકોની ૧૫થી વધુ પાસબુક, ૮ મોબાઈલ ફોન, એફસીઆઈના નકલી લેટરહેડ, બનાવટી નિમણૂક પત્રો અને કૌભાંડમાં વપરાયેલા અનેક દસ્તાવેજો રિકવર કર્યા હતા. હાલમાં કોર્ટે આરોપીના રિમાન્ડ મંજૂર કર્યા છે અને પોલીસ તેના ડ્રાઈવર તેમજ નજીકના સાથીદારોની ભૂમિકાની તપાસ કરી રહી છે. પોલીસને આશંકા છે કે આ રેકેટમાં કેટલાક વગદાર વચેટિયાઓ કે રાજકીય કનેક્શન ધરાવતા લોકો પણ સામેલ હોઈ શકે છે, જેથી રાજ્યના અન્ય પોલીસ સ્ટેશનોને પણ આ અંગે જાણ કરવામાં આવી છે અને આગામી સમયમાં છેતરપિંડીનો આ આંકડો ઘણો મોટો થવાની સંભાવના છે. ■

# વાપીમાં ₹ ૧૦૦ કરોડના તળાવ વિવાદમાં આર્બિટ્રેશન પ્રક્રિયા પર હાઈ કોર્ટનો સ્ટે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત હાઈ કોર્ટે વાપી મ્યુનિસિપલ કોર્પોરેશનને મોટી રાહત આપતા, તળાવ વિકાસ લીઝ કરારથી ઉદ્ભવેલા વિવાદમાં ચાલી રહેલી આર્બિટ્રેશનની કાર્યવાહી પર વચગાળાની રોક લગાવી દીધી હતી. કોર્ટે વાપી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દાખલ કરાયેલી અરજીઓ પર સુનાવણી કરતા આ આદેશ આપ્યો હતો. આ વિવાદ લાખમદેવ, ડુંગરા અને ચલા તળાવોના લીઝ કરારો સાથે સંબંધિત છે, જેમાં આશરે રૂ. ૧૦૦ કરોડના દાવા સાથે આર્બિટ્રેશન પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી.

કોર્ટમાં સુનાવણી દરમિયાન વાપી મનપા તરફથી દલીલ કરવામાં આવી હતી કે, સામીવાળી કંપની દ્વારા તેમની સંમતિ વિના એકપક્ષીય રીતે આર્બિટ્રેટરની નિમણૂક કરવામાં આવી હતી, જે કાયદાકીય રીતે ટકી શકે તેમ નથી. વધુમાં, કોર્પોરેશને હાઈ કોર્ટના અગાઉના એક ચુકાદાનો હવાલો આપીને જણાવ્યું હતું કે, જાહેર સંસ્થાઓને સાંકળતા આવા વિવાદોનો નિકાલ ખાનગી આર્બિટ્રેશનના બદલે પબ્લિક વર્ક્સ ટ્રિબ્યુનલ દ્વારા થવો જોઈએ. વાપી મનપાએ એવી આશંકા પણ વ્યક્ત કરી હતી કે જો આ કાર્યવાહી ચાલુ રહેશે તો કોર્ટમાં પેન્ડિંગ અન્ય કેસો વચ્ચે પરસ્પર વિરોધાભાસી પરિણામો આવી શકે છે.

બીજી તરફ, આર્બિટ્રેટરે ૨ જૂનના રોજ સુનાવણી નક્કી કરી હતી અને ચેતવણી આપી હતી કે જો વાપી મનપા જવાબ દાખલ નહીં કરે, તો તેનો બચાવ કરવાનો અધિકાર બંધ થઈ શકે છે, જેનાથી એકપક્ષીય ચુકાદો આવવાનું જોખમ હતું. હાઈ કોર્ટે આ તમામ દલીલોને ધ્યાને લઈને આર્બિટ્રેટરને આગામી સુનાવણી સુધી આ કેસમાં આગળ ન વધવા અને કોઈ આદેશ પસાર ન કરવા નિર્દેશ આપ્યો હતો. કોર્ટે આ મામલે સામેવાળી પાર્ટીને નોટિસ ફટકારીને ઉનાળુ વેકેશન બાદ આગામી સુનાવણી ૧૮ જૂનના રોજ નિયત કરી છે. ■

# આપઘાતની બે અલગ ઘટનામાં કેનાલમાં કૂદી પાંચ જણે જીવ આપ્યો

## ▶ આણંદમાં દંપતી તો કલોલમાં માતા-પુત્રીએ દોહિત્રી સાથે જીવ દીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં બે અલગ અલગ ઘટનામાં કુલ પાંચ જણે કેનાલમાં કૂદી જીવ દઈ દીધો હોવાની દુઃખદાયક ઘટના ઘટી હતી. આણંદમાં દંપતીએ તો કલોલમાં માતા-પુત્રીએ બે વર્ષની દોહિત્રી સાથે કેનાલમાં ઝંપલાવ્યું હતું.

આણંદ જિલ્લાના ઉમરેઠના કાલસર ગામ નજીકથી પસાર થતી મહી કેનાલમાંથી એક દંપતીના મૃતદેહ મળી આવ્યા હતા. તેમની ઓળખ કાલસર ગામના શૈલેષકુમાર અને ગીતાબહેન તરીકે થઈ હતી. ઘટનાની જાણ થતા જ તંત્રના કર્મચારીઓ અને સ્થાનિકોએ પાણીમાં શોધખોળ કરી હતી. બન્નેના મૃતદેહ મેળવી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી. જોકે દંપતીએ આવું પગલું શા માટે ભર્યું તે અંગે કોઈ માહિતી મળી ન હતી. જ્યારે અન્ય એક ઘટનામાં કલોલના પિયજ ગામ પાસેથી પસાર થતી કેનાલમાં નેહા પ્રજાપતિએ બે વર્ષની દીકરી પહેલ અને માતા સંગીતાબેન સાથે ઝંપલાવ્યું હતું. જોકે નેહાએ આ આત્યંતિક પગલા માટે ભાભીને જવાબદાર ઠેરવતો મેસેજ સોશ્યલ મીડિયામાં પોસ્ટ કર્યો હતો. જેમાં ભાભીનાં કથિત ત્રાસને લીધે આ પગલું ભર્યાનું અને અન્ય કોઈ જવાબદાર ન હોવાનું જણાવ્યું હતું. પોલીસે કાયદેસરનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ■

# કચ્છનું રહસ્યમય 'લુના ક્રેટર' ઉલ્કાપાતથી નહીં, પરંતુ હડપ્પન સંસ્કૃતિનું મોટું ઔદ્યોગિક કેન્દ્ર હોવાનો પીઆરએલનો દાવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ભૌગોલિક અને ઐતિહાસિક વિશેષતાઓથી સમૃદ્ધ રણપ્રદેશ કચ્છ પ્રદેશના પ્રસિદ્ધ યાત્રાધામ હાજીપીર નજીક આવેલા લુણા ગામનું રહસ્યમય 'લુના ક્રેટર' એટલે કે ઉલ્કા તળાવ અત્યાર સુધી ઉલ્કાપાતને કારણે સર્જાયેલું હોવાનું માનવામાં આવતું હતું, પરંતુ તાજેતરના એક વૈજ્ઞાનિક સંશોધને આ વર્ષો જૂના દાવાને સંપૂર્ણપણે પડકાર્યો છે. અમદાવાદસ્થિત ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી અને અન્ય અગ્રણી વૈજ્ઞાનિક સંસ્થાઓના સંશોધન અનુસાર, આશરે ૧.૮ કિલોમીટરના વ્યાસમાં ફેલાયેલો આ વિશાળ ખાડો કોઈ અવકાશી ઘટનાનું પરિણામ નથી, પરંતુ હડપ્પીયન કાળની સિંધુ ખીણની સભ્યતા દરમિયાન મોટા પાયે તાંબુ (કોપર) ઓગાળવાની પ્રક્રિયાને કારણે અસ્તિત્વમાં આવેલું એક મોટું ઔદ્યોગિક કેન્દ્ર હોવાના ચોંકાવનારા સંકેતો મળ્યા છે.

ઉલ્લેખનીય છે કે, એપ્રિલ ૨૦૨૪માં અમેરિકી અંતરિક્ષ સંસ્થા 'નાસા' દ્વારા લેન્ડસેટ-૮ સેટેલાઇટની તસવીરને 'ઇમેજ ઓફ ધ ડે' તરીકે સ્થાન આપીને આ સ્થળને ઉલ્કાપાત એટલે કે,મેટિયોરાઇટ ઇમ્પેક્ટથી બનેલું હોવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી. તે સમયે જમીનમાંથી મળી આવેલા અસામાન્ય ખનિજો અને 'ઇરિડિયમ' નામના દુર્લભ તત્ત્વના ઊંચા પ્રમાણને કારણે તેને અવકાશી ઘટના સાથે જોડવામાં આવ્યો હતો. જો કે, વૈજ્ઞાનિક જર્નલ 'મેટિયોરિટિક્સ એન્ડ પ્લેનેટરી સાયન્સ'માં પ્રકાશિત થયેલા પીઆરએલ, અમેરિકાની સ્ક્રિપ્સ ઇન્સ્ટિટ્યૂશન ઓફ ઓશનોગ્રાફી અને લખનઊની બાબાસાહેબ ભીમરાવ આંબેડકર યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો અજયદેવ અશોકન, યોગિતા કડલાગ, યશ શ્રીવાસ્તવ, ખિરોદ કુમાર દાસ, રુમાંશુ હઝારિકા અને જેમ્સ એમ. ડી. ડેના સંયુક્ત અભ્યાસે આખી કડી બદલી નાખી છે. સંશોધકોએ સ્થળ પરથી મળેલા ધાતુના કચરાનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો છે, જે બ્રોન્ઝ એજ (કાંસ્ય યુગ) એટલે કે હડપ્પીયન સંસ્કૃતિના સમયગાળા સાથે મેળ ખાય છે.

આ સંશોધનના મુખ્ય લેખિકા ડો. યોગિતા કડલાગે વિગતો આપતા જણાવ્યું હતું કે, વિશ્વના ૨૦૦ દુર્લભ સ્થળ પૈકીના આ ઉલ્કા તળાવ પરથી એકત્ર કરાયેલા નમૂનાઓનું વિશ્લેષણ કરતાં તેમાં લોખંડનું પ્રમાણ આશરે ૪૨ થી ૬૩ ટકા જેટલું અત્યંત ઊંચું જોવા મળ્યું છે, જ્યારે પૃથ્વીના ઉપરના પડમાં સામાન્ય રીતે લોખંડનું પ્રમાણ માત્ર ૫ ટકા જેટલું જ હોય છે. જો આ ખાડો ઉલ્કાપાતથી બન્યો હોત, તો ત્યાં નિકલ અને અન્ય ચોક્કસ ધાતુઓનું પ્રમાણ પણ ખૂબ વધારે હોવું જોઈતું હતું, જે અહીં બિલકુલ જોવા મળ્યું નથી. તદુપરાંત, ઉલ્કાપાતની ઘટનામાં સામાન્ય રીતે જોવા મળતા વિશિષ્ટ ચિહ્નો જેવા કે શેટર કોન્સ કે અત્યંત ઊંચા દબાણથી વિકૃત થયેલા ખનિજો પણ આ સ્થળેથી મળી આવ્યા નથી. આ પ્રથમ પુરાવો હતો જેણે સંશોધકોને વિચારતા કરી દીધા કે આ ઉલ્કાપાતની ઘટના નથી.

વધુમાં, સંશોધકોને આ સ્થળ પરથી 'કિર્સ્ચસ્ટેઇનાઇટ' અને 'વુસ્ટાઇટ' જેવા ઊંચા તાપમાને બનતા ખનિજો મળી આવ્યા છે, જે પૃથ્વીના સામાન્ય ખડકોમાં જોવા મળતા નથી. આ ખનિજોની રચના અને ટેક્સચર બિલકુલ એવા જ છે, જે ધાતુ ગાળવાની ઔદ્યોગિક પ્રક્રિયા પછી વધતા કચરામાં જોવા મળે છે. બન્નીના ઘાસિયા મેદાનોના સપાટ લેન્ડસ્કેપમાં ૧.૮ કિલોમીટર વ્યાસ ધરાવતા આ લુણા તળાવનો બાહ્ય કિનારો તેના મુખ્ય પટથી લગભગ ૨૦ ફૂટ ઊંચો છે, જે આ પ્રાચીન પ્રક્રિયાની વિશાળતા દર્શાવે છે.

આ તમામ વૈજ્ઞાનિક પુરાવાઓના આધારે સંશોધકો એવા નિષ્કર્ષ પર પહોંચ્યા છે કે આ સ્થળ હડપ્પીયન કાળમાં મોટા પાયે ધાતુ ગાળવા માટે વપરાતું એક અદ્યતન ઔદ્યોગિક મથક હતું. કચ્છમાં યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઇટ ધોળાવીરા સહિત અનેક હડપ્પીયન વસાહતો આવેલી છે, તેવામાં લુના ક્રેટર ખાતેથી પ્રાચીન ઔદ્યોગિક પ્રવૃત્તિના આ પુરાવા મળવા તે વૈશ્વિક ધાતુવિજ્ઞાન અને ઇતિહાસના નિષ્ણાતો માટે એક અત્યંત મહત્ત્વની અને દુર્લભ શોધ સાબિત થઈ શકે છે. જો કે, તે સમયના લોકો કઈ ચોક્કસ ટેક્નોલોજીનો ઉપયોગ કરતા હતા અને અહીં માનવ વસાહતની સ્થિતિ કેવી હતી, તે સચોટ રીતે જાણવા માટે હજુ વધુ પુરાતત્ત્વીય (આર્કિયોલોજિકલ) ઉત્ખનન અને ઊંડા અભ્યાસની જરૂરિયાત હોવાનું વૈજ્ઞાનિકોએ જણાવ્યું છે. ■

# મુંબઈને ડૂબતું બચાવવામાં સત્તાધારી અને પ્રશાસન નિષ્ફળ

## નાળાસફાઈનાં કામનું ઓડિટ કરી જવાબદાર અધિકારી સામે પગલા લેવાની માગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં બુધવારે પહેલા ભારે વરસાદે પાલિકા પ્રશાસન તથા સત્તાધારી ભાજપની ચોમાસા પહેલાની તૈયારીઓના દાવા પર પાણી ફરી વળ્યુ હોવાની ટીકા પાલિકાના વિરોધપક્ષે કરી હતી. નાળાસફાઈના કામનું ઓડિટ કરી જવાબદાર અધિકારી સામે પગલા લેવાની માગણી પણ વિરોધપક્ષે કરી છે.

મુંબઈમાં હજી ચોમાસાનું આગમન થયું નથી પણ બુધવારે વહેલી સવારે પ્રી-મોન્સૂન શાવરના જોરદાર ઝાપટાં પડ્યા હતા, જેમાં પશ્ચિમ ઉપનગરમાં વરસાદનું જોર વધુ હોવાથી અંધેરી સબવેમાં પાણી ભરાઈ ગયા હતા અને સત્તાધારી ભાજપ અને પાલિકા પ્રશાસનની ચોમાસા પહેલી પૂર્વ તૈયારી અને નાળાસફાઈના દાવા પહેલા વરસાદમાં જ પોકળ સાબિત થયા હતા.

મહાનગરપાલિકાના વિરોધ પક્ષના નેતા કિશોરી પેડણેકરે ગુરુવારે કહ્યું હતું કે નાળા સફાઈ અને ડ્રેનેજ સિસ્ટમમાં સુધારા પાછળ કરોડો રૂપિયા ખર્ચનારા શાસકોના દાવા પહેલા વરસાદમાં જ નિષ્ફળ ગયા છે. પશ્ચિમ ઉપનગરોમાં ટ્રાફિક માટે ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવતો અંધેરી સબવે પહેલા વરસાદમાં જ પાણી ભરાઈ ગયો હતો, તેના કારણે ટ્રાફિક સંપૂર્ણપણે ખોરવાઈ ગયો હતો અને હજારો નાગરિકોને ભારે અસુવિધાનો સામનો કરવો પડ્યો હતો. આ સમસ્યા ફક્ત અંધેરી પૂરતી મર્યાદિત નથી. મુંબઈના ઘણા ભાગોમાં રસ્તાઓ પાણી ભરાઈ ગયા હતા, ટ્રાફિક જામ થયો હતો અને નાગરિકોનું જીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. ચોમાસા પહેલા તૈયાર હોવાના મોટા દાવા કરતી શાસક પક્ષ ભાજપની પોલ ખુલી ગઈ છે.

વિરોધ પક્ષના નેતાએ વધુમાં કહ્યું હતું કે પહેલા વરસાદમાં મુંબઈગરાઓની દુર્દશા વહીવટીતંત્રની બેદરકારી અને શાસકોની નિષ્ફળતાનું જીવંત ઉદાહરણ છે. પ્રશાસન અને સત્તાધારી ભાજપ મુંબઈમાં ૧૦૦ ટકાથી વધુ નાના-મોટા નાળા અને ગટર સાફ થઈ ગયા હોવાનો દાવો કરી રહ્યા છે પણ બુધવારના પહેલા વરસાદે સાબિત કર્યું છે કે આ આંકડા બોગસ છે. ગટર અને નાળાઓ હજુ પણ કાંપથી ભરેલા છે. નાળાઓ ફક્ત કાગળ પર સાફ થયા છે. નાળાની સફાઈના કામનું ઓડિટ કરીને જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની પણ વિરોધપક્ષ નેતાએ માગણી કરી હતી. ■

## મંદિરોની દાનપેટીમાંની રોકડ ચોરનારો પકડાયો

મુંબઈ: મંદિરોની દાનપેટી તોડીને રોકડ ચોરનારા રીઢા ચોરને કાંદિવલી પોલીસે પકડી પાડ્યો હતો, જ્યારે ફરાર તેના સાથીની શોધ હાથ ધરી હતી. પકડાયેલા આરોપીની ઓળખ અરમાન ઉર્ફે અલ્તાફ નઝીર શેખ (૧૯) તરીકે થઈ હતી. કાંદિવલી પશ્ચિમમાં એમ. જી. રોડ પરના લક્ષ્મી નારાયણ મંદિરની દાનપેટીમાં હાથફેરો કરવાના કેસમાં તેની ધરપકડ કરવામાં આવી હતી. ૧૩ મેની રાતે ૮.૩૦થી બીજી સવારે છ વાગ્યા દરમિયાન આ ચોરી થઈ હતી. દાનપેટીનું લૉક તોડીને અંદાજે ૬૦ હજારની રોકડ ચોરવામાં આવી હતી. આ પ્રકરણે કાંદિવલી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે આરોપી નાયગાંવથી ટ્રેનમાં કાંદિવલી આવ્યો હતો. પોલીસે સીસીટીવી ફૂટેજને આધારે તેને કાંદિવલીના ગણેશ નગર પાસેથી તાબામાં લીધો હતો. આરોપીએ તેના સાથી ધર્મેશ લોહાર સાથે ગુનો આચર્યો હતો. ■

## સગીરે બેફામ કાર ચલાવી નવને અડફેટે લીધા

જળગાંવ: જળગાંવમાં બનેલી હિટ ઍન્ડ રનની ઘટનામાં ૧૫ વર્ષના સગીરે બેફામ કાર દોડાવી નવને અડફેટે લીધા હતા, જેમાંથી પાંચની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું હતું. મળતી માહિતી અનુસાર બુધવારની રાતે જળગાંવના પૉશ વિસ્તાર ગણાતા રામાનંદ નગર પરિસરના ગિરણા ટાકીથી ચર્ચ દરમિયાન આ ઘટના બની હતી. અકસ્માતમાં બે દંપતી અને એક યુવાન મળીને પાંચ ગંભીર રીતે ઘવાયા હોવાથી સારવાર માટે તેમને નજીકની ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા.

કહેવાય છે કે ૧૫ વર્ષનો સગીર કાર ચલાવતો હતો. કારની ગતિ એટલી તેજ હતી કે સગીરે સ્ટિયરિંગ પરના કાબૂ ગુમાવ્યો હતો. કારે રાહદારીઓ અને બાઈકને ટક્કર મારી હતી. આ ટક્કર એટલી જોર હતી કે અમુક રાહદારી અને બાઈક હવામાં ઊછળીને રસ્તા પર પટકાયા હતા. અકસ્માતમાં નવને ઇજા થઈ હતી. બાઈકસવારને પગમાં ફ્રેક્ચર થયું હોવાનું જાણવા મળ્યું હતું. દરમિયાન અકસ્માતને પગલે મોટી સંખ્યામાં લોકો ઘટનાસ્થળે ભેગા થવા લાગ્યા હતા. મારઝૂડના ડરથી સગીર કારને ઘટનાસ્થળે છોડી રફુચક્કર થઈ ગયો હતો. બનાવની જાણ થતાં રામાનંદ નગર પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને તપાસ હાથ ધરી હતી. ■

## ટેલિગ્રામ થકી ચાઇલ્ડ પોર્નોગ્રાફી વેચનારો પકડાયો

મુંબઈ: મહારાષ્ટ્ર સાયબરે ચાઇલ્ડ પોર્નોગ્રાફી વેચવા બદલ ટેલિગ્રામ-આધારિત વિક્રેતા વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. મહારાષ્ટ્ર સાયબરે ચોક્કસ માહિતીને આધારે આરોપીની શોધખોળ આદરી હતી, જેમાં ડાર્ક નેટ અને અન્ય ઓનલાઇન પ્લેટફોર્મ સહિત ડિજિટલ ઇકોસિસ્ટમનું સતત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું હતું.મહારાષ્ટ્ર સાયબરે યુપીઆઇ આઇડીની તપાસ સહિત ટેક્નિકલ વેરિફિકેશન અને ઇન્ટેલિજન્સ-બેઝ્ડ એનાલિસિસ પણ કર્યું હતું. ફિલ્ડ ઇન્કવાયરી અને ઓપન-સોર્સ ઇન્ટેલિજન્સે આદિરાજ રાજેન્દ્ર બાઇતનું ઠેકાણું શોધવામાં મદદ કરી હતી. આદિરાજને પૂછપરછ માટે લાવવામાં આવ્યો હતો અને ડિજિટલ ફોરેન્સિક તપાસ માટે તેનો મોબાઇલ જપ્ત કરાયો હતો. ફોરેન્સિક તપાસમાં એવું જાણવા મળ્યું હતું કે આરોપીએ ચાઇલ્ડ પોર્નોગ્રાફી વેચવા અને આગળ વિતરણ કરવા માટે ડિવાઇસમાં સાચવી રાખી હતી.આદિરાજ વિરુદ્ધ ફોજદારી ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને તેની કસ્ટડી નવી મુંબઇની એનઆઇઆર પોલીસને આપવામાં આવી હતી. (પીટીઆઇ) ■

## થાણેની ૧૬૬ વસાહત પાણી માટે ટેન્કર પર નિર્ભર

થાણે: જૂન મહિનો શરૂ થઈ ગયો હોવા છતાં થાણે જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં પાણીની અછતની સમસ્યા યથાવત છે. જિલ્લાના ૩૯ ગામ અને ૧૨૭ વસાહત સહિત કુલ ૧૬૬ વસાહતોમાં નાગરિકોને પીવાનું પાણી હાલમાં ટેન્કરના પાણીથી પૂરૂં પાડવામાં આવી રહ્યું છે. થાણે જિલ્લા વહીવટીતંત્રે ૪૦ ટેન્કર તહેનાત કરી અંદાજે ૫૮ હજાર નાગરિકોને પીવાનું પાણી પૂરું પાડ્યું હોવા છતાં શાહપુર અને મુરબાડ તાલુકામાં ઘણી વસાહત હજુ પણ ટેન્કર પુરવઠા પર નિર્ભર છે. જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં દર વર્ષે ઉનાળામાં પાણીની અછતની સમસ્યા ઉભી થાય છે.

જિલ્લા પરિષદના ગ્રામીણ પાણી પુરવઠા વિભાગે અછતગ્રસ્ત વિસ્તારો માટે ખાસ યોજનાઓ બનાવી છે અને પાણી પુરવઠો ખોરવાઈ ન જાય તે માટે નિયમિત ટેન્કર મોકલવાનું ચાલુ રાખવામાં આવ્યું છે. જિલ્લાના અંબરનાથ, ભિવંડી અને કલ્યાણ તાલુકાઓમાં પાણીની અછતની સ્થિતિ હાલમાં નિયંત્રણમાં હોવાથી ત્યાં ટેન્કરની જરૂર નથી. જોકે, મુરબાડ અને શાહપુર તાલુકાઓમાં પરિસ્થિતિ ચિંતાજનક છે, ઘણા કુવા, બોરવેલ અને નાના પાણીના સ્રોત સુકાઈ ગયા હોવાથી નાગરિકોને ટેન્કરના પાણી પર આધાર રાખવો પડે છે. મુરબાડ તાલુકાના ૬ ગામો અને ૧૦ પાડામાં ૫,૬૬૬ નાગરિકોને ૬ (૩ સરકારી, ૩ ખાનગી) ટેન્કર દ્વારા પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે. બીજી તરફ, શાહપુર તાલુકાના ૩૩ ગામો અને ૧૨૭ વસાહતમાં ૫૨ હજાર ૭૭૭ નાગરિકોને પાણી પૂરું પાડવા માટે ૩૭ ટેન્કર કાર્યરત છે. જિલ્લાના કુલ ૪૦ ટેન્કરોમાંથી ૩૭ ટેન્કરો શાહપુરમાં તહેનાત હોવાથી આ તાલુકામાં અછતની ગંભીરતા સ્પષ્ટ થઈ રહી છે.

પાણી પુરવઠો સુગમ રહે તે માટે, કલેક્ટર કચેરી અને જિલ્લા પરિષદના મુખ્ય કાર્યકારી અધિકારીના માર્ગદર્શન હેઠળ એક ખાસ કંટ્રોલ રૂમ સ્થાપિત કરવામાં આવ્યો છે. ટેન્કરના રાઉન્ડ, પાણી મેળવવાના સ્રોત અને વિતરણ વ્યવસ્થાનું ડિજિટલ સિસ્ટમ દ્વારા નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. ■

પહેલા પાનાનું ચાલુ

### ‘ઈરાન યુદ્ધ

વિરુદ્ધ ૨૦૮ મતથી પસાર થયો હતો અને તેને લીધે હાઉસના ચેમ્બરમાં ખુશીનું વાતાવરણ જોવા મળ્યું હતું.

હાઉસમાંના ન્યૂ યોર્કના ડેમોક્રેટિક નેતા હકીમ જેફ્રીસે જણાવ્યું હતું કે અવિચારી અને બહુ જ મોંઘાં પડી રહેલા આ યુદ્ધને હવે બંધ કરાવવું જોઇએ.

તેમણે જણાવ્યું હતું કે આ અવિચારી અને બહુ જ મોટો આર્થિક ખર્ચ કરાવતા યુદ્ધને બંધ કરાવવા માટેની અમારી માગણીમાં અમુક રિપબ્લિકન્સ પણ અમારી સાથે જોડાયા છે. આ લડાઇ માટે અમેરિકાના કરદાતાના ૧૦૦ અબજ ડૉલરથી વધુ વપરાઇ ગયા છે, જે બહુ મોટી રકમ ગણાય અને આપણો દેશ ઇરાનની સરખામણીમાં નબળો દેખાઇ રહ્યો છે.

અમેરિકાના હાઉસે આ ચોથી વખત અખાતનું યુદ્ધ રોકવા પ્રયાસ કર્યો હતો. પહેલી વખત તો આ ખરડો પસાર થયો હતો અને સેનેટે ગયા મહિને પોતાનો સંબંધિત ખરડો આગળ વધાર્યો હતો, પરંતુ છેવટે ગ્રાન્ડ ઑલ્ડ પાર્ટી (જીઓપી) એટલે કે રિપબ્લિકન પાર્ટીના અમુક સેનેટરે રિપબ્લિકન પ્રમુખ (ટ્રમ્પ)ની સાથે મળીને બાજી પલટી નાખી હતી અને ખરડાને અટકાવ્યો હતો.

ડેમોક્રેટ્સ જ્યારે પણ યુદ્ધ રોકવા માટેનો ખરડો હાઉસમાં રજૂ કરે છે ત્યારે તેને દર વખતે વધુ ને વધુ મત મળે છે. આ બતાવે છે કે અમેરિકાના રાજકારણીઓમાં પણ યુદ્ધને લગતી નારાજગી વધી રહી છે.

અગાઉ, ટ્રમ્પે પ્રમુખપદની ચૂંટણી વખતે અમેરિકાનો વિદેશમાંનો ખર્ચ ઘટાડીને સ્વદેશની સમસ્યા પ્રત્યે વધુ ધ્યાન આપવાની બાંયધરી આપી હતી, પરંતુ મધ્ય પૂર્વમાંના યુદ્ધને લીધે બધાનું ધ્યાન તેની તરફ વધુ ખેંચાયેલું રહે છે.

અમેરિકાના હાઉસમાં પસાર કરાયેલો આ ખરડો યુદ્ધને તાત્કાલિક અટકાવી નહિ શકે, પરંતુ આ લડાઇને લઇને અમેરિકાની જનતા અને રાજકારણીઓમાં પણ બહુ જ નારાજગી હોવાનું જાહેર થયું છે.

પ્રતિનિધિસભામાં પસાર થયેલો ખરડો સેનેટમાં મોકલાય છે. સેનેટમાં ગયા મહિને આવો ખરડો પસાર કરાવવા માટે ચાર રિપબ્લિકને ડેમોક્રેટ્સને સાથ આપ્યો હતો. (એજન્સી) ■

### કેરલમમાં

તમિળનાડુના અમુક ભાગોમાં, કન્યાકુમારીમાં અને બંગાળના ઉપસાગરના અગ્નિ, નૈર્ઋત્ય, પશ્ચિમ મધ્ય, પૂર્વ મધ્ય અને ઈશાન ભાગમાં આગળ વધ્યા છે.

હવામાન ખાતાએ અગાઉ એવી આગાહી કરી હતી કે કેરળમાં ૨૬ મેએ ચોમાસું બેસશે, પરંતુ મોસમી પવનો મોડા પહોંચ્યા છે.

ગયા અઠવાડિયે હવામાનં ઓછો પડશે એવી આગાહી કરી હતી.

હવામાન ખાતાની આગાહી છે કે આ વર્ષે લોન્ગ પિરિયડ એવરેજ (લાંબા ગાળાની સરેરાશ, એલપીએ)ના ૯૦ ટકા વરસાદ પડશે. એલપીએ ખાસ વિસ્તારમાં ચોક્કસ ગાળામાં એ પછી મહિનો કે મોસમ હોય અને લાંબી મુદતની એટલે કે ૩૦થી ૫૦ વર્ષમાં પડેલા વરસાદની સરેરાશ છે. ભારતમાં ૧૯૭૧થી ૨૦૨૦ની સરેરાશ લેવામાં આવે છે જે ૮૭ સેન્ટિમીટર છે. જો મોસમમાં એલપીએના ૯૦ ટકાથી ઓછો વરસાદ પડે તો હવામાન ખાતું એને અછતવાળો કહે છે. આ વખતે ચોમાસું સામાન્ય ન રહેવાનું કારણ અલ નીનો પરિસ્થિતિ છે જેને લીધે વરસાદ ઓછો પડશે. (એજન્સી) ■

### ૧૫ લાખ કરોડ રૂપિયાનું

આ શેર ૪.૯૯ ટકાના કડાકા સાથે ૧૦૩.૯૨ રૂપિયાની નીચલી સર્કિટ મર્યાદાએ અથડાયો હતો. નિયમનકારી કાર્યવાહીથી એલઆઇસીના શેર પર પણ નકારાત્મક અસર પડી, જે ટ્રેડિંગ અવર્સ દરમિયાન લગભગ એકાદ ટકા તૂટ્યા હતા. આ વીમા કંપની રાજેશ એક્સપોર્ટસમાં લગભગ ૧૦ ટકા હિસ્સો ધરાવે છે.

સેબીએ કંપનીને તપાસકર્તાઓને સંપૂર્ણ સહકાર આપવા અને નાણાકીય નિવેદનો અને સંબંધિત પક્ષ વ્યવહારોના સાચા અને ન્યાયી ખુલાસાની ખાતરી કરવા નિર્દેશ આપ્યો છે. આ મામલો માર્ચ ૨૦૨૪માં મળેલી શેરધારકની ફરિયાદથી ઉદ્ભવ્યો હતો, જેણે કંપનીની બુક્સમાં નોંધાયેલી નોંધપાત્ર ટ્રેડ રિસિટ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. પ્રારંભિક સમીક્ષા પછી, સેબીએ એપ્રિલ ૨૦૨૦થી માર્ચ ૨૦૨૪ સુધીના સમયગાળાને આવરી લેતી તપાસ શરૂ કરી અને બીડીઓ ઇન્ડિયા સર્વિસિસને ફોરેન્સિક ઓડિટર તરીકે નિયુક્ત કર્યા હતા. સેબીના આદેશ અનુસાર, રાજેશ એક્સપોર્ટસ વારંવાર તપાસ દરમિયાન માગવામાં આવેલા મુખ્ય એકાઉન્ટિંગ સિસ્ટમ્સ, નાણાકીય રેકોર્ડ્સ અને સહાયક દસ્તાવેજોની ઍક્સેસ પૂરી પાડવામાં નિષ્ફળ રહી હોવાને કારણે ફોરેન્સિક ઓડિટરની ટ્રાન્ઝેક્શનના નોંધપાત્ર હિસ્સાને સ્વતંત્ર રીતે ચકાસવાની ક્ષમતા મર્યાદિત થઈ ગઈ હતી. ■

### આઈપીએલ

કરે છે. આ સટ્ટાબાજી બજાર દરેક બોલ સાથે તેના દર બદલે છે. પિચ પર સ્પોટ-ફિક્સિંગની પદ્ધતિઓની ચર્ચા કરતા તેમણે સમજાવ્યું કે બુકીઓ હવે ખેલાડીઓ સાથે કોડ શબ્દોનો ઉપયોગ કરીને કામ કરે છે. લલિત મોદીએ કહ્યું હતું કે, રમત ખૂબ જ આધુનિક અને અદ્યતન બની ગઈ છે. કોઈ મેદાન પર રૂમાલ કાઢે છે, કોઈ બીજો પોતાનો હાથ અલગ દિશામાં ખસેડે છે અને આ સટ્ટાબાજો માટે સંકેત બની જાય છે. જ્યારે હું આઈપીએલ ચલાવી રહ્યો હતો, ત્યારે પહેલા ત્રણ વર્ષ સુધી કોઈ ફિક્સિંગ નહોતું. મેં ઘણા લોકો સામે કડક કાર્યવાહી કરી, તેમને સ્ટેડિયમની બહાર ફેંકી દીધા અને તેમના પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો. માફિયાઓને મારો અભિગમ ગમ્યો નહીં. તેઓએ મને લાખો ડૉલરની ઓફર કરી.

લલિત મોદીએ ૨૦૧૨ની એક ચોંકાવનારી ઘટના જણાવતા કહ્યું હતું કે કેવી રીતે લંડનના એક ફિક્સરે તેમને સવારે ૩:૩૦ વાગ્યે બાબા નામના એક શક્તિશાળી વચેટિયાના પેન્ટહાઉસમાં બોલાવ્યા. જ્યારે લલિત મોદી આવ્યા ત્યારે બાબાએ તેમને કહ્યું કે તે ભારત છોડી ચૂક્યા છે અને હવે આઈપીએલ ટીમ ઇચ્છે છે. જ્યારે મોદીએ સમજાવ્યું કે દાઉદની ધમકીને કારણે તેઓ ભારત પાછા નહીં ફરે, ત્યારે બાબાએ કહ્યું કે તેઓ એક મિનિટમાં બધું સંભાળી લેશે.

પછી જે બન્યું તે મોદી સ્તબ્ધ થઈ ગયા. તે ભયાનક ક્ષણને યાદ કરતાં લલિત મોદીએ કહ્યું હતું કે, વચેટિયો તેના ટેરેસ પર ગયો, તેનો સેટેલાઇટ ફોન કાઢ્યો અને દાઉદ ઇબ્રાહિમને સીધો ફોન કર્યો. તેણે કહ્યું હતું કે, દાઉદ ભાઈ, લલિત ભાઈ આવ્યા છે, તેમની સાથે વાત કરો. જ્યારે મેં સ્પષ્ટપણે ના પાડી ત્યારે તેણે ફોન સ્પીકર પર મૂકી દીધો.‘‘ મેં ફરીથી ના પાડી ત્યારબાદ ફોનના બીજા છેડે દાઉદે ફક્ત એટલું જ કહ્યું, તમે તેના મિત્ર છો. બધું ભૂલી જાઓ, હવે બધું પૂરું થઈ ગયું છે. લલિત મોદીએ વધુમાં દાવો કર્યો હતો કે જ્યારે તેમણે માફિયાઓની લાખો ડૉલરની ઓફરને નકારી કાઢી હતી, ત્યારે દાઉદ ઇબ્રાહિમે તેમને ખતમ કરવા માટે ત્રણ હત્યાના પ્રયાસો કર્યા હતા. વધુમાં તેમણે આરોપ લગાવ્યો હતો કે તેમના પુત્રનું લંડનના સ્લોએન સ્ટ્રીટ પર બાબા અવીન નામના વ્યક્તિ દ્વારા અપહરણ કરવામાં આવ્યું હતું. ■

### બિહારમાં

પરિવારજનોનો સંપર્ક કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે અને જરૂરી કાનૂની કાર્યવાહી કરવામાં આવી રહી છે. હૉસ્પિટલ વહીવટીતંત્રના જણાવ્યા મુજબ, શરૂઆતમાં એવી શંકા છે કે આઈસીયુ વોર્ડમાં શોર્ટસર્કિટને કારણે આગ લાગી અને તે ઝડપથી ફેલાઈ ગઈ, જેના કારણે આઈસીયુ ધુમાડાથી ભરાઈ ગયું અને દર્દીઓને બહાર કાઢવામાં મુશ્કેલી પડી હતી.

બેદરકારીના મુદ્દા અંગે મ્યુનિસિપલ કમિશનર ઋતુરાજ સિંહે પત્રકારોને જણાવ્યું હતું કે જિલ્લા મેજિસ્ટ્રેટે સંપૂર્ણ તપાસ કરવા માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સબ-ડિવિઝનલ ઓફિસર, સબ-ડિવિઝનલ પોલીસ ઓફિસર અને અન્ય અધિકારીઓની પાંચ સભ્યોની ટીમ બનાવી છે. તેમણે કહ્યું હતું કે, તપાસ ટીમનો રિપોર્ટ આવ્યા પછી જ સ્પષ્ટ થશે કે આગનું વાસ્તવિક કારણ શું હતું.

દરમિયાન બિહારના મુખ્ય પ્રધાન સમ્રાટ ચૌધરીએ આ ઘટનાને અત્યંત દુઃખદ ગણાવી અને મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. ‘એક્સ’ પર એક પોસ્ટમાં મુખ્ય પ્રધાને લખ્યું હતું કે તાત્કાલિક ૧૦૦૦૦ રૂપિયાની સહાયતા ગ્રાન્ટ પૂરી પાડવા સૂચના આપવામાં આવી છે. સ્થાનિક વહીવટ સંપૂર્ણપણે સતર્ક છે અને ઘાયલોની સારવાર માટે જિલ્લા હોસ્પિટલોમાં પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે.

નાયબ મુખ્ય પ્રધાન અને જનતા દળ યુનાઇટેડ (જેડીયુ) ના વરિષ્ઠ નેતા વિજય કુમાર ચૌધરીએ જણાવ્યું હતું કે આગના કારણની તપાસ કરવામાં આવી રહી છે અને સરકાર આ મામલે યોગ્ય કાર્યવાહી કરશે. બિહારના આરોગ્ય પ્રધાન નિશાંત કુમારે ગુરુવારે દિલ્હી જતા પહેલા પત્રકારોના પ્રશ્નો પર કોઈ ટિપ્પણી કરી ન હતી.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને પણ આ ઘટના પર શોક વ્યક્ત કર્યો હતો. તેમણે ’એક્સ’ પર લખ્યું હતું કે મુઝફ્ફરપુરની એક ખાનગી હૉસ્પિટલમાં આગ લાગવાથી થયેલી જાનહાનિથી હું ખૂબ જ દુઃખી છું. હું મૃતકોના આત્માઓની શાંતિ અને શોકગ્રસ્ત પરિવારોને આ અસહ્ય નુકસાન સહન કરવાની શક્તિ માટે પ્રાર્થના કરું છું. હું ઘાયલોને ઝડપથી સ્વસ્થ થવાની પણ કામના કરું છું. ભૂતપૂર્વ મુખ્યમંત્રી નીતીશ કુમારે પણ આ ઘટનાને હૃદયદ્રાવક ગણાવી અને મૃતકોના પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી.

બિહાર કૉંગ્રેસે આ ઘટના અંગે રાજ્ય સરકાર અને આરોગ્ય વિભાગ પર સવાલ ઉઠાવ્યા હતા. કૉંગ્રેસે કહ્યું કે રાજ્યમાં આરોગ્ય વ્યવસ્થાની સ્થિતિ ચિંતાજનક છે અને આવી ઘટનાઓ સતત બની રહી છે. ■

## જૈન મરણ

ગામ કપડવંજના હાલે મલાડ વેસ્ટ, કલ્પેશકુમાર દિનેશભાઈ તેલીના ધર્મપત્ની અ.સૌ. ગાર્ગીબેન (ઉ.વ. ૫૦) તા. ૨/૬/૨૬ના અવસાન પામેલ છે. દેવીલાબેન શશીકાંતભાઈ શાહના સુપુત્રી. આરાધનભાઈના બહેન. ચિરંજીવી ધાર્મિના માતુશ્રી. કાર્તિકભાઈ, પ્રજ્ઞાબેન અને હેમાબેનના ભાભી. લૌકિક વ્યવહાર બંધ રાખવામાં આવેલ છે.

ચબાળા નિવાસી હાલ ચેમ્બુર હર્ષદરાય માણેકચંદ લાખાણી (ઉ.વ. ૯૪) બુધવાર, તા. ૩-૬-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે શ્રીમતી વીણાબેનના પતિ. પારૂલ, તૃપ્તિના પિતા. રાજેશ શાહના શ્વસુર. અમરેલી નિવાસી સ્વ. ગુલાબચંદ અમરશી બાવીસીના જમાઈ. સ્વ. ગુણવંતભાઈ, સ્વ. મધુકાંતભાઈ, ડો. રજનીભાઈ, સ્વ. તારાબેન બદાણી તથા હંસાબેન હરીશભાઈ મહેતાના ભાઈ. પૌત્રી પૂજા, રીચા અનુરાગસિંઘ દલાલના દાદા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ગઢ પાલનપુર જૈન**

ગઢ નિવાસી ભાનુબેન રમેશભાઈ પેથાણી (ઉ. વ. ૮૯) ૪-૬-૨૬ના અરીહંતશરણ પામ્યા છે. તેઓ રમેશભાઈ ઉત્તમભાઈ પેથાણીના ધર્મપત્ની. પરેશભાઈ, નીલેશભાઈ, મનીષભાઈના માતુશ્રી. પ્રીતીબેન, રશ્મીબેન, આશાબેનના સાસુજી. યશ-સીમરન, સલોની રૂષીન, સોનમ પીંકેશ, શ્રુતી-રાજેશ, ક્ષીતી-શ્રેયસના દાદી. ૫-૬-૨૬, શુક્રવારે ૪ થી ૬. ઠે. ભારતીય વિદ્યા ભવન, માતૃવંદના રાખેલ છે.

**પાટણ જૈન**

પાટણ શ્રી ઢંઢેરવાડાના શ્રીમતી રંજનબેન હરેશભાઈ શાહ (ઉ. વ. ૮૧) બુધવાર, ૩-૬-૨૬ના અરિહંતશરણ થયા છે. તેઓ શાંતીલાલ મગલચંદ શાહના પુત્રવધૂ. હરેશભાઈ શાહના પત્ની. પૂર્વી, નિલેશ, વિરાજના માતુશ્રી. જતીનભાઈ, સ્વ. શીતલબેન અને સમીરભાઈના સાસુ. ચીમનલાલ મોહનલાલ શાહના દીકરી. અંતિમયાત્રા શુક્રવાર, ૫-૬-૨૬ના આઠ વાગે. સરનામું- ૭૭/૯, પાટણ જૈન મંડળ, મરીન ડ્રાઈવ, મુંબઈ-૨૦. લૌકીક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નરેડી હાલે હૈદ્રાબાદના માતુશ્રી મોંઘીબાઈ લક્ષ્મીચંદ નાગડા (ઉ.વ. ૮૨) તા. ૧-૬-૨૬ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન મેઘજીના પુત્રવધૂ. સ્વ. લક્ષ્મીચંદના પત્ની. મોહન, દમયંતીના માતુશ્રી. મઠાંબાઈ શામજીના પુત્રી. પ્રેમજી, રતનશી, પદમશી, ખેતબાઈના બેન. મુંબઇમાં પ્રાર્થના રાખેલ નથી. (ચક્ષુદાન કરેલ છે) નિવાસ : મોહન ગાલા, ડી.એમ.આર દુબેઝ એન્કલેવ, કાચીગુડા સ્ટેશન રોડ, કાચીગુડા, હૈદરાબાદ, તેલંગાણા-૫૦૦૦૨૭.

કપાયાના પ્રભાબેન લક્ષ્મીચંદ દેઢીયા (ઉ.વ. ૮૫) તા. ૩-૬નાં અવસાન પામેલ છે. માતુશ્રી પાનબાઇ મોણશીના પુત્રવધૂ. સ્વ. લક્ષ્મીચંદના પત્ની. હસુમતી, દીલીપ, ભાવના (ટીના), બીપીનના માતુશ્રી. રામાણીયા હેમલતા/રાણબાઇ મોરારજી રાયશીના સુપુત્રી. મણીલાલ, કાંતીલાલ, જયંતીલાલ, ભાગ્યવંતી (ભારતી), દિપક, કમલેશ, પારસના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. પ્રણવ દેઢીયા, ડી/૬૧૫, અમીવર્ષા, જૈન સોસાયટી, રામબાગ, કલ્યાણ (વેસ્ટ).

લાખાપરના લક્ષ્મીચંદ લાલજી નંદુ (ઉ.વ. ૬૮) તા. ૩-૬-૨૬ના અવસાન પામ્યા છે. કસ્તુરબેન લાલજી ભાણજીના સુપુત્ર. સ્વ. ઉષા/કંચનના પતિ. દિપેશ, પ્રિયંકા, મયુરીના પિતાશ્રી. જયંતીલાલ, અરવિંદ, કલ્યાણજી, દિપકના ભાઈ. સાડાઉના લક્ષ્મીબેન દામજી મોણશી, મઠાબાઈ વેલજી કાંઈયાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. લક્ષ્મીચંદ નંદુ, જે/૫૦૧, નવનીત નગર, દેશલે પાડા, ડોંબિવલી (ઈસ્ટ).

કાંડાગરાના લક્ષ્મીબેન હંસરાજ માણેક ગાલા (ઉ.વ. ૮૬) તા. ૨-૬-૨૬ના અવસાન પામેલ છે. મણીબાઈ માણેક તેજશીના પુત્રવધૂ. હંસરાજના પત્ની. ખુશાલ, જયેશ, નરેશ, રેખા (કોકીલા)ના માતા. તલવાણાના માતુશ્રી હીરબાઈ લાલજી કેશવ દેઢિયાના સુપુત્રી. પ્રાર્થના રાખેલ નથી. નિ. નરેશ હંસરાજ ગાલા, એ-૨, નારાયણ ભુવન, ૪-ક્રોસ લેન, રાજાજી પથ, ડોંબિવલી-૪૨૧૨૦૧.

**માંગરોળ દેરાવાસી જૈન**

માંગરોળ નિવાસી, હાલ દહિસર, રવીન્દ્રભાઈ ન્યાલચંદ લિલાધર શેઠ (ઉ.વ. ૮૬) તા. ૨-૬-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સરોજબેનના પતિ. વૈશાલી, ભાવિની, કાજલ, જીનલના પિતા. રાકેશ શાહ, પરેશ દાની, સમીર પારેખ, ભાવીન શાહના સસરા. નરેન્દ્રભાઈ અને સ્વ. ઉર્મિલાબેન અનિલભાઈ દોસાનીના ભાઈ. ચોરવાડ નિવાસી સ્વ. ચંદનબેન ધીરાજલાલ દોશીના જમાઇ. લૌકિક વહેવાર બંધ છે

**સોરઠ વિશાશ્રીમાળી જૈન**

મઘરવાડા નિવાસી હાલ બોરીવલી, રમેશભાઈ દુર્લભજી મહેતા ધર્મપત્ની ઈલાબેન (ઉ.વ. ૬૭) તા. ૧-૬-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ચિરાગ-રેષા અને વિધિ રાકેશકુમાર સરવૈયાનાં માતુશ્રી. સ્વ. કિશોરભાઈ, સ્વ. દિનેશભાઈ તથા ચંદ્રેશભાઈનાં નાનાભાઈનાં ધર્મપત્ની. અમરનગર નિવાસી લાભુબેન નાથાલાલ રાઘવજી મહેતાના દિકરી. સ્વ. જસવંતભાઈ, ભૂપેન્દ્રભાઈ, નરેશભાઈ, અશોકભાઈ, ચંદનબેન પ્રવિણકુમાર સલોત અને પ્રફુલાબેન શૈલેશકુમાર સંઘવીના બહેન. ભાવયાત્રા તા. ૬-૬-૨૬ શનિવારનાં ૧૦ થી ૧૨. સ્થળ: શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એલ.ટી. રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી વેસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

શેલાણા નિવાસી, હાલ મુંબઈ, સ્વ. પ્રેમચંદ માધવજી દોશીના પુત્રવધૂ. સ્વ. રમણિકલાલ પ્રેમચંદ દોશીના ધર્મપત્ની હીરાબેન (ઉ.વ. ૯૧) તે વિજયભાઈ, યોગેશભાઈ, હરેશભાઈ, મીતાબેન, ગીતાબેનના માતૃશ્રી. જયશ્રીબેન, મીનલબેન, રૂપલબેન, ભરતકુમાર, મુકેશકુમારના સાસુ. સ્વ. રજનીકાંત પ્રેમચંદ દોશી, સ્વ. લીલાવંતીબેન ધીરજલાલ શાહના ભાભી. પિયરપક્ષે મોટી ખેરાળી વાળા જેચંદભાઈ છગનલાલ દોશીના દીકરી. બુધવાર, તા. ૩-૬-૨૬ના અરિહંતશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે. નિવાસસ્થાન: હરેશભાઈ દોશી એ-૮૦૨, સાંઈદર્શન, એસ.વી. રોડ, વિજય સેલ્સની બાજુમાં, અંધેરી વેસ્ટ.

**મચ્છુકાંઠા વિશાશ્રી માળી જૈન**

મોરબી નિવાસી હાલ મલાડ, સ્વ. કાંતિલાલ કેશવલાલ દોશીના ધર્મપત્ની જયશ્રીબેન (ઉ.વ. ૮૭) તારીખ ૨ જૂન ૨૦૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે રાજેશભાઈ, અતુલભાઇ, સોનલબેનના માતૃશ્રી. સ્વ. (મિતાબેન) પ્રીતિ, આરતી તથા દર્શન કુમારના સાસુજી. પ. પૂ. જિનેન્દ્ર વલ્લભ મ. સા. (જશવંતભાઈ) સ્વ. મનહરભાઈ, સ્વ. સુમતિભાઈના ભાભી. વાંકાનેર નિવાસી સ્વ. હીરાબેન હાકેમચંદ જુઠાલાલ શાહના દીકરી. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

પાળીયાદ નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. પ્રવિણચંદ્ર શિવલાલ શાહના ધર્મપત્ની સુધાબેન (ઉ.વ. ૮૭) તે સ્વ. પુષ્પાબેન નરોત્તમદાસ દોશીના સુપુત્રી. સંજયભાઈ, ભાવનાબેન શૈલેષભાઈ શાહ, બીનાબેન વિજયભાઈ શેટ્ટી, અલ્પાબેન કાંતેશભાઈ રાથૌરના માતુશ્રી. સોનાલીબેન (હેમલ)ના સાસુ. શ્રદ્ધા સિદ્ધાંત કામદાર અને શ્રેયાંશના દાદી. શ્લોકાના વડનાની. તા. ૩/૬/૨૬ના બુધવારે અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વહેવાર રાખેલ નથી.

## પારસી મરણ

ખોરશેદ રોહીનટન ગાંધી તે રોહીનટનના ધન્યાની તે મરહુમો તેહમીના નોઝીર તવરીયાના દીકરી. તે રૂસ્તમ, રોદા તથા મરહુમો રોહીનટન ને ગુલના બહેન. તે કૈઝાદ, આવાબાનુ, રયોમંદ ને ઝરીનના મામી. તે પોરસના ફઈ. તે પીરઝાદ, અનાહીતા, દેલનાઝના કાકી. (ઉં. વ. ૮૩) ઠે. ૪૪૩, મલુ સદન, પહેલે માળે, ચીરા બજાર. જેએસ એસ રોડ, આનંદ આશ્રમ હોટલ, તાડવાડી, મુંબઈ-૪૦૦૦૦૨. ઉઠમણાની ક્રિયા: તા. ૫-૬-૨૬ ને દીને બપોરે ૩-૪૦ વાગે અનજુમન આતશ બેહરામમાં છે.

## હિન્દુ મરણ

**કચ્છી લોહાણા**

ગામ કોટડા (રોહા) હાલે મુલુંડ કલ્યાણજીભાઈ (ઉં. વ. ૯૨) તે વેલબાઈ અને હીરજીભાઈ મોનજી કોઠારીના પુત્ર. ઈન્દુમતીબેનના પતિ. જયશ્રી હરેશ ચંદનના પિતાશ્રી. તન્વી- નીરવ ચોકસી અને નિશિત- હેમાંગીની ચંદનના નાનાજી. આર્યનના પરનાના. શાંતાબેન સુંદરજી ચંદરાના માંડવીવાળાના જમાઈ. ૩-૬-૨૬ના રામશરણ પામેલ છે. લૌકિક વહેવાર સદંતર બંધ છે.

**પાવરાઈ ભાટિયા**

કચ્છ નિરોણા, હાલ માટુંગાના ગં. સ્વ. માલતી ગોરધનદાસ મુલાણી (ઉં. વ. ૮૬) તે સ્વ. ગોરધનદાસ હંસરાજ મુલાણીનાં ધર્મપત્ની. તે સ્વ. દેવજી ગોવિંદજી આશરનાં પુત્રી. તે અજય તથા ઈલાનાં માતુશ્રી. તે ભાવિકા તથા હિતેશ આશરના સાસુજી. તે હેમા, પ્રવિણભાઈ મુલાણી તથા ગં. સ્વ. પુષ્પાબેન માધવજી સંપટના ભાભી. તે સ્વ. જયંતભાઈ, સ્વ. કમલભાઈ તથા સ્વ. સુધાબેનનાં બહેન. ૩-૬-૨૬નાં રોજ શ્રીજીચરણ પામ્યાં છે. લૌકીક વ્યવહાર બંધ છે.

**હાલાઈ ભાટીયા**

ગં. સ્વ. ભાનુબેન રામદાસ વેદ (અફિણી) (ઉં. વ. ૮૭) તે સ્વ. રામદાસ જમનાદાસ વેદના ધર્મપત્ની. તે સ્વ. જમનાદાસ નરશી વેદ (અફિણી)ના પુત્રવધૂ. સ્વ. મોંઘીબેન મુલજી ઉદેશીના પુત્રી. તે સંજય, રિતેશ, દક્ષા ધર્માશુ, અ. સૌ. બીના નિમેશકુમારના માતુશ્રી. અ. સૌ. જયશ્રી સંજયના સાસુ. તે સૌરભના દાદી બુધવાર, ૩-૬-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. ઉઠમણું ૫-૬-૨૬, શુક્રવારને જલગામ મુકામે પાંચ વાગે કોઠારી મંગલ કાર્યાલયમાં રાખેલ છે.

**ઝાલાવાડી સુઈ સુતાર જ્ઞાતિ**

ગઢડા નિવાસી હાલ મુલુંડ, ડાહ્યાલાલ પરશોત્તમદાસ માંડલીયા (ઉ.વ. ૯૧) તા. ૨/૬/૨૬ મંગળવારના અક્ષરવાસી પામ્યા છે. તે સ્વ. મધુબેનના પતિ. મનોજ અને દક્ષાના પિતાશ્રી. સ્વ. નાગરદાસ અને સ્વ. બાબુભાઈ, સ્વ. અમૃતલાલ, ગં.સ્વ. જયાબેન, સ્વ. વિમળાબેન, ગં.સ્વ. ભાનૂબેનના ભાઈ. માનસીબેન તથા કિર્તીકુમારના સસરા. હરગોવિંદદાસ ચાવડાના જમાઈ. બંને પક્ષની સંયુક્ત પ્રાર્થનાસભા તા. ૫/૬/૨૬ શુક્રવારના સાંજે ૪:૩૦ થી ૬:૩૦. સ્થળ: ગોપુરમ બેન્કવેટ, પુરુષોતમ ખેરાજ એસ્ટેટ, ગોપુરમ, ડૉ. આર. આર રોડ, જ્ઞાન સરિતા સ્કૂલની બાજુમાં, મુલુંડ (ઈ).

**દશા મોઢ માંડલિયા વણિક**

ચંદનબેન (ચંદ્રમણીબેન) જગદીશચંદ્ર મહેતા (ઉ.વ. ૯૪) ૧/૬/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે યોગેશભાઈ, જયેશભાઇ, બંકીમભાઇ, વિમલભાઈ, અતુલભાઈના માતુશ્રી. પાયલબેન, છાયાબેન, સોનલબેનના સાસુ. સ્વ. રમાબેન તથા સ્વ. મગનલાલ અંદરજી દામાણીના પુત્રી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. સાદડી પ્રથા બંધ છે.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ જામ ખંભાળિયા, હાલ ભાઈંદર, અ.સૌ. પ્રિતિબેન સુધીરકુમાર ગોકાણી (ઉ.વ. ૫૯) તે સ્વ. જયંતિલાલ તથા સ્વ. લીલાવંતીબેનનાં પુત્રવધૂ. સ્વ. ગોદાવરીબેન તથા સ્વ. નંદલાલ તન્ના (ખોરાસા-ગીરવાળા)નાં પુત્રી. વિપુલભાઈ, હિતેશભાઈ, નિકુંજભાઈ તન્ના તથા કૃતિબેન પંકજભાઈ રતનધાયરાનાં બહેન. સુરેશભાઈ, હસમુખભાઈ, અરુણભાઈ, ચંદ્રેશભાઈનાં નાનાભાઈનાં વહુ. ગં.સ્વ. ઈન્દુબેન મોહનલાલ પાસડ તથા અ.સૌ. મીનાબેન જમનાદાસ નથવાણીનાં ભાભી, બુધવાર, તા. ૩-૬-૨૬નાં શ્રીજીચરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૫/૬/૨૬નાં ૪ થી ૬. ‘‘દેવ વાટિકા બેંક્વેટ’’, ૬૦ ફીટ રોડ, ભાઈંદર પશ્ચિમ.

**નવાગામ ભાટિયા**

નાગપુર નિવાસી, ગં.સ્વ. જયવંતીબેન જમનાદાસ ઉદેશી (ઉ.વ. ૯૭) તે વિનય, મુકેશ, ચારું, મીના, કલ્પના, રેણુકાના માતુશ્રી. ચેતન, દર્શિતા, યશ, કરણના દાદીમા. બિપીનભાઈ આશર, સ્વ. મુકેશ સંપટ, સ્વ. ચેતન સંપટ, રાજીવ વેદના સાસુમા. અમરેલીવાલા જમનાદાસ જીવરાજ આશરના દીકરી. ગુંજન, ટ્વિંકલ, રાજવીના દાદીસાસુ. નાગપુર મુકામે તા. ૩-૬-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૫-૬-૨૬ના સાંજે ૪.૩૦ થી ૬.૦૦. પ્રેસ ક્લબ કનવેનશન હૉલ સિવિલ લાઇન્સ નાગપુર.

**હાલાઈ લોહાણા**

કુતીયાના નિવાસી હાલ વસઇ રોડ મોહનલાલ વસનજી રાયચુરાના નાનાપુત્ર પ્રદીપ મોહનલાલ રાયચુરા, તે ચંદ્રીકાબેન, મધુબેન, પ્રભાબેન તથા કિશોરભાઈના ભાઈ. ભારતીબેનના પતિ. સાગરના પિતાશ્રી. સોનલના સસરા. રુપારેલિયા પરિવારના જમાઇ. તા. ૩-૬-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પોરેચા દશા મોઢ માંડલિયા વણિક**

ચંદ્રકાંત છોટાલાલ મોદીના ધર્મપત્ની અ.સૌ. નિરૂપા મોદી, હાલ વડાલા (ઉ.વ. ૭૫) રવિવાર, તા. ૩૧-૫-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. અર્પિતા શેઠિયા, કલ્પેશના માતા. સુભાષ શેઠિયા, અમીતા મોદીના સાસુ. સ્વ. રમેશભાઈ મોદી, સ્વ. પ્રફુલભાઈ મોદી, જશુમતી છોટાલાલ મોદી, નિર્મલા છોટાલાલ મોદી, પન્ના રાજેન્દ્ર શાહના ભાભી. સ્વ. મંજુલાબેન અને સ્વ. હરિભાઈ રમણલાલ શાહના સુપુત્રી. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૫-૬-૨૬ના સાંજે ૫ થી ૭. સ્થળ: દોસ્તી એકર્સ બેન્ક્વેટ હોલ, દોસ્તી એસ્ટર પાસે, વડાલા ઇસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**નવસારી વિશા લાડ વણિક**

સ્વ. જયંતિલાલ નગીનદાસ શાહ (ભાતવાળા) તથા સ્વ. વસંતીબેનના સુપુત્ર ભરત શાહની સુપુત્રી ડૉ. વિધી ભરત શાહ (ઉં.વ. ૩૨) તા. ૩-૬-૨૬, બુધવારના શ્રીજીશરણ પામેલ છે. તે રોમા ભરત શાહની પુત્રી. પ્રથાની મોટી બહેન. મનોજભાઈ જયંતિલાલ શાહ (ભાતવાળા)ની ભત્રીજી. કઠોદ નિવાસી તથા હાલ મુંબઈ બોરીવલી, વ્યોમેશચંદ્ર નટવરલાલ શાહની દોહિત્રી. પ્રાર્થનાસભા તા. ૬/૬/૨૬ને શનિવારે સાંજે ૪:૩૦ થી ૬:૩૦. સ્થળ: શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ (મોટા ઉપાશ્રય) પારેખ ગલીના નાકે, એસ.વી. રોડ, કાંદિવલી વેસ્ટ.

**હાલાઈ લોહાણા**

મેવાસાવાળા હાલ કાંદિવલી, ઇન્દિરાબેન (ઉ.વ. ૮૩) તા. ૩-૬-૨૬ના શ્રીજીચરણ પામ્યાં છે. તે સ્વ. ગંગાદાસ રણછોડદાસ રૂઘાણીનાં પત્ની. સ્વ. રાધાબેન, સ્વ. કાંતાબેન, ગં.સ્વ. જયવંતીબેનનાં દેરાણી. ગં.સ્વ. સોનલબેન હરીશભાઈલાલ, સ્નેહાબેન ભાવેશભાઈ કલ્યાણીનાં માતા. ઓખા નિવાસી સ્વ. જમનાદાસ વીરજી મશરૂનાં દીકરી. પ્રાર્થનાસભા ૫-૬-૨૬ના સાંજે ૫.૩૦થી ૭. ઠે.: શ્રી વર્ધમાન સ્થા. જૈન સંઘ (મોટા ઉપાશ્રય) હાલાઈ લોહાણા મહાજન વાડી, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# મેટિની




## ચીનની મનોરંજનની દુનિયામાં વડીલો છે વેલકમ...

### કોવિડ પછી વેગવાન બનેલી માઈક્રો ડ્રામા સિરીઝ ફિલ્મ - ટીવી ઈન્ડસ્ટ્રી કરતાં ટર્નઓવર વધારી સિનિયર સિટિઝનને પ્રવૃત્ત કરી રહી છે

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી



૬૩ વર્ષના અભિનેતા વૂ ગ્વેસૂંગ ફિલ્મના સેટ પર આવે છે ત્યારે રાતના દસ વાગ્યા છે. જર્મન શેફર્ડ નસલનો એક શ્વાન એમના પર હુમલો કરે છે એ દૃશ્ય ભજવવાનું છે. શૂટિંગ સમયસર આટોપી અભિનેતા બીજે દિવસે વહેલી સવારે ફરી શૂટિંગ માટે સમયસર હાજર થઈ જાય છે. દિવસો ન્યૂ યર હૉલિડે - નવા વર્ષ નિમિત્તે ત્રણ દિવસની રજાના - ઉજવણીના છે, પણ ઍક્ટર ત્રણેય દિવસ ફિલ્મના સેટ પર હાજર રહી શૂટિંગ સમયસર પૂરું થાય એની તકેદારી રાખે છે.

ચીનમાં નવા વર્ષની ઉજવણી જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં થતી હોય છે. એના થોડા દિવસો પહેલાં ૬૦ વર્ષની અભિનેત્રી જિન યૂ ગાત્રો થીજી જાય એવી કડકડતી ટાઢમાં નિયત શૂટિંગ પૂરું થયા પછી તરત ૩૦૦ કિલોમીટર દૂર પોતાના નિવાસસ્થાને પાછી ફરે છે.

આવાં ઉદાહરણ વિવિધ કારણોસર સતત વિસ્મય પમાડતા અને યુએસ જેવી મહાસત્તામાં ધ્રુજારી ઉત્પન્ન કરવાની ક્ષમતા અને તાકાત ધરાવતા એશિયાઈ દેશ ચીનની મનોરંજનની દુનિયાનાં નવાં સ્વરૂપ માઇક્રો ડ્રામા ઇન્ડસ્ટ્રીના છે.

૨૦૧૮માં શૉર્ટ વીડિયો પ્લૅટફૉર્મ પર ડોકિયું કર્યા બાદ કોવિડ-૧૯ની મહામારીના સમયકાળમાં (૨૦૨૦ - ૨૦૨૧)માં આ ઇન્ડસ્ટ્રીમાં વેગ આવ્યો. સરકારી પીઠબળ ધરાવતી ચીનની એન્ટરટેઇનમેન્ટ ઇન્ડસ્ટ્રીનું આ નવું સ્વરૂપ જનતા માટે મનોરંજનના એક અલાયદા વિકલ્પ તરીકે ઊભરી રહ્યું છે. એટલું જ નહીં, એનું અર્થકારણ સ્કાયસ્ક્રેપર-ગગનચૂંબી ઇમારત જેવું નહીં, પણ બે માળના બાંધકામ જેટલું અને ક્યારેક તો એક સિંગલ રૂમ જેટલું હોવાથી અનેક આશાસ્પદ અને હોંશીલા ક્રિયેટિવ લોકો આ માધ્યમને અપનાવી સર્જન પ્રક્રિયા અંગે ઉત્સાહ દાખવી રહ્યા છે.

આમાં સૌથી રસપ્રદ વાત તો એ છે કે અનેક વડીલોને-૬૦ વર્ષથી વધુ ઉંમરના કલાકારોને આ ઇન્ડસ્ટ્રીમાં નવી નવી તક મળી રહી છે. ૩૦ સેકંડથી લઈ પાંચ મિનિટના એપિસોડ ધરાવતા શૉર્ટ ફૉર્મ વીડિયો શૃંખલાની લોકપ્રિયતા પાંખો ફેલાવી રહી છે. છેલ્લાં બે વર્ષમાં આ ઉદ્યોગે સ્પીડ પકડી છે અને અનેક ઍક્ટર્સ આ માધ્યમ માટે પણ ઉત્કંઠા દેખાડી રહ્યા છે.

મજેદાર વાત તો એ છે કે હમણાં આપણે જે બે વડીલ વૂ ગ્વેસૂંગ અને જિન યૂની વાત કરી એ લોકો વર્ષોથી અભિનય કરી રહ્યાં છે એવું નથી. નોકરીમાંથી રિટાયરમેન્ટ લીધા પછી નિવૃત્તિ પછીની પ્રવૃત્તિ તરીકે તેમણે માઇક્રો ડ્રામા ઇન્ડસ્ટ્રીનો વિકલ્પ સ્વીકાર્યો છે. અનેક વડીલો ઉંમર પ્રમાણે નિરાંતના જીવનને પ્રાધાન્ય આપી રહ્યા છે ત્યારે કેટલાક મુરબ્બીઓ વહેલી સવારે સેટ પર હાજર થઈ જવું, મોડી રાત્રે કે આવશ્યકતા હોય તો લેટ નાઇટ શૂટિંગ કરવું, શિયાળાની કડકડતી ઠંડીમાં ઉનાળાનાં દૃશ્યોનું ફિલ્માંકન કરવું વગેરે બાબત સહજતાથી અપનાવી રહ્યા છે. તેમના માટે આ એક રૂટિન છે-દૈનિક ક્રમ છે. અલબત્ત, ઘણી મહેનત કરવી પડે છે. 'આ કંઈ મોસાળ નથી કે મા પીરસણ હોય. કોઈ વસ્તુ આસાનીથી નથી મળી જતી, પણ જો કામ કરવામાં આનંદ આવતો હોય તો આગળ કેમ વધવું એ આવડી જાય છે.' જિન યૂ ફોડ પાડી જણાવે છે.

એકવીસમી સદીના ત્રીજા દાયકામાં સ્થિર ગતિએ આગળ વધી વિકાસ કરી રહેલી ચીનની માઇક્રો ડ્રામા ઇન્ડસ્ટ્રીમાં વૂ ગ્વેસૂંગ અને જિન યૂ સહિત અનેક વડીલોને અભિનયના અજવાળા પાથરવાનો મોકો મળી રહ્યો છે. ત્રીસેક સેકંડથી માંડી પાંચ મિનિટ લંબાઈ ધરાવતી 'વર્ટિકલી ફિલ્મ્ડ સિરીઝ' (મોબાઇલ ફોનના સ્ક્રીનમાં ફિટ થઈ જાય એવી ટેક્નૉલૉજીથી શૂટ કરવામાં આવેલી એપિસોડ સ્ટોરી) છેલ્લાં થોડાં વર્ષોમાં અફાટ લોકપ્રિયતા મેળવી રહી છે. મોટી સંખ્યામાં ઍક્ટરો આ માધ્યમ પ્રત્યે ખેંચાણ અનુભવી એને અજમાવી રહ્યા છે. અનેક લોકો નોકરીમાંથી નિવૃત્તિ લીધા પછી અભિનયને અપનાવી રહ્યા છે.

જિન યૂ માટે તો આ કિશોરાવસ્થાનું સપનું સાકાર કરવાની ઘડી છે. ૧૬ વર્ષની ઉંમરે શાંઘાઈ શહેરમાં યુથ ડ્રામા કંપનીમાં તેણે કામ કર્યું હતું. અભિનયની પાઠશાળામાં આગળ વધવાની એની તમન્ના હતી, પણ માતા-પિતાએ કહી દીધું કે 'બેટા, પહેલાં ભણવાનું.' ઍક્ટિંગની સૂટકેસ માળિયે ચડાવી જિન યૂએ ઈંગ્લિશ ભાષાના વિષયમાં ગ્રૅજ્યુએટ થઈ. ત્યાર બાદ ૩૩ વર્ષ નોકરી કરી ૨૦૨૧માં નિવૃત્તિ લીધા બાદ પોતાની મનગમતી અભિનય પ્રવૃત્તિમાં ઝુકાવવાનું નક્કી કર્યું. ટીવી શો, મ્યુઝિકલ પ્રોગ્રામ વગેરેમાં પરફૉર્મ કર્યા પછી ૨૦૨૪થી તેણે માઇક્રો ડ્રામામાં કામ કરવાની શરૂઆત કરી. બે વર્ષમાં બારેક પ્રોડક્શનમાં તેણે કામ કર્યું છે. એમાંથી કેટલીક સિરીઝને તો એક બિલિયન કરતાં વધુ વ્યૂઝ મળ્યા છે.

ચીનમાં માઇક્રો ડ્રામા શૈલીની સિરીઝની શરૂઆત થઈ ૨૦૧૩માં. શરૂઆતમાં એની ખાસ નોંધ ન લેવાઈ અને સનસનીખેજ વાર્તા અને અણધાર્યા વળાંક લેતી કથા ધરાવતા આ સ્વરૂપને મનોરંજન ઉદ્યોગમાં 'પીટ કલાસ ડ્રામા' તરીકે ઓળખાણ મળી હતી. ફિલ્મો અને ટીવી સિરીઝ સરખામણીમાં એના માટે આદર ઓછો હતો. જોકે, કોવિડ મહામારી પછી પરંપરાગત ફિલ્મ ઉદ્યોગ અને ટીવી ક્ષેત્ર સંકોચાઈ જવાથી નાના બજેટના ફટાફટ પૂરા થઈ જતા માઇક્રો ડ્રામાનો ફેલાવો ચારેકોર ફેલાવા લાગ્યો. ૨૦૨૪ સુધીમાં તો ચીનની માઇક્રો ડ્રામા સિરીઝનો વકરો દેશની ફિલ્મ ઇન્ડસ્ટ્રી કરતાં પણ વધી ગયો. ૨૦૨૭ સુધીમાં આ નવી ઇન્ડસ્ટ્રીનું ટર્નઓવર ૧૦૦ બિલિયન યુઆન (આશરે ૧૪૦૦ અબજ રૂપિયા) આંબી જવાની ગણતરી મુકાઈ છે. ૨૦૨૫માં ૪૦ હજાર વર્ટિકલ ફૉર્મેટના ડ્રામા ઑનલાઇન રિલીઝ થયા હતા. મતલબ કે દરરોજ નવા નક્કોર ૧૧૦ એપિસોડ. જાણે મનોરંજનનો મહાકુંભ. ટૂંકમાં મનોરંજનના મહાકુંભમાં અનેક વડીલો સહિત અન્ય લોકો ડૂબકી લગાવી કામકાજ મેળવી રહ્યા છે.


માઇક્રો ડ્રામાના કથાનકના કેન્દ્રમાં જુવાનિયા હોય છે, પણ આ સિરીઝમાં અનેક સહાયક અભિનેતા - અભિનેત્રીની જરૂર પડે છે. જેમકે માતા-પિતા, સગાંસંબંધીઓ, પાડોશીઓ વગેરેનાં પાત્રો હોય છે અને આ પાત્રો મોટાભાગે સિનિયર સિટિઝન સાકાર કરતા હોય છે. ક્યારેક તો અહીં વડીલોની અછત પણ સર્જાય છે. એક નિર્માતાએ જણાવ્યા અનુસાર માઇક્રો ડ્રામાનું નિર્માણ જેટ સ્પીડમાં થતું હોય છે. યુવા કલાકારો ઘણી વાર દિવસના ૧૦ તો ક્યારેક ૨૦ કલાક સુધી કામ કરતા હોય છે. અલબત્ત, વડીલોએ અમુક સીન જ કરવાના હોવાથી અને યુનિટના સભ્યોના સહયોગથી તેમના પર યંગસ્ટર્સ જેટલું પ્રેશર નથી રહેતું. તેમ છતાં મોડી રાત સુધી શૂટિંગ કે સેટ પર લાંબી રાહ વગેરેમાંથી છૂટકો નથી. ■

---

#### એન્ટરટેઇન્મેન્ટથી એન્વાયર્નમેન્ટ સુધી....

## ફિલ્મ્સ પર્યાવરણ પ્રત્યેનો આપણો વ્યવહાર બદલી શકે ખરો?

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા













દર વર્ષે પાંચ જૂને 'વિશ્વ પર્યાવરણ દિવસ' (વર્લ્ડ એન્વાયર્નમેન્ટ ડે) આવે ત્યારે સરકારો નવી યોજનાઓ જાહેર કરે છે, પર્યાવરણપ્રેમીઓ અભિયાન ચલાવે છે અને સોશ્યલ મીડિયામાં પૃથ્વીને બચાવવા અંગેની પોસ્ટ્સ છવાઈ જાય છે.

હકીકતમાં જોવામાં આવે તો પર્યાવરણ વિશેની સમજ ઘણા લોકોને વૈજ્ઞાનિક અહેવાલો કે સરકારી દસ્તાવેજોમાંથી નહીં, પરંતુ સિનેમામાંથી મળે છે. ફિલ્મ્સ વર્ષોથી લોકોની કલ્પનાઓને આકાર આપતી આવી છે, તેમની માનસિકતા પર અસર કરતી આવી છે અને અનેક મહત્ત્વના મુદ્દાઓ પર ચર્ચાઓ શરૂ કરાવતી આવી છે. દાયકાઓથી દુનિયાભરના ફિલ્મસર્જકો પ્રકૃતિ અને માનવજાત વચ્ચેના સંબંધને પોતાની વાર્તાઓમાં રજૂ કરતા આવ્યા છે. ઘણી ફિલ્મ્સ લાલચ, કુદરતી સંસાધનોના શોષણ અને પર્યાવરણ પ્રત્યેની બેદરકારીનાં પરિણામો વિશે ચેતવણી આપે છે.

આ બધા વચ્ચે સિનેમાની સૌથી મોટી શક્તિ એ છે કે તે કૉમ્પ્લેક્સ જટિલ લાગતા વિષયોને ભાવનાત્મક અનુભવોમાં ફેરવી દે છે. કદાચ બહુ ઓછા લોકો જલવાયુ પરિવર્તન અથવા જૈવવિવિધતાના નુકસાન અંગેના લાંબા અહેવાલો વાંચે, પરંતુ જ્યારે એ જ મુદ્દાઓ પાત્રો અને તેમની લાગણીઓ દ્વારા થિયેટરમાં રજૂ થાય ત્યારે તે સીધા દિલ સુધી પહોંચે છે.

આ બાબતનું સૌથી મોટું ઉદાહરણ જેમ્સ કેમેરોનની ફિલ્મ 'એવેટાર' (હા, 'અવતાર' નહીં) છે. બહારથી જોતાં આ એક ફેન્ટેસી-ઍડ્વેન્ચર ફિલ્મ લાગે છે, પરંતુ તેની અંદર પર્યાવરણ સંબંધિત મજબૂત સંદેશ છુપાયેલો છે. 'એવેટાર'ની ખાસ વાત એ હતી કે તેણે પર્યાવરણનો સંદેશ એવા દર્શકો સુધી પહોંચાડ્યો જે કદાચ પર્યાવરણ વિષયક કોઈ ફિલ્મ જોવા ખાસ ન જતા હોય. દુનિયાની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ્સમાં સ્થાન મેળવ્યા પછી તેણે સાબિત કર્યું કે પર્યાવરણ જેવા વિષયો પણ મેઈનસ્ટ્રીમ મનોરંજનનો ભાગ બની શકે છે.

ઍનિમેશન ફિલ્મ્સે પણ પર્યાવરણ અંગે જાગૃતિ ફેલાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. પિક્સારની 'વોલ-ઈ' કદાચ અત્યાર સુધીની સૌથી અસરકારક પર્યાવરણીય ફિલ્મ્સમાંની એક ગણાય. કચરાના ઢગલાઓથી ઢંકાયેલી પૃથ્વીની તેની ફ્યુચર ઇમેજિનેશન એક રીતે રમૂજી પણ છે અને ચિંતાજનક પણ. કોઈ ઉપદેશ આપ્યા વગર ફિલ્મ ગ્રાહકવાદ, વધુપડતા વપરાશ અને ટેક્નૉલૉજી પર વધતી નિર્ભરતા જેવા મુદ્દાઓ પર વિચાર કરવા મજબૂર કરે છે. ફિલ્મ રિલીઝ થયાને વર્ષો વીતી ગયા હોવા છતાં કચરા અને ટકાઉ જીવનશૈલી અંગેની ચર્ચાઓમાં 'વોલ-ઈ'નો ઉલ્લેખ હજુ પણ થાય છે. આ જ સિનેમાની અસર છે.

બીજી બાજુ, કેટલીક ફિલ્મ્સ પર્યાવરણના મુદ્દાઓને વધુ વાસ્તવિક રીતે રજૂ કરે છે. 'એરિન બ્રોકોવિચ' એવી જ એક ફિલ્મ છે. એક સાચી ઘટનાથી પ્રેરિત આ ફિલ્મ એક કંપની દ્વારા પાણીના પ્રદૂષણ સામે લડાયેલા કાનૂની સંઘર્ષની વાત કરે છે. આ ફિલ્મ બતાવે છે કે પર્યાવરણનો પ્રશ્ન માત્ર બરફ ઓગળવાનો કે વરસાદી જંગલોનો જ નથી. તે સ્વચ્છ પાણી, સ્વચ્છ હવા અને સામાન્ય લોકોના આરોગ્ય સાથે પણ સીધો સંબંધ ધરાવે છે.

હોલિવૂડ વારંવાર પર્યાવરણ સંબંધિત વિષયો તરફ પાછું ફરતું રહ્યું છે. 'ધ ડે આફ્ટર ટુમોરો'એ જલવાયુ પરિવર્તનને એક વિશાળ આપત્તિની ફિલ્મના સ્વરૂપમાં રજૂ કર્યું હતું. તેનાં વૈજ્ઞાનિક તથ્યો અંગે ચર્ચાઓ થઈ હતી, પરંતુ એ વાત નકારી શકાય નહીં કે આ ફિલ્મે જલવાયુ પરિવર્તનને મુખ્ય પ્રવાહની ચર્ચાનો વિષય બનાવવામાં મદદ કરી હતી. તાજેતરમાં આવેલી 'ડોન્ટ લુક અપ'એ વ્યંગાત્મક રીતે બતાવ્યું કે માનવ સમાજ કેવી રીતે પોતાના અસ્તિત્વ માટેનાં જોખમોને અવગણે છે.

વિશ્વ સિનેમામાં પણ પર્યાવરણ અંગેની અનેક યાદગાર ફિલ્મ્સ જોવા મળે છે. જાપાનની એનિમેશન ક્લાસિક 'પ્રિન્સેસ મોનોનોકે' ઔદ્યોગિક વિકાસ અને કુદરતના સંરક્ષણ વચ્ચેના સંઘર્ષને અત્યંત સંવેદનશીલ રીતે રજૂ કરે છે. દિગ્દર્શક હાયાઓ મિયાઝાકીની બીજી ફિલ્મ 'નૌસિકા ઑફ ધ વેલી ઑફ ધ વિન્ડ'માં પણ માનવજાત અને કુદરત વચ્ચેના સંબંધને કેન્દ્રસ્થાને રાખવામાં આવ્યો છે.

આજ રીતે ડૉક્યુમેન્ટરી ફિલ્મ્સે તો પર્યાવરણ પ્રત્યેની જાગૃતિમાં સીધી અસર પેદા કરી છે. 'એન ઇનકન્વિનિયન્ટ ટ્રુથ'એ એન્વાયર્નમેન્ટ અંગેની ચર્ચાને વૈશ્વિક સ્તરે પહોંચાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ત્યાર બાદ 'માય ઑક્ટોપસ ટીચર', 'સીસ્પિરસી' અને ડેવિડ એટનબરોની 'અ લાઇફ ઑન અવર પ્લેનેટ' જેવી ફિલ્મ્સે લોકોને ફરી કુદરતી વિશ્વ સાથે ઇમોશનલી જોડ્યા છે. આ ફિલ્મ્સ સાબિત કરે છે કે પર્યાવરણ અંગે વાત કરવા માટે હંમેશાં કલ્પિત દુનિયા કે વિનાશકારી દૃશ્યોની જરૂર નથી પડતી. ઘણીવાર કુદરતની સુંદરતા અને તેની નાજુકતા બતાવવી જ પૂરતી હોય છે.

આ બધા વચ્ચે ભારતીય સિનેમાએ પર્યાવરણના મુદ્દાઓને પ્રમાણમાં ઓછું સ્થાન આપ્યું છે, પરંતુ જ્યારે આપ્યું છે ત્યારે અસરકારક રીતે આપ્યું છે. 'કડવી હવા'એ જલવાયુ પરિવર્તનના કારણે પ્રભાવિત થતા સામાન્ય લોકોની વાત કરી હતી. આ ફિલ્મે બતાવ્યું કે પર્યાવરણ માત્ર વૈશ્વિક ચર્ચાનો વિષય નથી, પરંતુ ગામડાંઓ અને ખેડૂતોના જીવનને અસર કરતી વાસ્તવિક સમસ્યા છે.

'શેરની'એ વન્યજીવન સંરક્ષણ, સરકારી તંત્ર અને વિકાસ વચ્ચેના જટિલ સંબંધોને રજૂ કર્યા હતા.

આ વિશ્વ પર્યાવરણ દિવસે એ વાત યાદ રાખવાની જરૂર છે કે દરેક મોટું પરિવર્તન કલ્પના અને વિચારથી શરૂ થાય છે. તેની પાછળ સિનેમા હોઈ શકે છે. તેમ છતાં સિનેમાની શક્તિને સમજવી જરૂરી છે. માત્ર ફિલ્મ્સ જોઈને દુનિયા બદલાઈ જતી નથી. 'એવેટાર' જોવાથી કોઈ વ્યક્તિ પર્યાવરણપ્રેમી બની શકે, પણ વાસ્તવિક પરિવર્તન માટે નીતિઓ, શિક્ષણ, સામાજિક આંદોલનો અને સામૂહિક પ્રયાસોની જરૂર પડે છે, પરંતુ ફિલ્મ્સ એક અલગ અને મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

તે લોકોની સમસ્યાઓને જોવાની દૃષ્ટિ બદલે છે. ■

**લાસ્ટ શૉટ**

*'પૃથ્વી એ એવી એકમાત્ર વસ્તુ છે જે આપણા બધા માટે સમાન છે.' વેન્ડેલ બેરી*

દર સપ્તાહે વાંચો વિશેષ વાંચન સામગ્રી
ધર્મતેજ
તન-મન-ધનથી રહો તરોતાજા
ઈન્ટરવલ
લાડકી
પુરુષ
મેટિની
વીક-એન્ડ
ઉત્સવ
દરરોજ કંઈક નવું- દરરોજ કશું અનોખું!

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બૅક

# રહેં ના રહેં હમ, મહેકા કરેંગે...

## લતા મંગેશકરને મળતો અવાજના લેબલવાળી કારકિર્દી હોવા છતાં સુમન કલ્યાણપુર અનેક યાદગાર ગીતોને કારણે સ્મરણમાં રહેશે.



સુમન કલ્યાણપુર

લતા મંગેશકર એક એવો વિરાટ વડલો હતો જેની સામે ગીતા દત્ત, શમશાદ બેગમ, આશા ભોસલે અને સુમન કલ્યાણપુર સહિત અન્ય ઘટાદાર વૃક્ષ કાબેલિયત અનુસાર પ્રભાવશાળી સાબિત ન થઈ શક્યાં. એમાંય આશા ભોસલે અને સુમન કલ્યાણપુર એ બંને ગાયિકા ટોચનાં-અગ્રણી સંગીતકારો માટે પ્રથમ પસંદ નહોતાં-સેકન્ડ ચૉઇસ હતાં. અલબત્ત, એમની કારકિર્દીનું વિહંગાવલોકન કરતાં એ વાતનો જરૂર ખ્યાલ આવે છે કે અગ્રણી સંગીતકારો માટે એ અમુક તબક્કે પ્રથમ પસંદ બન્યાં હતાં જ્યારે લતા મંગેશકર કોઈ કારણસર ઉપલબ્ધ નહોતાં ત્યારે... સચિન દેવ બર્મન માટે લતાદીદી નંબર વન સિંગર હતાં. જોકે 'મિસ ઇન્ડિયા' (૧૯૫૭)ના ગીત તૈયાર થઈ રહ્યાં હતા ત્યારે બંને વચ્ચે ગેરસમજ થઈ અને બંનેએ એકબીજા સાથે કામ નહીં કરવાની જીદ પકડી અને આશા ભોસલેને એન્ટ્રી મળી. ૧૯૫૭થી પરિસ્થિતિ બદલવાની શરૂઆત થઈ જેના મૂળમાં 'મિસ ઇન્ડિયા' ફિલ્મ હતી. લતાજીના નામ પર બર્મનદાએ ચોકડી મારી અને ૧૯૫૭થી ૧૯૬૩ દરમિયાન આશાજી એસ ડી.નાં નંબર વન ગાયિકા બની ગયાં. ઓ. પી. નય્યરને લતાદીદી સાથે વાંકું પડ્યું અને આશાજી તેમના નંબર વન સિંગર બની ગયાં. સુમન કલ્યાણપુર સાથે આ જ વાતનું પુનરાવર્તન થયું.

વાત છે ૧૯૬૦ના દાયકાની. હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં દસે દિશામાં જો કોઈ નામ ગુંજતું હતું તો એ લતા મંગેશકર હતું. ટોચના દરેક સંગીતકાર એમની પાસે ગીત ગવડાવવા ઉત્સુક હતા. પુરુષ યુગલ ગીતોમાં દીદીની જોડી મોહમ્મદ રફી સાથે ખૂબ જામી હતી. રૉયલ્ટીના મુદ્દે લતા-રફી વચ્ચે અંટસ થઈ અને બંનેએ એકબીજા સાથે નહીં ગાવાનો નિર્ધાર કર્યો. જોકે સંગીતકારો રફી સાથેના યુગલ ગીતનું આકર્ષણ ગુમાવવા નહોતા માગતા અને લતાદીદીના નનૈયાએ સુમન કલ્યાણપુર માટે નાનકડી જાજમ પાથરી દીધી અને આપણને એમનાં 'આજકલ તેરે મેરે પ્યાર કે ચર્ચે હર ઝુબાં પર' (બ્રહ્મચારી), 'પર્બતોં કે પેડો પર શામ કા બસેરા હૈ (શગૂન), 'તુમને પુકારા ઔર હમ ચલે આએ' (રાજકુમાર), 'દિલ ને ફિર યાદ કિયા બર્ક સી લેહરાઈ હૈ' (દિલ ને ફિર યાદ કિયા) જેવાં ઘણાં યાદગાર ગીતો મળ્યાં.

સુમન હેમાડી (પિયરની અટક)નો જન્મ ૨૮ જાન્યુઆરી ૧૯૩૭માં. પરિવારમાં સંગીતને પ્રાધાન્ય હોવાથી સુમનજીની રુચિ સંગીત માટે કેળવાઈ એ સ્વાભાવિક હતું. ૧૯૫૨માં ઑલ ઇન્ડિયા રેડિયો માટે ગાવાની તક મળી અને એને પગલે મરાઠી ફિલ્મ માટે ગાવાનો મોકો મળ્યો. આ ગીત હિન્દી ફિલ્મોના પડછંદ ઍક્ટર અને ફિલ્મ નિર્માતા શેખ મુખ્તારને પસંદ પડી ગયું. તે 'મંગુ' (૧૯૫૪) નામની ફિલ્મ બનાવતા હતા અને એમાં તેમણે સુમન હેમાડી પાસે ગીત (કોઈ પુકારે ધીરે સે તુજે) ગવડાવ્યું અને હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં તેમની પધરામણી થઈ એવું ફિલ્મ ઇતિહાસના ચોપડે નોંધાયું છે. જોકે એક એવી પણ



ગાયક મોહમ્મદ રફી સાથે

ગીતોની રેકૉર્ડ પ્રથમ બહાર પડી હતી. 'દરવાજા'માં કુલ આઠ ગીત હતાં, જેમાંથી પાંચમાં સુમનજીની હાજરી હતી. બે સોલો, બે ગીતમાં ત્રણ ગાયિકા પૈકી એક અને એક ગીત હતું તલત મેહમૂદ સાથે ડ્યુએટ. આધારભૂત જાણકારી અનુસાર મુંબઈના એકાદા સંગીત કાર્યક્રમમાં તલતજીએ સુમનનું ગીત સાંભળ્યું અને પ્રભાવિત થયા અને એ સમયે સુમન હેમાડીની કોઈ ઓળખ ન બની હોવા છતાં તલતજી એમની સાથે ગાવા રાજી હતા. 'દરવાજા' માટે તલત મેહમૂદ સાથેના 'એક દિલ દો હૈં તલબગાર બડી મુશ્કિલ હૈ' યુગલ ગીતથી સુમન હેમાડીનું નામ ફિલ્મ વર્તુળમાં જાણીતું બની ગયું.

'લતા મંગેશકરને મળતો અવાજ' એ લેબલ સુમન કલ્યાણપુર માટે અવસર હતું કે આફત એ નક્કી કરવું આસાન નથી. તેમની પુત્રીના સંદર્ભ સાથે ભૂતકાળમાં વાંચેલો એક કિસ્સો આ બાબત પર પ્રકાશ પાડે છે.

એક સમયના દૂરદર્શન પર પ્રસારિત થતા 'છાયાગીત' નામના અત્યંત લોકપ્રિય કાર્યક્રમમાં સુમનજીએ ગાયેલું ખૂબ જ જાણીતું ફિલ્મ 'જબ જબ ફૂલ ખીલે'નું ગીત 'ના ના કરતે પ્યાર તુમ્હી સે કર બૈઠે' પ્રસારિત કરવામાં આવ્યું હતું. એ સમયે ટેલીવિઝન પર સરતચૂકથી લતા મંગેશકરની તસવીર દેખાડવામાં આવી હતી. દીકરીએ તરત પ્રસાર ભારતીને ફોન કરી જણાવ્યું કે 'આ ગીત તો મારાં મમ્મી (સુમન કલ્યાણપુર)એ ગાયું છે.' આ વાત જાણ્યા પછી ડીડીએ ભૂલ સુધારીને સ્પષ્ટતા કરી હતી કે નહીં એની જાણકારી નથી, પણ સુમન કલ્યાણપુર સાથે આવું ઘણી વાર બન્યું હતું એની જાણકારી અનેક લોકોને હતી.

એક બહુ જાણીતી કહેવત છે કે 'દરેક સફળ પુરુષ પાછળ એક સ્ત્રીનો હાથ હોય છે. સુમનજીના કેસમાં આ કહેવત ફેરવીને કહેવું જોઈએ કે 'અમુક સફળ મહિલા પાછળ પુરુષનો હાથ હોય છે.' ૨૧ વર્ષની ઉંમરે મુંબઈના બિઝનેસમૅન રામાનંદ કલ્યાણપુર સાથે લગ્ન કરી સુમન હેમાડી સુમન કલ્યાણપુર બન્યાં. મિસ્ટર રામાનંદએ પત્ની ગૃહિણી બની ઘરનું બધું ધ્યાન રાખે અથવા બિઝનેસમાં મદદરૂપ થાય એવો કોઈ આગ્રહ ન રાખ્યો. બલ્કે ગાયિકા તરીકે કારકિર્દી આગળ વધારવા ઉત્તેજન આપ્યું. રિયાઝ-તાલીમ નિયમિતપણે અને સમયસર થાય એની કાળજી રાખવા ઉપરાંત દરેક રેકૉર્ડિંગ વખતે સાથે જવા લાગ્યા. આ કોશિશને કારણે પિતાના અવસાન પછી ખાલીપો અનુભવતાં સુમનજીને માનસિક શાંતિ આધાર તો મળ્યા. રામાનંદજી કૉન્ટ્રેક્ટ, સંગીતકાર સાથેની મીટિંગ - સીટિંગ જેવી વિવિધ કાર્યકારી બાબતોનું ધ્યાન રાખતા હોવાથી સુમન કલ્યાણપુર માત્ર અને માત્ર ગાયકી પર ધ્યાન કેન્દ્રિત કરી શક્યાં. તે સ્ટુડિયો રેકૉર્ડિંગમાં વ્યસ્ત હોય ત્યારે ઘરકામની બધી જવાબદારીઓ રામાનંદજી સંભાળી લેતા. પરિણામે સુમનજી માટે સંગીત જ સંસાર બની ગયું. રસપ્રદ વાત એ છે કે પતિ પત્નીના દરેક ગીતના સાંગીતિક સ્વરૂપથી વાકેફ હતા અને સુમન કલ્યાણપુરના એન્સાઇક્લોપીડિયા તરીકે એમની ઓળખ બની ગઈ હતી. સુમનજીએ ગાયેલાં ગુજરાતી ગીતોની જાણકારી એમને હાથવગી રહેતી.

આશ્ચર્યની વાત એ છે કે સુમન કલ્યાણપુરએ લતાદીદી સાથે પણ એક યુગલ ગીત ગાયું છે. લેખરાજ ભારતી લિખિત અને દિગ્દર્શિત અને બલરાજ સાહની, મીના કુમારી, મનોજ કુમારની મુખ્ય ભૂમિકા ધરાવતા 'ચાંદ' ચિત્રપટમાં 'કભી આજ કભી કલ' બંને ગાયિકાએ સાથે ગાયેલું એકમાત્ર ગીત છે. જોકે સુચિત્રા સેન, ધર્મેન્દ્ર અને અશોક કુમારની 'મમતા' (૧૯૬૬) ફિલ્મમાં મજરૂહ સુલતાનપુરીના અવિસ્મરણીય ગીત 'રહેં ના રહેં હમ, મેહકા કરેંગે' સોલો સૉન્ગ લતા મંગેશકરના અવાજમાં છે, જ્યારે રફી સાથેના ડ્યુએટમાં સુમન કલ્યાણપુરનો સ્વર છે.! ■

---

ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

## આ છે 'ધુરંધર'ની આડઅસર?




બોલિવૂડનું ધરખમ બૅનર એટલે યશરાજ. આ યશરાજ પોતાનું પર્સનલ સ્પાય યુનિવર્સ ચલાવે છે. આ સ્પાય યુનિવર્સની છેલ્લી ફિલ્મ 'વૉર ટુ' બૉક્સ ઑફિસ પર ધબાય નમઃ થઈ ગઈ હતી, પરંતુ વાત એની નથી, વાત યશરાજના સ્પાય યુનિવર્સમાં રહેલી એક ખોટની છે. આ ખોટની ટીકા એટલે કે ઘનઘોર ટીકા ફિલ્મી રસિયાઓ કાયમ કરતાં હોય છે. યશરાજના જે જાસૂસો છે એ પાકિસ્તાની જાસૂસોની મદદ લઈને મિશન પાર પાડતા હોય છે.

આટલું ઓછું હોય એમ અમુક જાસૂસો તો પાકિસ્તાની મહિલા જાસૂસના પ્રેમમાં પણ પડી જાય છે. જાસૂસીની દુનિયામાં 'કૉમ્પ્રોમાઇઝ' કરીને એક શબ્દ છે. તો, જો ભારતનો દાનો દુશ્મન એવા પાકિસ્તાનના જાસૂસમાં ભારત માટે ખાનગી કામ કરતી વ્યક્તિ પ્રેમ જોવે તો શું એ સરળતાથી કૉમ્પ્રોમાઇઝ ન થઈ જાય? લૉજિકને બાજુમાં મૂકીએ તો પણ આ વાત કોઈ કાળે ગળે ઊતરતી નથી.

હવે, આ જ યશરાજ યુનિવર્સની 'આલ્ફા' આવતે મહિને રિલીઝ થાય છે. 'આલ્ફા' મહિલા જાસૂસની વાર્તા કરશે. સમાચાર છે કે આ મહિલા જાસૂસ એટલે કે આલિયા ભટ્ટ કોઈ પાકિસ્તાનીના પ્રેમમાં નહીં પડે કે તે કોઈ પાકિસ્તાનીની મદદ પણ નહીં લે.

ટૂંકમાં, જે સાચું છે એ જ આ ફિલ્મમાં દેખાડવામાં આવશે તો આવું તો આપણે પહેલી વાર 'ધુરંધર'માં જોયું. તો શું યશરાજે 'ધુરંધર'ની ધમાકેદાર સફળતા પછી 'આલ્ફા'નો ટોન બદલ્યો હશે?

કારણ કે ભારતીયોએ તો 'ધુરંધર'ને તેના સત્યને લીધે ખૂબ પ્રેમ આપ્યો છે. એવામાં જો પાકિસ્તાન પ્રેમ 'આલ્ફા' પણ દેખાડે તો યશરાજને વધુ નુકસાન ખમવું પડે. સરવાળે યશરાજે દર્શકની 'નાડ પારખી લીધી' લાગે છે અને એટલે જ 'આલ્ફા'ને પ્રદૂષિત ન કરવાનો નિર્ણય લેવાયો હોય એ શક્ય છે.

## રણવીર - ફરહાનઃ લો, હવે નવો ફણગો...



ફરહાન - રણવીર

'ડૉન ૩'ના વિવાદમાં મોટેભાગે એવું જોવા મળ્યું છે કે મીડિયા અને સોશ્યલ મીડિયા રણવીરની તરફેણ વધુ કરે છે. તો અમારી પાસે જે માહિતી ઉપલબ્ધ છે એ પ્રમાણે આપણે ફરહાનની સાઇડ પણ જોવી જોઈએ.

ફરહાનની કંપની 'એક્સેલ એન્ટરટેઇનમેન્ટ' સાથે સંકળાયેલી એક વ્યક્તિએ કહ્યું છે કે 'ડૉન ૩'ની તમામ તૈયારી ગયા વર્ષના અંતમાં જ પૂર્ણ થઈ ગઈ હતી.

ફિલ્મ આ વર્ષે જાન્યુઆરીમાં શરૂ થવાની હતી. ૭ ઑગસ્ટ, ૨૦૨૪ના દિવસે રણવીર અને 'એક્સેલ' વચ્ચે કૉન્ટ્રેક્ટની શરતો નક્કી થઈ હતી.

ગયા વર્ષે માર્ચની ૨૫ તારીખે રણવીરની ટીમ સાથે સ્ક્રિપ્ટનો ફાઇનલ ડ્રાફ્ટ શૅર કરવામાં આવ્યો. ત્યાર બાદ ૨૫ ઑગસ્ટે ફિલ્મના શૂટ માટે આખો શેડ્યુલ પણ રણવીરને આપી દેવામાં આવ્યો હતો. શૂટિંગ આ વર્ષે જાન્યુઆરીની ૯ તારીખે શરૂ થવાનું હતું અને જુલાઈ મહિનામાં પૂરું થવાનું હતું. આ તો થઈ ભવિષ્યની વાત, પરંતુ એ સમયે રણવીરે ૩થી ૧૨ નવેમ્બર ૨૦૨૫માં

'એક્સેલ'ના ખર્ચે ઍક્શનની ટ્રેનિંગ પણ લઈ લીધી.

ત્યાર બાદ ઍક્શનના રિહર્સલની તારીખો નક્કી થવા લાગી. ગયા ડિસેમ્બરની ૧૫ અને ૧૬ તારીખે સમગ્ર કાસ્ટ સાથે રણવીરે સ્ક્રિપ્ટ રીડિંગમાં પણ ભાગ લીધો. ૧૭ ડિસેમ્બરે એક ટેસ્ટ શેડ્યુલ રાખવામાં આવ્યું હતું જે કોઈ કારણોસર કૅન્સલ થયું .

ત્રણ દિવસ પછી એટલે કે ૨૦ ડિસેમ્બરે રણવીરે કૉલ કરીને ફરહાનને કહી દીધું કે તે 'ડૉન ૩' છોડી રહ્યો છે... રણવીરની સાઇડ આપણે જાણીએ છીએ. હવે ફરહાનની સાઇડ આપણી સામે આવી છે. હવે દર્શકો અને ચાહકો જ પોતે ન્યાય કરે કે કોણ સાચું અને કોણ ખોટું...

## ભાઈ કે પીછે પડ ગયા હિરન ...!




એક ફિલ્મ આવી રહી છે જેનું નામ છે 'કાલા હિરન'. આ ફિલ્મનું પોસ્ટર થોડા દિવસો પહેલાં રિલીઝ થયું. આ પોસ્ટરમાં કોઈ ઍક્ટર ટાઇટ ટી શર્ટમાં બંદૂક તાંકીને ઊભો છે એવું જોવા મળ્યું હતું. આ જોઈને સલમાન ખાનની લીગલ ટીમ ચમકી ઊઠી. અરે આ તો... આગળ લખવાની જરૂર નથી, તમે સમજી જ ગયા કે ભાઈજાનની લીગલ ટીમને એ પોસ્ટરમાં કઈ ઘટના સાથે સમાનતા દેખાઈ હશે. આ 'કાલા હિરન' અમિત જાનીએ પ્રોડ્યુસ કરી છે અને ભરત શ્રીનેત તેના ડાયરેક્ટર છે.

પોસ્ટરથી ભડકેલી ભાઈજાનની લીગલ ટીમે પોતાના 'ક્લાયન્ટ'ને આ મામલે અદાલત જવાની સલાહ સુધ્ધાં આપી દીધી

સ્વાભાવિક છે, આ રીતની સમાનતા સલમાનની 'પ્રતિષ્ઠા' પર કાદવ ઉછાળી શકે છે, પરંતુ સાથેસાથે સલમાન જો કોર્ટમાં જાય તો વળી જે મુદ્દો દાયકાઓથી જોધપુરમાં ક્યાંક ભટકી રહ્યો છે એ પાછો આખા દેશ સામે આવી જાય. જો આમ થાય તો ભાઈજાનના અંદરથી હજી લીલા રહેલા ઘા પર ફરીથી લાકડીનો ફટકો પડે એવું થઈ પડે. એટલે હાલમાં તો ભાઈજાન કન્ફ્યુઝ હૈ કે કોર્ટ કેસ કહાં કરે કે પછી ચૂપ કૈસે રહે! બાકી જો સલમાન ચૂપ રહેશે તો કોઈ વળી 'સુની ફૂટપાથ ઔર બે-લગામ કાર' નામની ફિલ્મ પણ બનાવી શકે છે...! ■

### કટ એન્ડ ઓકે...

*'ટીપ્સ'વાળાએ 'ધર્મા પ્રોડક્શન'ની રણનીતિ અપનાવતાં આજે રિલીઝ થયેલી ફિલ્મ 'હૈ જવાની તો ઇશ્ક હોના હૈ' ફક્ત આજનો દિવસ ૫૦% ડિસ્કાઉન્ટ પર જોઈ શકાશે.*

---

સ્ટાર-યાર-કલાકાર

સંજય છેલ

# સિનેમામાં સંબંધોના તાણાવાણાઃ પેઢી-પરંપરા ને પ્રશ્નો

હમણાં 'રોકઓન' જેવી ફિલ્મમાં આવેલી શહાના ગોસ્વામી નામની ઓછી જાણીતી અભિનેત્રીએ કહ્યું કે તે જ્યારે મૉડેલ-અભિનેતા મિલિન્દ સોમણ સાથે સંબંધમાં હતી ત્યારે તેના બીજા ૩-૪ પ્રેમી પણ હતા અને બધાંને એ મંજૂર હતું. આવા સંબંધોને 'પોલીયામોરસ' (Poliamorous) સંબંધ કહેવાય છે, જેમાં સ્ત્રી કે પુરુષના મુખ્ય પ્રેમી ઉપરાંત બીજા સાથે પણ સંબંધો હોય. હવે આવી ફિલ્મો લખાવાની, બનવાની શરૂ થઈ ગઈ છે. વળી 'એથિકલ મોનોગામી' એટલે કે બહુ પતિત્વ કે પત્નીત્વ જે સ્વીકારાયેલું કે કબૂલાયેલું હોય એવા કપલ્સ પર પણ ફિલ્મો બની રહી છે ત્યારે 'લિવ ઇન રિલેશન' જૂની વાત લાગે ને જૂનો સાચો 'અમર પ્રેમ' હવાઈ વર્ષા લાગે છે.

પહેલાં પ્રણય-ત્રિકોણ પર ફિલ્મો બનતી. એક પ્રૌઢ પણ સુંદર હેમા માલિનીના પ્રેમમાં કમલ હાસન પડી જાય છે અને કમલ હાસનનો બાપ, પૌઢ પણ રૂઆબદાર રાજકુમાર હેમામાલીનીની દીકરી પદ્મિની કોલ્હાપુરીના પ્રેમમાં પડી જાય છે. પછી સંબંધોની એવી ગૂંચવણ ઊભી થાય છે કે હવે હેમામાલિની પેલા રાજકુમારની વેવાણ કહેવાય કે રાજકુમારના દીકરાની વહુ? એ જ રીતે કમલ હાસન, પદ્મિનીનો સાવકો ભાઇ ગણાય કે એનો સાવકો દીકરો? ફિલ્મનું નામ હતુંઃ 'એક નઇ પહેલી'. ૮૦ના દાયકામાં રજૂ થયેલી આ બોલ્ડ ફિલ્મ ત્યારે ૪-૪ સ્ટાર હોવા છતાંયે ફલોપ ગયેલી, પણ આજે 'મનમર્ઝીયાં', 'ગહેરાઇયાં', 'મેટ્રો ઇન દિનો' જેવી કે આડા-ઊભા સંબંધોવાળી કે છૂટાં પડેલા અપરણિત પ્રેમીઓ, બીજા સાથે સંબંધ રાખીને એમની સાથે પરણ્યા વિના પાછાં ફરીથી જૂના પ્રેમી પાસે ફરીથી પરણ્યા વિના સાથે રહેવા તૈયાર હોય એવી અજીબ બોલ્ડ અને બિંદાસ દશ્યોવાળી ફિલ્મ આવે તો ચાલી જાય છે.



પહેલાં લવ સ્ટોરીમાં- 'યે શાદી નહીં હો સકતી'નો મોટો ઈશ્યુ હતો. હવે તો પરણ્યા વિના જ લિવ-ઇન રિલેશનશિપમાં સાથે જીવતાં કપલ્સ, ગમે ત્યારે છુટા પડીને બીજા પ્રેમી કે પ્રેમિકાને રાતોરાત બદલતા છે. આજે ફિલ્મોમાં પાત્રોના સંબંધો એટલા કોમ્પ્લિકેટેડ બની ગયા છે કે ૧૫-૨૦ વરસ અગાઉ રજૂ થયેલી શાહરુખ-રાણી- પ્રીતિ-અભિષેકની 'કભી અલવિદા ના કહેના' કે ૮૦ની યશ ચોપરાની 'સિલસિલા' કે મહેશ ભટ્ટની 'અર્થ' જેવી લગ્નેતર સંબંધોની ફિલ્મ સાવ નિર્દોષ લાગે.

એક ૮-૯ વરસની બાળકી ચાલુ કોર્ટમાં જઇને જજને કહે છે કે મારે મારાં મા-બાપથી ડિવોર્સ જોઇએ છે, કારણ કે એ લોકો સતત ઝગડીને છૂટાછેડાની વાતો કરે રાખે છે! આ એક જૂની હોલિવૂડની ફિલ્મનું દૃશ્ય છે. થોડાં વર્ષો પહેલાં બોલિવૂડમાં આવું દૃશ્ય કલ્પી શકાય નહીં એવું હતું. જોકે હવે ભવિષ્યમમાં બોલિવૂડમાં પણ આવી ફિલ્મ બને તો નવાઈ નહીં. આજે આપણી ફિલ્મોમાં પતિ-પત્ની, મા-બાપ,ભાઇ-ભાઇ કે ભાઇ-બહેનના સંબંધોનું મૂલ્ય જ બદલાઈ ગયું છે.

આજકાલ લોકો મોબાઇલ પર એકલા ફિલ્મો જોતા હોય છે એટલે સપરિવાર ફિલ્મ જોવામાં જે બે આંખની શરમ નડતી એ નથી બચી. મોબાઇલ ફોને અને નેટફ્લિક્સ, હોટસ્ટાર વગેરે ઓ.ટી.ટી. પરની ચિત્ર-વિચિત્ર વેબ-સિરીઝોએ એક પ્રકારની ગુપ્ત કે વિચિત્ર કે કદાચ વિકૃત આનંદ લેવાની વૃત્તિ વધારી દીધી છે. હવે તો એક છોકરો બીજા છોકરાને ચાહે કે કોઇ છોકરી બીજી છોકરીને ચાહે એવા ગે-લેસ્બિયન સંબંધોની વાતો પર, યંત્ર માનવ સાથે પ્રેમ સંબંધોની વાતો પર ફિલ્મો બનવા માંડી છે. ઓફકોર્સ, સમાજમાં પણ સંબંધો, સંસ્કારો, નીતિ નિયમોની વ્યાખ્યાઓ બદલાઇ ચૂકી છે. હવે ધુરંધર ૧-૨, પઠાન, એક થા ટાઇગર ૧-૨, વોર ૧-૨ જેવી સરહદો વચ્ચેના સંઘર્ષ, ખૂફિયા ડિટેક્ટીવોવાળી ફિલ્મો, સૅમ બહાદુર, શેરશાહ, છાવા જેવા વીરશૂરાની બાયોપીક, ક્રિશ ૧-૨, રોબોટ ૧-૨, તેરી બાતો મેં ઉલઝા જિયા જેવી સાયંસ ફિક્શનોના જમાનામાં નિર્દોષ પ્રેમ, પરિવાર વગેરે પાછળ ધકેલાઇ ગયા છે.

અગાઉ ૧૯૫૦-૬૦ના દાયકામાં રાજકપૂર-દેવ આનંદ-દિલીપ કુમારથી લઇને ૧૯૭૦-૮૦ના

દશકામાં રાજેશ ખન્ના, ધર્મેન્દ્ર- જીતેંદ્રની ફિલ્મોમાં પારિવારિક સંબંધોની વેલ્યૂ હતી. અશોક કુમાર કે બલરાજ સહાની કે સુનિલ દત્ત જેવા કલાકારો હંમેશાં મોટા ભાઇ કે ઘરના મોભી બનતા. મીના કુમારી આદર્શ પત્ની બનતી, નંદા હંમેશાં ભાભી કે બહેન બનતી, લલિતા પવાર વઢકણી સાસુ બનતી, નિરૂપા રોય પ્રેમાળ મા બનતી, નાઝિર હુસૈન દીકરીનો દુઃખી બાપ બનતો, કારણ કે ઘરપરિવારની વાર્તાઓ બનતી, પણ ૧૯૭૫માં અમિતાભની શોલે સુપર હિટ થઇ પછી મારધાડ-બદલાવાળી ફિલ્મોમાં પરિવાર કે સંબંધો ધીમે ધીમે બેકગ્રાઉંડમાં જતા રહ્યા.

જોકે ફરી ૧૯૯૦ના દાયકામા સલમાન-શાહરુખ-આમિરના સુવર્ણકાળમાં કે ઇવન હ્રતિક રોશનના શરૂઆતના સમયમાં સંબંધો અને ફીલગુડ ફેમિલી ફિલ્મો ટકી ગઇ, પણ છેલ્લાં ૧૦ વરસમાં એ પણ પછી ધીમે ધીમે આથમવા માંડી. અરે, અમારી પોતાની લખેલી ને નિર્દેશિત ફિલ્મ 'ખૂબસૂરત'(૧૯૯૯)માં એક ભાગેડુ માણસ સંજય દત્ત, કઇ રીતે સંયુક્ત પરિવારને જોડે છે એની વાત હતી, જે નવા નવા મલ્ટિપ્લેક્સની શરૂઆતની હિટ ફિલ્મોમાંની એક હતી, હવે પરિવારનું સ્થાન મિત્રોના ગ્રુપે લીધું છેઃ 'દિલ ચાહતા હૈ', '૩ ઇડિયટ', 'ઝિંદગી ના મિલેગી દોબારા' કે 'છિછોરે' જેવી ફિલ્મોમાં મિત્રોનાં બૉંડિંગ કે પ્રેમની વાર્તાઓ આવવા માંડી. આજે વોટ્સ-એપના ફેમિલી ગ્રૂપમાં ને વીડિયો કોલના જમાનામાં લવ યુ કે સ્માઇલી જેવા ઇમોજીઝના સિંબોલ્સમાં સાચી લાગણી ખોવાઇ ગઇ છે. રાજેશ ખન્નાની ૧૯૮૩ની 'અવતાર' કે એની નવી આવૃત્તિ 'બાગબાન', 'ભાઇ હો તો ઐસા', 'ભાઇ-ભાઇ, 'પ્યારી બહેના', 'ઘર ઘર કી કહાની', 'સૂર્યવંશી', 'હમ સાથ સાથ હૈ', 'હમ આપ કે હૈં કૌન?' જેવી ફિલ્મો બનવી બંધ થઇ ગઇ. પારિવારિક સંબંધોનાં તાણાવાણાં હવે સાસ-બહુની સિરીયલોમાં ઘેરબેઠાં દેખાવા માંડ્યા, જેને માત્ર ટાઇમપાસ કરવા ગૃહિણીઓ જ જુએ છે. વળી એક જમાનામાં હિંદુ-મુસ્લિમ-ખ્રિસ્તીઓની સર્વધર્મ એકતાની કે દેશ એક પરિવાર છે- એવી કથાવાળી 'અમર અકબર ઍંથની' કે 'ધર્મપુત્ર' કે 'ધૂલ કા ફૂલ' જેવી ફિલ્મો બનતી, જેમાં- 'તું હિંદુ બનેગા ના મુસલમાન બનેગા, ઇંસાન કી ઓલાદ હૈ, ઇંસાન બનેગા' જેવા આદર્શવાદી ગીતો લખાતાં. પહેલા 'પડોસન' જેવી ફિલ્મો બનતી અને આજે પાડોસમાં કોણ રહે છે- કે કયા ધર્મ જાતિ ભાષાના લોકોને ઘર ખરીદવા અપાશે એવા નિયમો આવી ગયા છે.. અગાઉ 'મેરે મહેબૂબ' કે 'દિદારે યાર' કે 'નિકાહ' જેવી મુસ્લિમ સામાજિક સોશ્યલ ફિલ્મ બનતી ને ચાલતી પણ ખરી. આજે એવી ફિલ્મો બને? બને તો રીલીઝ થાય?

સમય સાથે સંબંધોના તાણાવાણા બદલાય છે તો પછી સિનેમામાં પણ... ■



## સાત્વિકમ્ શિવમ્

અરવિંદ વેકરિયા

# જિંદગી સાઈકલ જેવી, જેટલાં પેડલ મારશો એટલા આગળ... વધશો!

દિનુમામા રાજકોટ-સૌરાષ્ટ્રના પહેલા શોનાં પગરણ માંડે એ પહેલાં પગની ઉપાધી આવી પડી. ઉપાધી એમને શારીરિક તો હતી, પણ માનસિક વધારે હતી. એ ગીલ્ટ અનુભવતા હતા કે મારે કારણે નાટક સફર થશે. સાથે કલાકારોને પણ ચિંતા હતી કે આ હાલતમાં નાટકનો 'ટેમ્પો' કેમ જળવાશે? ખુશી પારકી હોય છે, બધામાં વહેંચવી પડતી હોય છે, દર્દ માત્ર આપણું હોય છે જે દિલમાં રાખવું પડે છે. કઈક આવી મનોદશા દિનુમામાની હતી.

બે-ત્રણ કલાક પછી ભાટિયા ઍન્ડ ગ્રુપ દિનુમામાને લઈને હોટલ ઉપર આવી ગયા. ઓછામાં ઓછું ૧૫-૨૦ દિવસ માટે પગમાં પ્લાસ્ટર આવ્યું હતું. નાટક કૉમેડી, થોડું સ્લેપ્સ્ટિક પણ... હવે દિનુમામા કઈ રીતે ભજવશે એ ચિંતાનો વિષય બધા માટે હતો.

આજના શો પછી બીજા પણ શો હતા એ પછી અમદાવાદ તો ખરું જ... દિગ્દર્શક સાથે બધા પોતાની કાબેલિયત પ્રમાણે સલાહ આપતા હતા. માણસને માણસ નહિ જાણે મદારી થવું ન હોય.. પોતાને ઈશારે નચાવવા માગે. વાત તો શો રદ કરવા સુધી પહોંચી ગઈ. દિનુમામા મક્કમ હતા. જો આ એક શો કૅન્સલ થાય તો પછી તો શોની 'લાઇન' હતી એ માટે પણ મનોબળ તૂટી જાય. એક વાર હિંમત કરવી પડે. 'પહેલો ઘા રાણાનો'.. 'શો મસ્ટ ગો ઑન' સાથે ઝુકાવવાનું નક્કી કર્યું. માતબર સંસ્થાને લઈ દિનુમામા અંદર ને અંદર શોશવાતા હતા. આમ પણ દિનુમામા એકદમ સરળ. આટલા સિનિયર હોવા છતાં જરૂરથી વધારે માગવું નહિ, આડું આવવું નહિ, કોઈ 'ઍટિટ્યુડ' બતાવવી નહીં. એમની શો કરવાની ધગશ કદાચ એમનું દર્દ ભુલાવી દેતી હશે, કોને ખબર!

સાંજે બધા થિયેટર પર વહેલા ગયા. ત્યારે હેમુ ગઢવી હૉલ અસ્તિત્વમાં નહોતો. 'લેડીઝ ક્લબ'ના ઓપેનઍર ગ્રાઉન્ડમા શો થતા. આગળ-પાછળ બીજા શોનું ટન્શન ન હોવાથી સેટ લાગી ગયો હતો. દિનુમામાએ પોતાની રીતે મૂવમેન્ટ કરી જોઈ. થોડો ખચકાટ તો હોય પણ આત્મવિશ્વાસ ગજબનો હતો, હા પેન કિલર ગોળી તો લેવી જ પડી.

શો શરૂ થયો. બધાના જીવ પડીકે બંધાયા હતા. અગાઉના શોમાં જે રિસ્પૉન્સ જોયો હતો એ જોવા મળશે કે એમાં 'ઘટાડો' જોવા મળશે? આવા સમયે પીડિત વ્યક્તિ પોતાની રીતે હિંમત એકઠી કરતી હોય છે પણ સાથી કલાકારોએ પણ પોરસ ચડાવવો જોઈએ. કોઈને દુઃખ પહોંચાડવું એટલું સહેલું છે જેમ કે ઝાડ પરથી પાંદડાં તોડવાં, પરંતુ કોઈને ખુશ કરવા એટલે એક ઝાડને ઉગાડવા જેવું. એમાં ઘણો સમય, દેખભાળ અને ધૈર્ય રાખવું પડે. અત્યારે બધા દિનુમામાને ધૈર્ય આપવામાં કાર્યરત હતા.

ત્રીજી ઘંટડી વાગી અને શો શરૂ થયો. બધા કલાકારો એક ચિંતા લઈને બેઠા હતા. બધાની નજર દિનુમામા પર હતી, સાથે સંવેદના પણ. દિનુમામા 'ભડવીર'ની જેમ પરફૉર્મ કરતા હતા. નવાઈની વાત એ હતી કે આ આવી પડેલ 'ઉપાધી'ની જાણ નાટકની શરૂઆત પહેલા ઑડિયન્સને કરી દીધેલ એટલે એમની પણ સહાનુભૂતિ ભળી ગઈ. દિનુમામા પૉઝિટિવ હતા. તમે દુઃખ પર ધ્યાન આપશો તો દુઃખી થશો, સુખ પર ધ્યાન આપશો તો સુખી થશો. જેના પર ધ્યાન રાખીએ એ વસ્તુ સક્રિય થઈ જાય છે અને જીવનમાં પ્રવેશી જાય છે, દિનુમામાએ કદાચ આ વસ્તુ મનમાં રાખી અને એટલે જ નાટકનો પ્રતિસાદ ક્રમશઃ જબરજસ્ત આવતો ગયો. પીડાનો પથ્થર દિનુમામાને પગથિયું બનાવતાં આવડી ગયું એટલે મંજિલ સુધી પહોંચવામાં સરળતા રહી.

શો પૂરો થયો. બધા દિનુમામાને ઘેરી વળ્યા. અભિનંદનના ધોધ વહેવા લાગ્યા. દિનુમામા દુખતા પગે ઇન્ટેન્સિટી સાથે પરફૉર્મ કરી થાકીને બેસી ગયા હતા. દિનુમામાની એકદમ નજીક, 'બહુરૂપી' વખતથી હતો. હું એમને પગે લાગી રડી પડ્યો. મને કહે, 'દીકરા, રડવાનું નહિ, હસવાનું... નાટક સારું ગયું. જિંદગી સાઈકલ જેવી છે, જેટલાં પેડલ મારશો એટલાં આગળ વધશો. મેં તૂટેલા પગે નાટકની સાઈકલને પેડલ માર્યા અને પરિણામ આપણી સામે છે.'

રાજકોટના ૩ શો પતાવી ફરી પાછા અમદાવાદ પાછા ફર્યા. એ પહેલાં દિનુમામાની ડૉક્ટર સાથે મીટિંગ કરી આગળની દવા માટે પૂછી લીધું. આખો સંઘ (યુનિટ) રાજકોટમાં વિજયધ્વજ લહેરાવી ફરી અમદાવાદ આવી ગયા. પહેલા અમે અમદાવાદમાં 'આરામ' હોટેલમાં ઊતરતા અને પ્રોડક્શન યુનિટ એક અખબારની બાજુમાં આવેલ 'ડાયમંડ હોટલ'મા ઊતરતું. હવે દિનુમામાનું ધ્યાન રાખવાનું હતું. નટવર ભાવસાર અને ભાટિયા હોય તો વધુ ધ્યાન રાખી શકે. સુરેશ રાજડાએ મને મામા સાથે રહેવા કહ્યું.

આમ પણ 'આરામ'માં થતી ગામની કુથલીમાં મેં મન વગર 'હા' પાડી મને પાપમાં પડતો હોઉં એવું લાગ્યા કરતું. આ તો ભાવતું હતું ને વૈદે કહ્યું. સાથે સુરેશ રાજડાએ એક ટકોર પણ કરી કે દિનુમામાનું ધ્યાન રાખજે વધારે 'પીવે' નહિ... આ મારા માટે મોટી જવાબદારી હતી. અમદાવાદ આવી હું દિનુમામા અને પ્રોડક્શન યુનિટ સાથે ડાયમંડ હોટલમાં આવ્યા. કલાકારો બધા 'આરામ'માં.

દિનુમામા ખૂબ પ્રેમાળ. હવે તૂટેલા પગે એમનો આત્મવિશ્વાસ ખૂબ વધારી દીધો હતો, પહેલા શો પછી. શો રાત્રે પૂરો થાય પછી હું ફ્રેશ થઈ બધા સાથે જમવા બેસતો. એ દરમિયાન દિનુમામા પોતાનું 'ક્વાર્ટર' પતાવી લેતા. પછી એમના કહ્યા પ્રમાણે એમની થાળી તૈયાર કરી રૂમમાં આપતા. જમ્યા પછી મામા જૂની-જૂની વાતો કરતાં નિંદ્રાધીન થતા.

શો ચાલતા રહેતા. ત્યાં ટાગોર અને ઠાકોરભાઈ હૉલમાં ભજવાતા રહેતાં. હવે પ્લાસ્ટર પણ મામાના પગમાંથી કાઢી નાખવામાં આવ્યું હતું. એક સવારે અચાનક ૪-૪.૩૦ વાગ્યે મારી ઊંઘ ઊડી ગઈ. મેં સામેના પલંગ પર જોયું તો... ■

**ડબલ રિચાર્જ**

*ગામડાની સ્ત્રીઓ રાત્રે જમતી વખતે પતિની રાહ જોતી કે એ આવશે પછી જમીશું.*

*શહેરની મહિલા પણ પોતાના પતિની રાહ જુવે છે કે એ લાવશે તો જમીશું...*

## મનોરંજનનું મેઘધનુષ

ઉમેશ ત્રિવેદી

# વરુણ ધવન

## સગાવાદનું જીવતુંજાગતું ઉદાહરણ, છતાં બોલિવૂડમાં સ્થાન જમાવવાની કોશિશ



વરુણ ધવનની આગામી ફિલ્મ 'હૈ જવાની તો ઇશ્ક હોના હૈ'ની રિલીઝ તારીખ નજીક આવતી જાય છે તેમ તેના વિવાદ વધતા જાય છે. આ ફિલ્મનાં ગીત 'ચુનરી ચુનરી અને 'ઇશ્ક સોના હૈ' સામે નિર્માતા વાસુ ભગનાનીને વાંધો પડ્યો છે અને તેણે ડેવિડ ધવન તેમજ 'ટીપ્સ'ના રમેશ તૌરાની સામે ૪૦૦ કરોડ રૂપિયાનો દાવો માંડ્યો છે.

આ બંને ગીત 'બીવી નંબર વન' ફિલ્મનાં છે અને તેના રાઇટ્સ વાસુ ભગનાની પાસે છે. વરુણ ધવન અભિનીત એની નવી ફિલ્મમાં તેની સાથે મૃણાલ ઠાકુર, પૂજા હેગડે અને મૌની રૉય જેવી ત્રણ-ત્રણ અભિનેત્રી છે. ડેવિડ ધવન દિગ્દર્શિત આ ફિલ્મ પાંચમી જૂને રિલીઝ થવાની છે.

વાસુ ભગનાનીએ આ ફિલ્મના ટાઈટલ સામે પણ વાંધો ઉપાડ્યો છે. 'હૈ જવાની તો ઇશ્ક હોના હૈ' એ પણ તેમની ફિલ્મના ગીતનું મુખડું છે, જે ડેવિડ ધવને કોઈ પણ જાતની પરવાનગી વગર વાપર્યું છે. તેના માટે વાસુ ભગનાનીએ ૧૦૦ કરોડ રૂપિયાનો દાવો માંડ્યો છે. આમ વરુણ ધવનની આ ફિલ્મ કમાણી કરશે ત્યારે ખરી, પણ અત્યારે તેની સામે ૫૦૦ કરોડ રૂપિયાનો દાવો કરવામાં આવ્યો છે.

૨૪ એપ્રિલ ૧૯૮૭ના કરુણા અને ડેવિડ ધવનને ત્યાં જન્મેલો એમનો દીકરો નંબર ટુ વરુણ પંજાબી હિન્દુ કુટુંબનો છે. તેનો મોટો ભાઈ રોહિત ધવન પણ ફિલ્મ દિગ્દર્શક છે. મુંબઈમાં આવેલી બૉમ્બે સ્કોટીશ સ્કૂલમાં શાળાનો અભ્યાસ પૂરો કર્યા પછી વરુણે એચ. આર. કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ ઇકૉનૉમિક્સમાં ૧૨મી સુધીનું ભણતર પૂરું કર્યું હતું. ત્યાર પછી તે ઇંગ્લૅન્ડમાં આવેલી નોટિંગહામ ટ્રેન્ટ યુનિવર્સિટીમાં ભણવા ગયો, ત્યાં તેણે બિઝનેસ સ્ટડીઝમાં ડિગ્રી મેળવી.

એક સફળ દિગ્દર્શકનો પુત્ર હોવાને પગલે તેને અચાનક જ અભિનય કરવાની ચાનક ચડી, પણ પિતાના નામનો ઉપયોગ કરવો નહોતો એટલે ફિલ્મ દુનિયામાં તે સીધો હીરો તરીકે ન આવ્યો. તે ધારત તો પોતાની કારકિર્દીની શરૂઆત ડેવિડ ધવનની ફિલ્મથી જ કરી શક્યો હોત, પણ ફિલ્મ દુનિયાની જાણકારી મેળવવા માટે તે પહેલાં કરણ જોહરના સહાયક તરીકે જોડાયો.

શાહરુખ ખાન અભિનીત ફિલ્મ 'માય નેમ ઇઝ ખાન' વખતે વરુણ કરણ જોહરનો સહાયક હતો. તે દરમિયાન તેણે ફિલ્મની બારીકાઈથી જાણકારી મેળવી. આ ફિલ્મ ૨૦૧૦માં આવી હતી અને આ ફિલ્મ પૂરી થયા પછી કરણ જોહરે તેને 'સ્ટુડન્ટ ઑફ ધ યર'થી લૉન્ચ કર્યો. આ જ ફિલ્મ દ્વારા વરુણની સાથે આલિયા ભટ્ટ અને સિદ્ધાર્થ મલહોત્રાને પણ લૉન્ચ કરવામાં આવ્યા હતા.

વરુણ ધવનની પહેલી જ ફિલ્મ સુપર ડુપર હિટ સાબિત થઈ હતી. ત્યાર પછી વરુણને એક પછી એક ફિલ્મો મળવા લાગી હતી. જોકે, તેમાંથી તેની કેટલીક ફિલ્મો ફ્લૉપ થઈ અને કેટલીક હિટ, પણ વરુણની એક છબિ ઊભી થઈ. તેની ગણના એક રોમાન્ટિક-કૉમેડી હીરો તરીકે થવા લાગી. ડાન્સમાં નિપુણતા એ તેનો વધારાનો 'ઍડ્વાન્ટેજ' હતો.

બીજી તરફ બદલાપુર, સૂઈધાગા, ઑક્ટોબર, ભેડિયા જેવી ફિલ્મોમાં વરુણને જોઈએ એવી સફળતા ન મળી, પણ એક અભિનેતા તરીકે, એક કલાકાર તરીકે તેની ઓળખ જામી ગઈ. બાકી દર વર્ષે બે કે ત્રણ ફિલ્મોની સાથે વરુણ ધવનની કૉમેડી ફિલ્મો સતત આવ્યા કરતી હતી. તેમાં બદરીનાથ કી દુલ્હનિયા, હમ્પ્ટી શર્મા કી દુલ્હનિયા, જુગ જુગ જિયો, જૂડવા-ટુ, કુલી નંબર વન જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે.

વરુણે ૨૪ જાન્યુઆરી ૨૦૨૧માં નતાશા દલાલ સાથે લગ્ન કર્યાં છે. નતાશા દલાલ એક ફૅશન ડિઝાઇનર છે અને વરુણ બૉમ્બે સ્કોટીશ સ્કૂલમાં છઠ્ઠા ગ્રેડ (છઠ્ઠા ધોરણ)માં ભણતો હતો ત્યારથી નતાશાને ઓળખતો હતો અને બંને ખૂબ સારાં ફ્રેન્ડ હતાં. લાંબા સમયથી એકબીજાને ઓળખતા હોવાને કારણે ૨૦૨૧માં તેણે નતાશા સાથે લગ્ન કર્યાં અને ત્રીજી જૂન ૨૦૨૪માં તેમને ત્યાં એક પુત્રીનો જન્મ થયો છે.

એક રીતે જોઈએ તો વરુણની કારકિર્દીમાં હિટ કરતાં ફ્લૉપ ફિલ્મોની સંખ્યા વધુ છે, પણ અભિનયને ગંભીરતાથી લેનારા વરુણને એક પછી એક ફિલ્મો મળ્યા કરે છે અને તેની કારકિર્દીની ગાડી દોડ્યા કરે છે. ડેવિડ ધવને ગોવિંદા, સલમાન ખાન, સંજય દત્ત જેવા કલાકારો સાથે અનેક હિટ ફિલ્મો આપી છે, પણ પોતાના પુત્ર વરુણ સાથે એવી 'સુપરડુપર હિટ' ફિલ્મ તેઓ આપી શક્યા નથી.

વરુણ અને ડેવિડ ધવનની જોડીએ અત્યાર સુધીમાં મૈં તેરા હીરો, જુડવા-ટુ, કુલી નંબર વન જેવી ફિલ્મો આપી છે, 'હૈ જવાની તો ઇશ્ક હોના હૈ' આ જોડીની ચોથી ફિલ્મ છે અને અત્યારે બોલિવૂડમાં એવી વાતો ચગી છે કે ૪૦ વર્ષની દિગ્દર્શક તરીકેની કારકિર્દી પછી હવે ડેવિડ ધવન આ ફિલ્મ પછી નિવૃત્ત થવાનું વિચારી રહ્યો છે, પણ ભગનાની સાથેના વિવાદ પછી આ ફિલ્મનું ભાવિ અત્યારે ડામાડોળ છે.

વરુણ ધવને કારકિર્દીની શરૂઆત ક્યૉકલેટી હીરો તરીકે કરી હતી, પછી કેટલીક ફિલ્મોમાં તેણે પોતાની નૃત્યની ઝલક બતાવી, કેટલીક ફિલ્મોમાં તેણે પોતાની કૉમેડીની ઝલક બતાવી અને કેટલીક ફિલ્મોમાં તેણે અભિનય ક્ષમતા પણ સાબિત કરી છે. તેની કેટલીક ફિલ્મો 'મલ્ટી સ્ટારર' ફિલ્મો હતી જે ચાલી ગઈ છે, પણ તેની એકલા હીરો તરીકેની ઘણી ફિલ્મો બૉક્સ ઑફિસ પર પીટાઈ ગઈ છે. ત્યારે અત્યારે વરુણે નવેસરથી યોજનાબદ્ધ રીતે આગળ વધવાની જરૂર છે. ■

## OTTનું હોટસ્પોટ

### ૬ જૂનથી ૧૨ જૂન સુધી શું-શું જોશો?

છ જૂનથી ૧૨ જૂન દરમિયાન માધુરી દીક્ષિત-કરિશ્મા કપૂર-અક્ષયકુમાર અને જેનીફર લોપેઝની ફિલ્મો રજૂ થશે. આઈપીએલની સિઝન ખતમ થતાંની સાથે જ ઓટીટી પર નવી ફિલ્મો અને સિરીઝનું પ્રસારણ શરૂ થવાનું છે.

આ શનિવારે છઠ્ઠી જૂનથી સોની ટી.વી. અને સોની લીવ પર 'ઇન્ડિયાઝ બેસ્ટ ડાન્સર'ની પાંચમી સીઝન શરૂ થઈ રહી છે, જેમાં જજ તરીકે ગીતા કપૂર, કરિશ્મા કપૂર, ટેરેન્સ લુઈસ અને જાવેદ જાફરી જોવા મળશે. આ કાર્યક્રમ સોની પર શનિ-રવિના રજૂ થશે.

★ **નેટફ્લિક્સઃ** આ ઓટીટી ચૅનલ પર ચોથી જૂને 'મા-બહેન' નામની ફિલ્મનું પ્રસારણ શરૂ થઈ ગયું છે. આ ફિલ્મ સીધી જ ઓટીટી પર રજૂ કરવામાં આવી છે. એમાં માધુરી દીક્ષિત, તૃપ્તી ડીમરી અને રવિ કિસન જેવા કલાકારો છે. અહીં પાંચ જૂને જેનીફર લોપેઝ અને બ્રેટ ગોલ્ડસ્ટીન અભિનીત 'ઑફિસ રોમાન્સ' નામની સિરીઝ રજૂ થશે તો ૧૦ જૂને ઇટાલિયન ડ્રામા 'માય ફૅમિલીની બીજી સિઝન રજૂ થશે. ૧૧ જૂને અહીં જાપાનીઝ એનિમેટેડ સિરીઝ 'વાઈરલ હીટ' રજૂ થશે, તો ૧૨ જૂને અક્ષય કુમારની અત્યારની સુપરહિટ ફિલ્મ 'ભૂત બંગલા'નું પ્રસારણ શરૂ થશે. અક્ષય કુમારના ડબલ રોલવાળી આ ફિલ્મના અન્ય કલાકારો વામિકા ગબ્બી, મિથુન ચક્રવર્તી, પરેશ રાવલ, તબ્બુ, મનોજ જોશી, રાજપાલ યાદવ અને મિથિલા પારકર છે.

★ **ઝી-ફાઈવઃ** અહીં આજે (શુક્રવારે) પાંચમી જૂને કરિશ્મા કપૂર અભિનીત 'મર્ડર મિસ્ટ્રી બ્રાઉન'નું પ્રસારણ શરૂ થશે. આ ફિલ્મમાં કરિશ્મા કપૂર પોલીસ અધિકારીની ભૂમિકામાં છે. અહીં જ આજે 'ગુલ્લકની પાંચમી સિઝનનું પ્રસારણ પણ શરૂ થવાનું છે.

★ **જિયો હોટસ્ટારઃ** અહીં આજથી 'ધુરંધર-પાર્ટ ટુ-ધ રિવેન્જ'નું પ્રસારણ શરૂ થશે. રણવીર સિંહ, આર. માધવન, સંજય દત્ત, અર્જુન રામપાલ, રાકેશ બેદી અને સારા અર્જુનની મુખ્ય ભૂમિકાવાળી આ ફિલ્મ અત્યારે પણ બૉક્સ ઑફિસ ગજાવી રહી છે.■

## ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

### ક્વિઝ (૧૭૯)

**આ દોહા કઈ ફિલ્મના ગીતમાં આવે છે?**

૧) પોથી પઢ પઢ જગ મૂઆ પંડિત ભયા ના કોઈ ઢાઈ આખર પ્રેમ કા

૨) બડે બડાઈ ના કરે બડે ના બોલે બોલ રહીમન હીરા કબ કહે

૩) માટી કહે કુંભાર સે તું ક્યાં રોંદે મોય ઈક દિન ઐસા આયેગા

૪) રંગી કો નારંગી કહે બને દૂધ સે ખોયા ચલતી કો ગાડી કહે

૫) રહીમન ધાગા પ્રેમ કા મત તોડો ચટકાય ટુટે સે ફિર ના જુડે

૬) અપની છબી બનાય કે જો મૈં પી કે પાસ ગઈ છાપ તિલક

૭) મોકો કહા ઢૂંઢે રે બંદે મૈં તો તેરે પાસ રે ના તીરથ મેં

### ક્વિઝ (૧૮૦)

**રાજ કપૂરની પ્રથમ ફિલ્મ અને કઈ ફિલ્મને અવૉર્ડ મળ્યા છે?**

૧) ફિલ્મફેર બેસ્ટ એક્ટર અવૉર્ડ

૨) બેસ્ટ પ્રોડ્યૂસર ફિલ્મ

૩) બેસ્ટ ડાયરેક્ટર અવૉર્ડ

૪) નેશનલ અવૉર્ડ

૫) ફિલ્મ એક્ટર

૬) ફિલ્મ બાલ કલાકાર

૭) બેંગાલ જર્નાલિસ્ટ એસોસિએશન અવૉર્ડ

જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'

## ફિલ્મનામા

નરેશ શાહ

# ઘેટ નાઈટ... ઈસ રાત કી સુબહ નહીં

## ચાર સ્ત્રી પાત્રોની આસપાસ ઘૂંટાતી 'એક રાત'ની વાત




એક રાત ક્યારેક આવનારા દિવસોને કલ્પાનાતીત વળાંક પર લાવીને માણસને મૂકી દે છે અને એ વાત 'નેટફલિક્સ' પર તાજેતરમાં જ સ્ટ્રીમ થયેલી સ્પેનિશ વેબસિરીઝ 'ઘેટ નાઈટ' (એ રાત)માં દર્શાવવામાં આવ્યું છે. મૂળે આ વેબસિરીઝ બ્રિટિશ લેખિકા જીલિયન મેકલિસ્ટરની આ જ નામની નોવેલ પરથી બનાવવામાં આવી છે એટલે પાત્રોમાં એશિયાનું ઠરેલપણું નથી, પરંતુ પશ્ચિમનું બોલ્ડપણું વધારે છલકે છે.

વાર્તા કંઈક આવી છે :

સ્પેનથી દૂર બહેનો સાથે ફરવા ગયેલી એક બહેન એ ટાપુ પર જ રહી પડે છે તો બીજી બહેન એ ટાપુ પર જ પ્રેગનન્ટ થઈ જાય છે. એટલું ઓછું હોય તેમ તે અનૌરસ સંતાનને જન્મ આપે છે, ઉછેરે પણ છે. ત્રીજી બહેન લેસ્બિયન છે અને એ તેની પાર્ટનર સાથે બેધડક રહે છે અને સંતાન પ્રાપ્તિ માટેની ઝંખના પણ રાખે છે.

આ ઉપરાંત પણ અનેક પાત્રો એવા છે કે, જે આપણને કદાચ, નોર્મલ ન લાગે પણ વિદેશી કલ્ચરને ધ્યાનમાં રાખીને 'ઘેટ નાઈટ' વેબસિરીઝ જુઓ તો બે પદાર્થ પાઠ મળે છે કે-

એક, કરેલું કોઈપણ પરાક્રમ કે કૃત્ય છાનું રહેતું નથી. તેની કિંમત પણ ચૂકવવી પડે છે. બીજો પદાર્થ પાઠ એ કે, બીજાના અરિસામાં ગમે તે દેખાય, પોતાના આયનામાં દરેક કૃત્ય માણસને પોતાની રીતે વાજબી અને આવશ્યક લાગતું હોય છે.

આપણે 'ઘેટ નાઈટ' વેબસિરીઝનો વાર્તાસાર જાણીને 'એ રાત'ની સિચ્યુએશન અને લંબાતા તેના પડછાયાંને તપાસીએ. સ્પેનમાં વેટરનરી હૉસ્પિટલ ચલાવતાં જેવિયરની પત્ની અને પુત્ર અવસાન પામ્યા છે. પિતા ત્રણ પુત્રી પૌલા, ક્રિસ અને એલેના સાથે રહે છે. સ્પેનથી દૂરના એક ટાપુ પર ત્રણેય બહેનો ફરવા ગયેલી એક વરસ પહેલાં, ત્યારે વચલી બહેન ક્રિસ (ક્રિસ્ટીના) એ ટાપુ પર રોકાઈને વેટરનરી કેર સેન્ટર શરૂ કરીને ત્યાં જ રહી પડે છે...

**ઓવર ટૂ આફટર વન ઈયર...**

ટાપુ પર જ રહેવા લાગેલી ક્રિસ પાસે વૅકેશન (રજા) એન્જોય કરવા માટે બન્ને બહેનો પૌલા અને એલેના આવી છે. પૌલા સાથે તેની લેસ્બિયન ગર્લફ્રેન્ડ લૂઈસા છે તો એલેના તેના એકાદ વરસના બાળક સાથે ટાપુ પર ફરવા આવી છે, પણ...

એક રાતે એલેના તાબડતોબ ફોન કરીને બન્ને બહેન પૌલા અને ક્રિસને બોલાવે છે, કારણ કે અવાવરું જગ્યાએ તેની કારે હડફેટે લઈને એક માણસને મરણ શરણ પહોંચાડી દીધો છે. વાજબી વાત તો એ છે કે, પોલીસને જાણ કરવી જોઈએ, પરંતુ એમ કરવાથી એલેના ફસાઈ જાય તેવું છે, કારણ કે મરનાર વ્યક્તિ ખુદ પોલીસ છે. એલેનાને જેલ સજા ન થાય અને એ તેના બાળકને ઉછેરી શકે એ માટે ત્રણેય બહેન પેલા પોલીસની લાશને દાટી દે છે અને ખોટા ડિજિટલ ફૂટપ્રિન્ટ ઊભા કરવા માટે પોલીસનો સ્માર્ટફોન - ક્રેડિટ કાર્ડ લઈ લે છે.

મરનાર પોલીસમેન શોપિંગ સેન્ટરમાં હતો એ દેખાડવું તેનું ક્રેડિટ કાર્ડ વાપરવા માટે એલેના જાય છે તો કાર્ડ એટીએમમાં ફસાઈ જાય છે. ક્રિસ પોલીસમેનનો સ્માર્ટ ફોન લઈને જુદા જુદા સ્થળે ફરે છે અને પછી તેને વહેતાં પાણીમાં ફેંકી દે છે... હવે જરૂરી છે કે જલદીથી આ ટાપુ છોડીને સ્પેન ભેગા થઈ જવું, એમ જ થાય છે પૌલા, ક્રિસ, એલેના, લૂઈલા અને નાની બાળકી સ્પેન પરત આવી જાય છે, પણ...

'ઘેટ નાઈટ' વેબસિરીઝને ક્રિએટર જેસન જ્યોર્જ લિનિયર શૈલીમાં ફિલ્માવી નથી. દરેક એપિસોડ એક પાત્રના પોઈન્ટ ઓફ વ્યૂહથી દર્શાવ્યો છે. પ્રથમ એપિસોડ મોટી બહેન પૌલાના પોઈન્ટ ઓફ વ્યૂથી દેખાડવામાં આવ્યો છે તો એ પછીના ચાર એપિસોડ ક્રિસ, એલેના, લૂઈસ અને (બન્નેના) પિતા જેવિયરના પરિપ્રેક્ષ્યથી દર્શાવવામાં આવ્યા છે. આ શૈલીનો ડ્રો બેક એ છે કે એકની એક વાતનું પુનરાવર્તન દર્શકે જોવું પડે પણ 'ઘેટ નાઈટ'માં એવું બનતું નથી. દરેક એપિસોડમાં એક-બે નવી વાતોનો રહસ્યસ્ફોટ થતો રહે છે અને એક એવું નવું નક્કોર સત્ય ઓપન થતું રહે છે. સ્પેનિશ એક્ટરોની ડિટેઈલનો તો અહીં અર્થ નથી, પરંતુ 'ઘેટ નાઈટ' આપણને માણસના ભૂતકાળના મલ્ટીલેરની પહેચાન કરાવે છે, એ પણ સસ્પેન્સ અને થ્રીલના તડકા સાથે. ■

# મહિલા ખેલાડી બૅટિંગ કરવા મેદાન પર આવી, લેગ-અમ્પાયર સાથે વાતચીત કરી અને પછી મુખ્ય અમ્પાયરે તેને કહ્યું, 'યુ આર આઉટ!'

મૅન્ટિન (મલયેશિયા): ક્રિકેટમાં અમુક નિયમો એવા બન્યા છે કે જે વિશે જો કોઈ ખેલાડીને જાણ ન હોય તો તેણે હાસ્યાસ્પદ અને શરમજનક સ્થિતિમાં મુકાઈ જવું પડે અને ભુતાનની ૨૮ વર્ષીય રિત્શી શૉડેન નામની મહિલા ક્રિકેટર સાથે ગુરુવારે કંઈક આવું જ બન્યું. તે મહિલાઓની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 'ટાઇમ્ડ આઉટ' થનારી પ્રથમ ખેલાડી બની હતી. તેને 'ટાઇમ્ડ આઉટ'ના આંતરરાષ્ટ્રીય નિયમ હેઠળ અમ્પાયરે આઉટ જાહેર કરી હતી. બીજી રીતે કહીએ તો તેણે હજી એકેય બૉલનો સામનો નહોતો કર્યો અને તેને આઉટ આપવામાં આવી હતી.



મલયેશિયામાં એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી)ની વિમેન્સ પ્રીમિયર કપ ટી-૨૦ ટૂર્નામેન્ટ ચાલે છે અને એમાં ભુતાન-નેપાળ વચ્ચે ગુરુવારે મૅચ રમાઈ હતી. નેપાળે ૧૧૩ રન બનાવ્યા ત્યાર બાદ ભુતાને ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૬૨ રન બનાવ્યા હતા અને નેપાળે ૫૧ રનથી વિજય મેળવ્યો હતો. બન્યું એવું કે ઑલરાઉન્ડર રિત્શી શૉડેન નેપાળની ઇનિંગ્સમાં ઓપનર બિન્દુ રાવલને તેના પહેલા જ બૉલ પર આઉટ કરવા બદલ ખૂબ ખુશ હતી, કારણકે તેણે નેપાળને ૧૧૩ રન સુધી સીમિત રખાવવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. જોકે ભુતાનની ઇનિંગ્સમાં તેને લઈને ગજબની ઘટના બની ગઈ.



## ૯૦ સેકન્ડનો નિયમ ન પાળી શકી

ભુતાનની બે ઓપનર ઍન્ગાવાન શૉડેન અને ડેશેન વૉન્ગમો ૧૧૪ રનનો લક્ષ્યાંક ચેઝ કરવા માટે મેદાન પર ઊતરી હતી. ઓપનર ઍન્ગાવાન શૉડેન દાવના પહેલા જ બૉલમાં આઉટ (ગોલ્ડન ડક) થઈ ગઈ હતી. બાવીસ વર્ષીય કબિતા કંવરે તેને ક્લીન બોલ્ડ કરી હતી. તે આઉટ થયા બાદ નિયમ પ્રમાણે વનડાઉન બૅટર રિત્શી શૉડેને સમયસર મેદાન પર આવી જવાનું હતું. ૪૦ નંબરના નિયમ મુજબ તેણે ૯૦ સેકન્ડની અંદર પોતાના પ્રથમ બૉલનો સામનો કરવા માટે ક્રીઝમાં તૈયાર રહેવાનું હતું. જોકે પહેલાં તો તે ખૂબ આરામથી મેદાન પર આવી હતી. તે ૯૦ સેકન્ડ બાદ હાથમાં ગ્લવ્ઝ અને હેલ્મેટ લઈને મેદાન પર દોડી આવી હતી. આવ્યા પછી તે લેગ-અમ્પાયર સાથે વાતચીત કરવા લાગી હતી. તે ક્રીઝમાં પહોંચી ત્યારે ૯૦ સેકન્ડ ક્યારની પૂરી થઈ ચૂકી હતી.

## અમ્પાયરે આઉટ આપી, રિત્શીએ વિરોધ કર્યો

રિત્શી શૉડેન ક્રીઝમાં બૅટિંગ કરવાની તૈયારી કરી રહી હતી ત્યારે નેપાળની ફીલ્ડર્સે હાથ ઊંચા કરીને અમ્પાયરને સંકેત કર્યો હતો કે રિત્શી શૉડેન બૅટિંગ ન કરી શકે, તે આઉટ કહેવાય. એ ફીલ્ડર્સમાંથી પૂજા મહાતોને નિયમની પાક્કી જાણ હતી અને તેણે મુખ્ય અમ્પાયર સાથે વાતચીત કરી હતી. થોડી જ વારમાં નેપાળની ખેલાડીઓએ રિત્શીની વિકેટનું સેલિબ્રેશન શરૂ કરી દીધું હતું. અમ્પાયરે રિત્શીને કહ્યું, 'તું આઉટ છે!' રિત્શી વિરોધ કરતી-કરતી પાછી જતી રહી હતી. એ તબક્કે ભુતાનનો સ્કોર હતો, એક જ બૉલમાં શૂન્યમાં બે વિકેટ. એ સાથે, રિત્શી શૉડેન મહિલાઓની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 'ટાઇમ્ડ આઉટ'માં વિકેટ ગુમાવનાર પ્રથમ ખેલાડી બની હતી.

## નેપાળના ક્રિકેટ સત્તાધીશોએ માફી માગી

ભુતાનની રિત્શી શૉડેન વિશે નેપાળની ખેલાડીઓએ આંતરરાષ્ટ્રીય નિયમ મુજબ અમ્પાયર પાસે નિર્ણય લેવડાવ્યો હતો. જોકે એનાથી નેપાળનું ક્રિકેટ બોર્ડ ખુશ નહોતું. ક્રિકેટ અસોસિયેશન ઑફ નેપાળે ભુતાન ક્રિકેટની અને ભુતાનની ટીમની માફી માગતા જણાવ્યું હતું કે 'અમારી ખેલાડીઓએ ક્રિકેટના કાયદામાં રહીને તમારી ખેલાડીને આઉટ કરાવી હતી, પણ અમારા માટે કાયદાથી પણ વિશેષ છે ખેલભાવના અને અમે હંમેશાં સ્પિરિટ ઑફ ધ ગેમને જ વળગી રહીશું.' ■

# આવતી કાલથી ભારત અને અફઘાનિસ્તાનની એકમાત્ર ટેસ્ટ

ન્યૂ ચંડીગઢ: અહીં મુલ્લાંપુરમાં આવતી કાલે (શનિવારે) ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે એકમાત્ર ટેસ્ટ મૅચ (સવારે ૯.૩૦ વાગ્યાથી) રમાશે. શુભમન ગિલ ભારતનો અને હશમતુલ્લા શાહિદી અફઘાનિસ્તાનનો કૅપ્ટન છે. બન્ને દેશ વચ્ચે આઠ વર્ષ પહેલાં (૨૦૧૮માં) એક ટેસ્ટ રમાઈ હતી જેમાં ભારતે એક દાવ અને ૨૬૨ રનથી વિજય મેળવ્યો હતો. પ્રથમ દાવમાં ૧૦૭ રન બનાવનાર શિખર ધવનને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો. આવતી કાલે શરૂ થનારી ટેસ્ટ માટેની ભારતીય સ્ક્વૉડ આ મુજબ છે: ગિલ (કૅપ્ટન), કેએલ રાહુલ (વાઇસ-કૅપ્ટન), યશસ્વી જયસ્વાલ, સાઇ સુદર્શન, પડિક્કલ, રિષભ પંત (વિકેટકીપર), ધ્રુવ જુરેલ (વિકેટકીપર), વૉશિંગ્ટન, નીતીશ રેડ્ડી, સિરાજ, કુલદીપ, હર્ષ દુબે, ગુર્નુર બ્રાર, પ્રસિદ્ધ ક્રિષ્ના અને માનવ સુથાર. ■

# બ્રિટિશરોના ૧૪૦ રન બાદ કિવીઓનો ધબડકો

લંડન: લૉર્ડ્સમાં ઇંગ્લૅન્ડ અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે ગુરુવારે સિરીઝની જે પ્રથમ ટેસ્ટ મૅચ શરૂ થઈ એમાં બન્ને ટીમે મુસીબત જોવી પડી હતી. પહેલાં તો બેન સ્ટોક્સના નેતૃત્વમાં ઇંગ્લૅન્ડની ટીમ પ્રથમ દાવમાં માત્ર ૧૪૦ રનમાં આઉટ થઈ ગઈ હતી. હૅરી બ્રૂકના ૫૬ રન હાઇએસ્ટ હતા. છ ખેલાડી સિંગલ ડિજિટમાં જ રન બનાવી શક્યા હતા. વરસાદના વિઘ્નની આ ટેસ્ટ પર થોડી અસર થઈ, પરંતુ ન્યૂ ઝીલૅન્ડે ટૉસ જીત્યા પછી ફીલ્ડિંગ લેવાના પોતાના નિર્ણયને યોગ્ય સાબિત કર્યો. પેસ બોલર કાઇલ જૅમીસનને પાંચ, વિલ ઑરુરકે બે અને નૅથન સ્મિથે ત્રણ વિકેટ લીધી હતી. ત્યાર બાદ ન્યૂ ઝીલૅન્ડે આ અહેવાલ લખાઈ રહ્યો હતો ત્યાં સુધીમાં ફક્ત બે રનમાં પહેલી ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી અને એ ત્રણેય વિકેટ ઇંગ્લૅન્ડના ઑલી રૉબિન્સને લીધી હતી. ડેવૉન કૉન્વે (એક રન) તથા વિલિયમસન (૦) અને રચિન (૦) આઉટ થઈ ચૂક્યા હતા. ■

# પંજાબ કિંગ્સનું પતન કેમ થયું? સચિન તેન્ડુલકરે સુંદર વિશ્લેષણ કર્યું

મુંબઈ: ૨૦૨૫ની આઇપીએલના રનર-અપ પંજાબ કિંગ્સે આ વખતની ટૂર્નામેન્ટમાં ફર્સ્ટ-હાફની અસાધારણ સફળતા પછી સેકન્ડ-હાફમાં જે અણધાર્યું અને અભૂતપૂર્વ પતન જોયું એ વિશે સચિન તેન્ડુલકરે ખૂબ સરસ વિશ્લેષણ કર્યું છે.

શ્રેયસ ઐયરના નેતૃત્વમાં પંજાબ કિંગ્સે શરૂઆતની સાતમાંથી તમામ છ મૅચ જીતી લીધી હતી અને એક મૅચ વરસાદને કારણે નહોતી રમાઈ. જોકે એ સાત મૅચ બાદ અચાનક પંજાબ કિંગ્સના પર્ફોર્મન્સમાં ફેરફાર થયો હતો અને પ્રીટિ ઝિન્ટાની સહ-માલિકીવાળી અને રિકી પૉન્ટિંગના કોચિંગ હેઠળની આ ટીમ ઉપરાઉપરી છ મૅચ હારી ગઈ હતી અને ત્યાર પછી એક મૅચ જીતી ત્યારે પ્લે-ઑફમાં એના પહોંચવાની સંભાવના માટે બહુ મોડું થઈ ગયું હતું. ગયા વર્ષની રનર-અપ પંજાબની ટીમ આ વખતે શરૂઆતમાં નંબર-વન રહ્યા બાદ પ્લે-ઑફમાં પણ નહોતી પહોંચી શકી. બન્યું એવું કે ૨૦૨૫માં પંજાબને ફાઇનલમાં હરાવનાર બેંગ્લૂરુએ આ વખતે પણ ટાઇટલ જીતી લીધું.

માસ્ટર બ્લાસ્ટરે 'રેડિટ' પરની પોસ્ટમાં પંજાબ કિંગ્સના દેખાવનું જે નાટ્યાત્મક પતન થયું અને એના ખેલાડીઓની માનસિકતામાં કેવી રીતે પલટો આવ્યો એ વિશે લખ્યું છે. સચિને લખ્યું છે, 'પંજાબ કિંગ્સે આ વખતની ટૂર્નામેન્ટને શરૂઆતમાં જ ઊર્જામય બનાવી દીધી હતી. એના ખેલાડીઓ સકારાત્મક અભિગમ સાથે રમ્યા હતા, બાહોશ થઈને હરીફો સામે લડ્યા હતા અને જીત્યા હતા તેમ જ ટીમના ઘણા ખેલાડીઓના પર્ફોર્મન્સ ગેમ-ચૅન્જિંગ હતા. સામાન્ય રીતે લાંબી ટૂર્નામેન્ટમાં ખેલાડીના પર્ફોર્મન્સમાં તેના જોશ, ઉત્સાહ અને ઊર્જાની મહત્ત્વની ભૂમિકા હોય છે.'





સચિને પોસ્ટમાં પંજાબ કિંગ્સ વિશે એવું પણ લખ્યું છે કે 'ઝડપથી બદલાવ બતાડતી આઇપીએલ જેવી ટૂર્નામેન્ટમાં ખેલાડીઓ સામાન્ય રીતે પ્રોસેસ પર વધુ લક્ષ આપતા હોય છે અને મૅચના પરિણામ વિશે ઓછી દરકાર કરતા હોય છે. બન્યું એવું કે પંજાબની ટીમે ફર્સ્ટ-હાફમાં પ્રોસેસ પર જ ધ્યાન આપ્યું હતું અને સેકન્ડ-હાફમાં તેઓ પ્રોસેસ કરતાં રિઝલ્ટ પર વધુ ધ્યાન આપવા લાગ્યા હતા.' આઇપીએલની ૧૯મી સીઝનમાં બેંગ્લૂરુએ બીજું ટાઇટલ મેળવ્યું, ગુજરાતે ૨૦૨૨ પછી ફરી ટ્રોફી જીતવાની તક ગુમાવી, રાજસ્થાને ખાસ કરીને ટીનેજ-સ્ટાર વૈભવ સૂર્યવંશી પર જ મદાર રાખ્યો, હૈદરાબાદે પણ ગઈ બે સીઝનની જેમ સતત ધમાકેદાર પર્ફોર્મ ન કર્યું અને પ્લે-ઑફમાં પરાજય જોયો, દિલ્હી તથા કોલકાતાની ટીમ સાધારણ રમી, એમએસ ધોનીની ગેરહાજરીમાં ચેન્નઈની ટીમની ગાડી પાટા પરથી જ ઊતરી ગઈ હતી તેમ જ મુંબઈ અને લખનઊની ટીમે અસંખ્ય ચાહકોને નિરાશ કર્યા એવામાં માત્ર પંજાબ કિંગ્સની ટીમનો પર્ફોર્મન્સ એવો હતો જે સૌથી વધુ ચર્ચામાં હતો. સાપસીડીની રમતમાં જેમ શરૂઆતમાં સીડી પરથી ખૂબ ઉપરની દિશામાં પહોંચી જવાય, પણ પછી અચાનક સાપનાં પ્રકોપનો ભોગ થઈ જવાય અને સીધા નીચે આવી જવું પડે એવું પંજાબના કિસ્સામાં બન્યું હતું. ■

# રશિયન ખેલાડી ફાઇનલમાં: યુક્રેનની પ્લેયરે હાથ ન મિલાવ્યા

પૅરિસ: રશિયન ટીનેજર મિરા ઍન્ડ્રીવાએ ગુરુવારે યુક્રેનની માર્ટા કૉસ્ત્યુકને અહીં ફ્રેન્ચ ઓપનની સેમિ ફાઇનલમાં ૬-૧, ૬-૩થી હરાવી દીધી ત્યાર બાદ સ્વાભાવિક રીતે બન્ને ખેલાડીઓએ એકમેક સાથે હાથ નહોતા મિલાવ્યા અને તેમણે ભેગા થઈને ફોટા માટે પોઝ પણ નહોતા આપ્યા. ચાર વર્ષથી રશિયા-યુક્રેન વચ્ચે યુદ્ધ ચાલે છે. હાલમાં આ યુદ્ધ ચરમસીમાએ છે. મિરા યુક્રેનની હરીફ કૉસ્ત્યુકને પરાજિત કરીને પહેલી જ વખત ગ્રૅન્ડ સ્લૅમની ફાઇનલમાં પહોંચી છે. મૅચ બાદ કૉસ્ત્યુક ઝડપથી ટેનિસ કોર્ટની બહાર દોડી ગઈ હતી. ■

# સુપ્રીમ કોર્ટે ફોગાટના કિસ્સામાં રેસલિંગ ફેડરેશનની અપીલ ફગાવી

નવી દિલ્હી: મહિલા કુસ્તીબાજોને એશિયન ગેમ્સ માટે પસંદ કરવા માટેની સિલેક્શન ટ્રાયલમાં રેસલર વિનેશ ફોગાટને ભાગ લેવાની છૂટ આપતા દિલ્હી હાઈ કોર્ટના ફેંસલાને પડકારતી જે અપીલ રેસલિંગ ફેડરેશન ઑફ ઇન્ડિયા (ડબ્લ્યૂએફઆઇ)એ કરી હતી એને સુપ્રીમ કોર્ટે ગુરુવારે ફગાવી દીધી હતી. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે આ વિષયમાં પછીથી જે ઘટનાઓ બની એ જોતાં ડબ્લ્યૂએફઆઇની અપીલ અર્થહીન બની ગઈ કહેવાય. ઉલ્લેખનીય છે કે ફોગાટને સુપ્રીમ કોર્ટે તાજેતરની સિલેક્શન ટ્રાયલમાં ભાગ લેવાની છૂટ આપી હતી, પણ તે એમાં હારી જતાં એશિયન ગેમ્સ માટે ક્વૉલિફાય નહોતી થઈ શકી. જોકે સુપ્રીમ કોર્ટનો ડબ્લ્યૂએફઆઇને લગતો ફેંસલો ભવિષ્યના આવા અન્ય કિસ્સા માટે સીમાચિહ્નરૂપ થઈ ગયો છે. ■

# ભારતીય બૉક્સર જાસ્મિન બની ગઈ વર્લ્ડ નંબર-વન

નવી દિલ્હી: હરિયાણા રાજ્યના ભિવાની જિલ્લાની ૨૪ વર્ષીય બૉક્સર જાસ્મિન લંબોરિયા થોડા સમયથી મહિલાઓની મુક્કાબાજીના ૫૭ કિલો વર્ગમાં વર્લ્ડ ચૅમ્પિયન તો છે જ, હવે તેણે બીજી મોટી સિદ્ધિ પણ મેળવી લીધી છે. જાસ્મિન આ કૅટેગરીની મુક્કાબાજો માટેના વર્લ્ડ રૅન્કિંગમાં નંબર-વન થઈ ગઈ છે. તે તાજેતરમાં જ એશિયન ચૅમ્પિયનશિપ જીતી હતી. ભારતની જ મિનાક્ષીએ ૪૮ કિલો વર્ગમાં વર્લ્ડ નંબર-વનની રૅન્ક જાળવી રાખી છે. ■

---

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| दवात | પ્રવેશ |
| दाहिना | વૃતાંત |
| दास्तान | ખડિયો |
| दाह | જમણું |
| दाखिला | બળતરા |

## જાણવા જેવું

મેહબૂબ ખાન નિર્મિત અને દિગ્દર્શિત 'અંદાઝ' ફિલ્મથી ચમકદમકવાળી, ઊંચી ટેકનિકવાળી અને સંગીતમય ફિલ્મનો નવો યુગ શરૂ થયો. પશ્ચિમી સંસ્કૃતિનો પ્રભાવ દર્શાવવાના આશય સાથે ટેબલ ટેનિસ, પિયાનો, પશ્ચિમી વેશભૂષા, રહેણીકરણીનો ઉપયોગ થયો, જે પછીની ફિલ્મોમાં સામાન્ય બની ગયું છે. પાર્શ્વગાયક મુકેશને પણ આ ફિલ્મે જ કીર્તિ અપાવી અને પ્રતિષ્ઠા પ્રસ્થાપિત થઈ હતી.

## ગુજરાત મોરી મોરી રે

ગુજરાતી ફિલ્મ ઉદ્યોગ અખતરા કરી રહ્યો છે. ગયા વર્ષે રિલીઝ થયેલી સિદ્ધાર્થ રાંદેરિયા - રત્ના પાઠકની કોમેડી ફિલ્મનું નામ જણાવો.

અ) તારો થયો બ) ભ્રમ
ક) ઉંબરો ડ) બચુની બહેનપણી

## નોંધી રાખો

*રાજ કપૂરના આર.કે. સ્ટુડિયોનું નિર્માણ ૧૯૪૮માં થયું હતું અને 'આગ' ફિલ્મથી ફિલ્મો બનાવવાની શરૂઆત થઈ હતી.*

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ■ | ૩ | ૪ | | | ૫ |
| ૬ | | ■ | ■ | ૭ | | | ■ | ■ | |
| ■ | ૮ | | | | ■ | | ૯ | | ■ |
| ૧૦ | | ■ | ■ | | ■ | ૧૧ | | ■ | ૧૨ |
| | ■ | ૧૩ | ૧૪ | | ■ | ૧૫ | | | |
| ૧૬ | | | | ■ | ૧૭ | | | ■ | |
| | ■ | ૧૮ | | ■ | | ■ | ■ | ૧૯ | |
| ■ | ૨૦ | | ■ | ૨૧ | | | | | ■ |
| ૨૨ | ■ | ■ | ૨૩ | | | ■ | ■ | ૨૪ | ૨૫ |
| ૨૬ | | | | | ■ | ૨૭ | | | |

### આડી ચાવી

૧. ફોગટિયું (૪)
૩. સાધન સામગ્રી (૫)
૬. સૈન્ય (૨)
૭. આનંદ (૩)
૮. જુલમી (૫)
૯. દેવ (૨)
૧૦. આબાદી, વધારો (૨)
૧૧. મેળ, ઐક્ય (૨)
૧૩. બેબાકળું (૩)
૧૫. માંસ (૪)
૧૬. પારકી સ્ત્રી (૪)
૧૭. પાપી (૩)
૧૮. સુગંધી વાળો (૨)
૧૯. અર્ધું (૨)
૨૦. દીકરો (૨)
૨૧. નવરચના (૫)
૨૩. ચાલાક, હોશિયાર (૩)
૨૪. વર્ષ (૨)
૨૬. આવક-જાવકનો હિસાબ (૫)
૨૭. અશુભ મુહૂર્ત (૪)

### ઊભી ચાવી

૧. અહંકાર, ગર્વ (૨)
૨. ફળની પ્રાપ્તિ, પરિણામ (૪)
૩. સરિત્પતિ (૩)
૪. માણસ (૨)
૫. નમેલું (૨)
૭. મચ્છર (૪)
૯. --- કરવું=સોંપવું (૪)
૧૦. છાપું, વર્તમાનપત્ર (૪)
૧૧. ધન, દોલત (૩)
૧૨. કંદોરો, કમરપટો (૪)
૧૩. બાનામાં આપેલ પૈસાનું લખાણ (૪)
૧૪. બાર મહિના (૩)
૧૭. પરાધીન (૪)
૧૯. મળતાપણાનો અંશ (૪)
૨૧. પંજાનો નખ (૩)
૨૨. એક તેજાનો (૨)
૨૩. માનતા, આખડી (૨)
૨૫. ટેવ, વ્યસન (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ત | ણ | ૨ ખ | ૩ લા | ■ | ૪ અ | સ | ૫ ર | કા | ૬ રી |
| ન | ■ | ૭ સ | ગ | ૮ વ | ડ | ■ | તાં | ■ | સ |
| ૯ પ | ૧૦ તી | મ | ■ | ૧૧ ન | ગ | ■ | ૧૨ ધ | ણ | ■ |
| ■ | રં | ■ | ૧૩ હે | વા | ■ | ૧૪ ભો | ળું | ■ | ૧૫ સ |
| ૧૬ સ | દા | ય | ■ | સી | ■ | ટ | ■ | ૧૭ બા | ગ |
| ૧૮ લા | જ | ■ | ૧૯ ચૂં | ■ | ૨૦ આ | ■ | ૨૧ મ | રો | ડ |
| હ | ■ | ૨૨ ઘં | ટી | ■ | ૨૩ મ | ધ્ય | ■ | બા | ■ |
| ■ | ૨૪ ઘ | ટા | ■ | ૨૫ ક | દા | ■ | ૨૬ સુ | ર | ૨૭ ત |
| ૨૮ કાં | ■ | ક | ■ | ૨૯ હા | ની | ૩૦ ક | ર | ■ | બા |
| ૩૧ સુ | વ | ર્ણ | કા | ર | ■ | ૩૨ પિ | તા | મ | હ |

## ઓળખાણ પડી?

૧૯૮૦ના દાયકામાં મનોજ કુમારની ફિલ્મથી અભિનય શરૂ કરી ૩૦ વર્ષ પછી તાજેતરમાં પુનરાગમન કરવા ઉત્સુકતા દેખાડનારી અભિનેત્રીને ઓળખો.

અ) નીલમ કોઠારી
બ) અમૃતા સિંહ
ક) મીનાક્ષી શેષાદ્રી
ડ) પૂનમ ઢિલ્લોં



## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

હિન્દી ફિલ્મોમાં રોમેન્ટિક હીરો ઉપરાંત અનેક વૈવિધ્યપૂર્ણ ભૂમિકા ભજવનારા શશી કપૂરએ નિર્માણ કર્યું હતું એ ફિલ્મનું નામ જણાવો.

અ) પરવરીશ બ) ઉત્સવ ક) શર્મીલી ડ) આ ગલે લગ જા

## માઈન્ડ ગેમ

જ્યુબિલી સ્ટાર તરીકે ખ્યાતિ મેળવનારા રાજેન્દ્ર કુમાર અને સાયરા બાનો મુખ્ય કલાકારની ભૂમિકામાં હતા એ ફિલ્મનું નામ શોધી કાઢો.

અ) ધૂલ કા ફૂલ બ) કાનૂન ક) ઘરાના ડ) ઝુક ગયા આસમાન

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | | ૧ | ૪ | ૬ | | ૩ | | |
| ૬ | | | | ૮ | | | | ૭ |
| ૩ | ૯ | | | ૧ | | | | |
| ૫ | ૨ | | | | | | | ૧ |
| | | ૬ | | | | ૪ | | |
| ૪ | | | | | | | ૩ | ૯ |
| | | | | ૫ | | | ૪ | ૬ |
| ૧ | | | | ૨ | | | | ૩ |
| | | ૫ | | ૯ | ૩ | ૮ | | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૫ | ૯ | ૭ | ૧ | ૪ | ૬ | ૮ | ૩ |
| ૬ | ૧ | ૭ | ૮ | ૫ | ૩ | ૪ | ૯ | ૨ |
| ૩ | ૪ | ૮ | ૨ | ૯ | ૬ | ૧ | ૫ | ૭ |
| ૮ | ૩ | ૨ | ૫ | ૪ | ૧ | ૭ | ૬ | ૯ |
| ૭ | ૯ | ૫ | ૬ | ૩ | ૮ | ૨ | ૪ | ૧ |
| ૧ | ૬ | ૪ | ૯ | ૨ | ૭ | ૮ | ૩ | ૫ |
| ૫ | ૨ | ૧ | ૪ | ૬ | ૯ | ૩ | ૭ | ૮ |
| ૪ | ૭ | ૩ | ૧ | ૮ | ૫ | ૯ | ૨ | ૬ |
| ૯ | ૮ | ૬ | ૩ | ૭ | ૨ | ૫ | ૧ | ૪ |

## ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| दिगंत | ક્ષિતિજ |
| दिग्विजय | સંપૂર્ણ વિજય |
| दिठौना | નજરિયું |
| दिनकर | સૂર્ય |
| दिनांक | તારીખ |

**ગુજરાત મોરી મોરી રે:** કચ દેવયાની

**ઓળખાણ પડી?** કર્મ

**માઈન્ડ ગેમ :** કિસ્મત

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** દેબ મુખરજી

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ડો. પ્રકાશ કટકિયા (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભામિની સંપટ (૬) પ્રતિમા પમાણી (૭) ધીરેન્દ્ર મુલરાજ (૮) હરિહર ભટ્ટ - ડાલાસ (૯) વિપીન શાહ (૧૦) નૂતન વિપીન શાહ (૧૧) ભારતી બુચ (૧૨) હર્ષા મહેતા (૧૩) શ્રદ્ધા આશર (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) મીનળ કાપડિયા (૧૬) જયવંત પદમશી ચિખલ (૧૭) ખુશરૂ કાપડિયા (૧૮) કમલ માતલિયા (૧૯) ભાવના કર્વે (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) ભરત કજરિયા (૨૩) મનીષા શેઠ (૨૪) ફાલ્ગુની શેઠ (૨૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૬) વિણા સંપટ (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) અંજુ ટોલિયા (૨૯) ડાયના સંતોકે (૩૦) જયવંત પદમશી ચિખલ (૩૧) અલકા વાણી (૩૨) વિજય આસર (૩૩) નિતીન જયંતીલાલ બજરિયા (૩૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૫) નયના ગિરીશ મિસ્ત્રી (૩૬) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૭) અરવિંદ કામદાર (૩૮) સુભાષ મોમાયા (૩૯) નીતા દેસાઈ (૪૦) પુષ્પા પટેલ (૪૧) તાહેર ઔરંગાબાદવાલા (૪૨) શીરીન ઔરંગાબાદવાલા (૪૩) પ્રવીણ વોરા (૪૪) મહેન્દ્ર લોઢાવિયા (૪૫) મહેશ દોશી (૪૬) મહેશ સંઘવી (૪૭) હિનાબેન દલાલ (૪૮) રમેશભાઈ દલાલ (૪૯) ઈનાક્ષીબેન દલાલ (૫૦) વિરલભાઈ ઉદયભાઈ શેઠ (૫૧) અબ્દુલ્લા એફ. મુનીમ

## આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ ૧૭૯ જવાબ ૧) અનાડી, ૨) બુટ પોલિશ, ૩) સંગમ, ૪) શ્રી ૪૨૦, ૫) નીલ કમલ, ૬) ઈન્ક્લાબ, ૭) જાગતે રહો

ક્વિઝ ૧૮૦ ૧) સાવન કો આને દો, ૨) અંખિયો કે ઝરોખો સે, ૩) સિયા, ૪) જાગતે રહો, ૫) અતિથી તુમ કબ જાઓગે, ૬) મૈં તુલસી તેરે આંગન કી ૭) શેરદીલ ધ પીલીભીત સાગા

# વિધાન પરિષદ ચૂંટણી: મહાયુતિને મહાલાભ — ૧૭માંથી પાંચ બિનહરીફ ચૂંટાયા

## સુનેત્રાતાઈએ શરદ પવારને ફોન કરતા પુણેમાં ખેલો થયો: એમવીએને ફટકો, કૉંગ્રેસનો દગાબાજીનો આરોપ: સંજય રાઉતનો ૧૫૦ કરોડનો સોદો થયાનો આક્ષેપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિધાન પરિષદની ચૂંટણીને લઈને રાજ્યમાં ઘટનાઓએ જોર પકડ્યું છે. બીજી તરફ મહાયુતિ માટે ઉમેદવારી પાછી ખેંચવાનો દિવસ મહાલાભકારી નિવડ્યો હતો અને વિધાન પરિષદની ૧૭ બેઠકમાંથી પાંચ બેઠક પર બિનહરીફ તેમના ઉમેદવાર વિજયી થયા છે. બીજી તરફ આ ફટકો મહાવિકાસ આઘાડી (એમવીએ)ને પડ્યો છે અને હવે એમવીએના ઘટકપક્ષો વચ્ચે સંબંધો બગડી રહ્યા હોવાનું જોવા મળી રહ્યું છે. કૉંગ્રેસે શરદ પવાર પર દગાબાજી કરવાનો આરોપ લગાવ્યો છે, જ્યારે શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતે એવો આક્ષેપ કર્યો છે કે વિધાન પરિષદની ચૂંટણીમાં ઉમેદવારી પાછી ખેંચવા માટે મુંબઈની હોટલમાં ૧૫૦ કરોડનો સોદો થયો હતો.

આવી જ રીતે વિધાન પરિષદની ૧૭ બેઠકોમાં મહાયુતિમાં મોટા પાયે બળવો જોવા મળ્યો હતો. ઉમેદવારીમાં રસ ધરાવતા પરંતુ ટિકિટ ન મળતા ઘણા નેતાઓએ ઉમેદવારી પત્રો ભર્યા હતા. એવું અનુમાન કરવામાં આવી રહ્યું હતું કે આ બળવો મહાયુતિ માટે માથાનો દુખાવો બની શકે છે. પરંતુ અરજીઓ પરત ખેંચવાના છેલ્લા દિવસે, મહાયુતિએ આ બળવો અટકાવવામાં મોટી સફળતા મેળવી છે. ૧૭ બેઠકોમાંથી, મહાયુતિએ આઠ બેઠકો બિનહરીફ જીતી છે. આમાં થાણે, કોંકણ, યવતમાળ, વર્ધા-ગઢચિરોલી-ચંદ્રપુર, પુણે અને અહિલ્યાનગરનો સમાવેશ થાય છે.

### રાજ્યની ૧૨ બેઠક પર મુખ્ય લડાઈ

| | |
|---|---|
| ૧. સોલાપુર:- | રાજેન્દ્ર રાઉત (ભાજપ) વિ. વસંતરાવ દેશમુખ (એનસીપી-એસપી) |
| ૨. અહિલ્યાનગર:- | પ્રાજક્ત તનપુરે (ભાજપ) વિ. દત્તાત્રેય પાનસરે (અપક્ષ) |
| ૩. જળગાંવ:- | નંદકિશોર મહાજન (ભાજપ) વિરુદ્ધ શરદ તાયડે (શિવસેના-યુબીટી) |
| ૪. સાંગલી-સાતારા:- | ધૈર્યશીલ કદમ (ભાજપ) વિ. અભયસિંહ જગતાપ (એનસીપી-એસપી) વિ. કિશોર ધૂમલ (અપક્ષ) |
| ૫. નાંદેડ:- | અમર રાજુરકર (ભાજપ) વિ. રામદાસ પાટીલ (કોંગ્રેસ) |
| ૬. ભંડારા-ગોંદિયા:- | નરેશ ઈશ્વરકર (કોંગ્રેસ સમર્થન) વિ. અવિનાશ બ્રાહ્મણકર (ભાજપ) |
| ૭. નાશિક:- | ગોકુલ ગીતે (અપક્ષ) વિ. નરેન્દ્ર દરાડે (શિવસેના) |
| ૮. અમરાવતી:- | હર્ષદીપ દેશમુખ (કોંગ્રેસ) વિ. પ્રવીણ પોટે (ભાજપ) વિ. નિલેશ વિશ્વકર્મા (વંચિત) |
| ૯. ધારાશિવ-લાતુર-બીડ:- | બસવરાજ પાટીલ (ભાજપ) વિ. મહેશ દેશમુખ (કોંગ્રેસ) |
| ૧૦. પરભણી-હિંગોલી:- | સઈદ ખાન (શિવસેના) વિરુદ્ધ ડો. વિવેક નાવંદર (ઠાકરેની શિવસેના) વિરુદ્ધ સુશીલ દેશમુખ (સ્વતંત્ર) |
| ૧૧. છત્રપતિ સંભાજીનગર-જાલના:- | સુહાસ શિરસાટ (ભાજપ) વિ. ગણેશ લોખંડે (શિવસેના-યુબીટી) |
| ૧૨. નાગપુર (પેટા-ચૂંટણી):- | ડો. રાજીવ પોતદાર (ભાજપ) વિ. અતુલ લોંઢે (કોંગ્રેસ) |

### ધારાશિવમાં બળવો રોકવામાં સફળ

તુળજાપુરના ભાજપના મેયર વિનોદ ગાંગણેના પત્ની અર્ચના ગાંગણેએ આખરે પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી છે. અર્ચના ગાંગણેએ ધારાશિવ, લાતુર, બીડ વિધાન પરિષદની ચૂંટણી માટે બળવો કરીને ઉમેદવારી નોંધાવી હતી. હવે આ મતવિસ્તારમાં ભાજપ તરફથી બસવરાજ પાટીલ અને કોંગ્રેસ તરફથી મહેશ દેશમુખ વચ્ચે જંગ થશે. બીજી તરફ, શિવસેના ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરેની પાર્ટી, જે મહાવિકાસ આઘાડીનો એક ઘટક પક્ષ છે, તેના બે અપક્ષ ઉમેદવારો હજુ પણ મેદાનમાં છે.

### નાંદેડમાં શું સ્થિતિ છે?

નાંદેડ વિધાન પરિષદની ચૂંટણીમાં બળવો રોકવામાં મહાયુતિ પણ સફળ રહી છે. એનસીપીના વિધાનસભ્ય પ્રતાપ પાટીલ ચિખલીકરના પુત્ર પ્રવીણ પાટીલ ચિખલીકરએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી છે. ભાજપના અમરનાથ રાજુરકરને નાંદેડમાં મહાયુતિ તરફથી ઉમેદવારી આપવામાં આવી છે. સંયુક્ત પત્રકાર પરિષદમાં સાંસદ અશોક ચવ્હાણ અને વિધાનસભ્ય પ્રતાપ પાટિલ ચિખલીકરે મળીને પ્રવીણ પાટિલ ચિખલીકરની ઉમેદવારી પાછા ખેંચવાની જાહેરાત કરી હતી, જે મુજબ પ્રવીણ પાટિલ ચિખલીકરે હવે પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી છે.

### નાશિકમાં તણાવ હજુ પણ યથાવત

નાશિકથી મોટા સમાચાર આવ્યા છે કે, મહાયુતિમાં શિવસેના શિંદે જૂથને નાશિક વિધાન પરિષદની બેઠક મળી છે. જોકે, બીજી તરફ, એનસીપી તરફથી વિષ્ણુપંત મ્હૈસધુને અને ગોરખ બોડકેએ આ વિધાન પરિષદ માટે ઉમેદવારી પત્ર ભર્યું હતું. તેમણે પોતાના ઉમેદવારી પત્ર પાછા ખેંચી લીધા છે. બીજી તરફ, ગણેશ ગીતેએ ભાજપ તરફથી તે જ મતવિસ્તારમાંથી ઉમેદવારી પત્ર ભર્યું હતું, જ્યારે તેમના ભાઈ ગોકુલ ગીતેએ અપક્ષ તરીકે ઉમેદવારી પત્ર ભર્યું છે. દરમિયાન, ગણેશ ગીતે પોતાના ઉમેદવારી પાછી ખેંચી લીધી છે, પરંતુ ગોકુલ ગીતે હજુ પણ મેદાનમાં હોવાથી, નાસિકમાં મહાયુતિમાં તણાવ વધી ગયો છે.

### પરભણી-હિંગોલીમાં ઉદય સામંતનો જાદુ

પરભણી-હિંગોલી વિધાન પરિષદમાં મહાયુતિના બે એનસીપી ઉમેદવારોએ પોતાના ઉમેદવારી પત્ર પાછા ખેંચી લીધા છે. રાજ્યના ઉદ્યોગ પ્રધાન ઉદય સામંતના સૌજન્યથી સફળતા મળી છે. એનસીપીના સંગ્રામ જામકર અને વિજય જામકરે પોતાના ઉમેદવારીપત્રો પાછા ખેંચી લીધા છે. બંનેએ એનસીપી વિધાનસભ્ય રાજેશ વિટેકર અને મિત્ર પક્ષના વિધાનસભ્ય રત્નાકર ગુટ્ટેની હાજરીમાં પોતાના ઉમેદવારીપત્રો પાછા ખેંચી લીધા છે.

### યવતમાળમાં પણ બળવાખોરોએ ઉમેદવારીપત્રો પાછા ખેંચ્યા

યવતમાળ વિધાન પરિષદની ચૂંટણીમાં, એનસીપીના બળવાખોર ઉમેદવાર સાજિદ બેગે ચૂંટણીમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું છે અને તેમણે એવી પણ જાહેરાત કરી છે કે તેઓ હવે મહાયુતિના ઉમેદવાર સાથે છે. બીજી તરફ, ભાજપના બળવાખોર ઉમેદવાર નીતિન ભુતાડાએ પણ આ ચૂંટણીમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું છે.

### સાંગલી-સાતારા વિધાન પરિષદ

શિવસેનાના ઉમેદવારે સાંગલી-સતારા વિધાન પરિષદની ચૂંટણીમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું છે. મિનિસ્ટર શંભુરાજ દેસાઈ સાથેની મુલાકાત બાદ, તાનાજી પાટીલે પોતાની અરજી પાછી ખેંચી લીધી છે, તેથી હવે મહાયુતિ આ વિધાન પરિષદ મતવિસ્તારમાં બળવો અટકાવવામાં સફળ રહી છે.

### નાગપુરમાં ભાજપ અને કૉંગ્રેસમાં સીધી ટક્કર

નાગપુર વિધાન પરિષદમાં કોંગ્રેસ તરફથી અરજી દાખલ કરનારા દિનેશ ધોળેએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી છે. કોંગ્રેસ તરફથી સાવચેતી રૂપે, દિનેશ ધોળેએ અતુલ લોંઢે સાથે ડમી ઉમેદવારી નોંધાવી હતી, જે આ ચૂંટણીમાંથી ખસી ગયા છે. દિનેશ ધોળે ચૂંટણીમાંથી ખસી ગયા હોવાથી, હવે અતુલ લોંઢે કોંગ્રેસના સત્તાવાર ઉમેદવાર હશે, તેથી હવે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી લડાઈ થશે અને અહીં ભાજપ તરફથી ડો. રાજીવ પોતદારને ઉમેદવારી આપવામાં આવી છે.

### ઉમેદવારી પાછી ખેંચી લીધા બાદ બિનહરીફ વિધાન પરિષદ

૧. વર્ધા-ગઢચિરોલી-ચંદ્રપુર: અરુણ લાખાણી
૨. પુણે: વિક્રમ કાકડે
૩. થાણે: રવિન્દ્ર ફાટક
૪. રાયગડ-રત્નાગિરી-સિંધુદુર્ગ: અનિકેત તટકરે
૫. યવતમાળ - દુષ્યંત ચતુર્વેદી (શિવસેના શિંદે જૂથ)

### ઉમેદવારી પાછી ખેંચનારા ઉમેદવારોનાં નામ

| | |
|---|---|
| કોંકણ:- | બાલ માને, શિવસેના (યુબીટી) |
| પુણે:- | સુનિલ ટિંગરે, એનસીપી |
| નાસિક:- | ગણેશ ગીતે, અપક્ષ-ભાજપ |
| અહિલ્યાનગર:- | કરણ સાસણે, અપક્ષ-કોંગ્રેસ |
| થાણે:- | અભિજિત પવાર, એનસીપી |
| યવતમાળ:- | સૈયદ ફારૂક, અપક્ષ-એમવીએ |
| નાંદેડ:- | પ્રવીણ પાટીલ ચીખલીકર, ભાજપ |
| છત્રપતિ સંભાજીનગર:- | સમીર સત્તાર, શિવસેના |
| પુણે:- | ભાજપના બળવાખોર પ્રદીપ કાંડ |
| નાગપુર:- | સુરેન્દ્ર લોહી, શેકાપ |
| સાંગલી સાતારા:- | તાનાજીરાવ પાટીલ, શિવસેના |
| કોંકણ:- | અરવિંદ મ્હાત્રે, શેકાપ |
| માનસી મ્હાત્રેનું નામાંકન પત્ર પાછું ખેંચ્યું | |
| સોલાપુર:- | ઠાકરે જૂથના ધનંજય ડિકોલે અરજી પાછી ખેંચી, શિંદે જૂથના નેતા, અપક્ષ ઉમેદવાર મહેશ સાઠેએ અરજી પાછી ખેંચી |
| સાંગલી-સાતારા:- | તાનાજી પાટીલની અપક્ષ ઉમેદવારીની અરજી પાછી ખેંચી |
| જળગાંવ:- | શિવસેના શિંદે જૂથની રેશ્મા કાળે |
| અહિલ્યાનગર:- | કમલેશ હસ્તમલ ગાંધી, કૉંગ્રેસ |
| પરભણી:- | ભાજપના બળવાખોર વિશ્વજીત બુધવંત |

## સુનેત્રા પવારનો શરદ પવારને ફોન અને ગેમ ચેન્જ

મુંબઈ: વિધાન પરિષદની ચૂંટણીની પાર્શ્વભૂમિમાં રાજ્યના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. ચૂંટણી કુલ સત્તર બેઠકો માટે યોજાઈ રહી છે. આ વખતે મહાયુતિ અને મહાવિકાસ આઘાડીમાં ઘણી બેઠક પર બળવો થયો છે. બળવાખોરોને મનાવવા માટે વરિષ્ઠ નેતાઓ દરેક પ્રયાસ કરી રહ્યા છે. મહાયુતિ રાયગડ અને થાણેમાં ચૂંટણીઓ બિનહરીફ જીતવામાં સફળ રહી છે. આમ એક તરફ વિધાન પરિષદની ચૂંટણીનો ઉત્સાહ ચાલી રહ્યો છે તો બીજી તરફ રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારે સંસદ સભ્ય શરદ પવારને ફોન કર્યો હતો.

શરદ પવારના પક્ષના ઉમેદવાર શ્રીકાંત પાટીલે પોતાની ઉમેદવારી પાછી ખેંચી લેતા પુણે વિધાન પરિષદ મતવિસ્તારની ચૂંટણી હવે બિનહરીફ થઈ ગઈ છે. શરદ પવારે પોતે શ્રીકાંત પાટીલને ફોન કરીને ઉમેદવારી પાછી ખેંચવાનો પ્રયાસ કર્યો છે. સુનેત્રા પવારે પણ શ્રીકાંત પાટીલ ઉમેદવારી પાછી ખેંચે એની કોશિશ કરી હતી. તેમણે સીધો શરદ પવારને ફોન કરી પાટીલ ઉમેદવારી પાછી ખેંચી લે એવી માગણી કરી હતી. આ ફોન આવ્યા પછી શરદ પવારે શ્રીકાંત પાટીલને પોતાની ઉમેદવારી પાછી ખેંચવાનો આદેશ આપ્યો. શ્રીકાંત પાટીલ ઉપરી અધિકારીના આદેશ પછી આ ચૂંટણીમાંથી ખસી ગયા હોવાથી પુણેની ચૂંટણી હવે બિનહરીફ થઈ ગઈ છે.■

## પુણેમાં એનસીપી ઉમેદવાર માટે કરોડોની ડીલ, રોહિત પવારનો આક્ષેપ

પુણે: પુણેમાં વિધાન પરિષદની ચૂંટણીને લઈને રાષ્ટ્રવાદી પક્ષમાં નાટક જોવા મળ્યું છે. પુણેમાં વિધાન પરિષદ માટે એનસીપીએ સંજય કાકડેના પુત્ર વિક્રમ કાકડેને ઉમેદવારી આપ્યા બાદ પાર્ટીમાં નારાજગી જોવા મળી હતી. આ દરમિયાન, એનસીપી શરદ પવાર જૂથના વિધાનસભ્ય રોહિત પવારે એનસીપી ઉમેદવાર માટે ૫૦ થી ૬૦ કરોડ રૂપિયાનો સોદો થયો હોવાનો આરોપ લગાવ્યા બાદ પુણેના રાજકીય વર્તુળોમાં ભારે ખળભળાટ મચી ગયો હતો.

રોહિત પવારે કહ્યું, અમે સાંભળ્યું છે કે પુણેના ઉમેદવારોને પૈસા લઈને ઉમેદવારી આપવામાં આવી હતી. પુણેના એનસીપી ઉમેદવાર માટે ૫૦ થી ૬૦ કરોડ રૂપિયાનો સોદો થયો છે. અમારા ઘણા ઉમેદવારો ડરી ગયા હોવાથી ઉમેદવારી પાછી ખેંચી રહ્યા છે. ભાજપ અને મહાયુતિ ગંદી રાજનીતિ કરી રહ્યા છે. અમે જાણીએ છીએ કે મહાયુતિએ રાજ્યમાં એવા ઉમેદવારો આપ્યા છે, જેમની પાસે કરોડો રૂપિયા છે. બહારથી આવેલા ઘણા લોકોને ઉમેદવારી આપવામાં આવી છે. અમારા પ્રામાણિક કાર્યકરો લડવા માટે તૈયાર છે.

અજિત પવારનો સંજય કાકડે અને અનિલ ભોંસલે સાથે મોટો ઝઘડો થયો હતો. એવી ચર્ચા હતી કે પાર્ટીના પદાધિકારીઓ તેમના પુત્રને વિધાનસભ્ય બનાવતા નાખુશ હતા. ૨૦૧૭માં પુણે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં એનસીપી ને ભાજપ સામે હરાવવામાં સંજય કાકડેએ મોટી ભૂમિકા ભજવી હતી. તે સમયે ભાજપમાં રહેલા સંજય કાકડેએ ઘણા એનસીપી કોર્પોરેટરોને તોડ્યા હતા અને તેમને ભાજપમાં જોડાવા માટે મજબૂર કર્યા હતા. જે કોર્પોરેટરો ભાજપમાં જોડાયા નહોતા તેમને કાકડે એ સામ, દામ, દંડ, ભેદનો ઉપયોગ કરીને હરાવ્યા હતા. ■

## ઉદ્ધવ-સેનાએ ત્રણ નેતાની કરી હકાલપટ્ટી

રત્નાગિરી/સિંધુદુર્ગ: રાજ્યની ૧૭ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાના વિધાન પરિષદ મતવિસ્તારો માટે ચૂંટણીમાંથી અરજીઓ પાછી ખેંચવાની છેલ્લી ઘડીએ નાટયાત્મક ઘટના બની રહી છે. શિવસેના ઠાકરે જૂથ દ્વારા છેલ્લી ઘડીએ ઉદ્ધવ ઠાકરે સાથે દગાબાજી કરનારા ઉપનેતાની શિવસેનામાંથી હકાલપટ્ટી કરવામાં આવી છે. કોંકણ મતવિસ્તારમાંથી ઉમેદવારી પાછી ખેંચી લેનારા ઉમેદવાર બાળ માનેને કાઢી મૂકવામાં આવ્યા છે.

ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખના થોડા કલાકો પહેલા. મહા વિકાસ આઘાડી અને શિવસેના ઠાકરે જૂથના સત્તાવાર ઉમેદવાર બાળ માનેએ અચાનક ઉમેદવારી પાછી ખેંચી લીધી છે. નાશિકમાં ઠાકરેના ઉમેદવારે ઉમેદવારી નહોતી નોંધાવી. હવે, કોંકણથી ઠાકરેના ઉમેદવારે ઉમેદવારી પાછી ખેંચી લેતા રાજકીય વર્તુળોમાં અનેક ભંવા ઊંચકાયા છે.

ગુરુવારે રાજ્ય પ્રધાન નિતેશ રાણે અને ઠાકરે જૂથના ઉમેદવાર બાળ માને જિલ્લા કલેક્ટર કચેરીમાં એકસાથે પ્રવેશ કરતા ખળભળાટ મચી ગયો હતો. ત્યારે એવી ચર્ચા હતી કે બાળ માનેએ ઉમેદવારી પાછી ખેંચી લીધી છે.

બાળ માને મૂળ ભાજપમાં હતા. જોકે, ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણી દરમિયાન, તેઓ ભાજપ છોડી ઠાકરે છાવણીમાં જોડાયા હતા. મહા વિકાસ આઘાડી તરફથી ઉદય સામંત સામે રત્નાગિરિથી વિધાનસભા ચૂંટણી લડ્યા હતા, પરંતુ તેમનો પરાજય થયો હતો. ત્યારબાદ, તેમને ફરીથી વિધાન પરિષદ દ્વારા ચૂંટણી મેદાનમાં લાવવામાં આવ્યા હતા. જોકે, મતદાન પહેલાં તેમની હકાલપટ્ટીથી કોંકણમાં રાજકીય સમીકરણો સંપૂર્ણપણે બદલાઈ ગયા છે.

બીજી તરફ છત્રપતિ સંભાજીનગર-જાલના મતવિસ્તારમાંથી પાર્ટી દ્વારા મેદાનમાં ઉતારવામાં આવેલા દેવયાની ડોંનગાવકરે પણ અચાનક પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી છે, જે શિવસેના ઠાકરે જૂથ માટે મોટા આંચકા સમાન છે. દરમિયાન દેવયાની ડોંનગાવકર અને કૃષ્ણા ડોંનગાવકરને પણ શિવસેના ઠાકરે જૂથ દ્વારા પક્ષમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે. આ બધા નેતાઓ પર પક્ષ વિરોધી પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનો આરોપ છે અને આ ત્રણેય નેતાઓને શિવસેના ઠાકરે જૂથમાંથી અચાનક હાંકી કાઢવામાં આવ્યા છે. બીજી તરફ આ અંગે પ્રતિક્રિયા આપતા શિવસેના ઠાકરે જૂથના નેતા સંજય રાઉતે ગંભીર આરોપો લગાવ્યા છે. રાઉતે આરોપ લગાવ્યો છે કે આ કેસમાં નાણાકીય વ્યવહારો થયા છે. આ બધી બાબતોને કારણે હવે રાજકીય વાતાવરણ ગરમાયું છે. ■

## પુણે ગર્ભપાત રૅકેટનો સૂત્રધાર બારમું પાસ હતો

### બી. ફાર્મના પહેલા વર્ષમાં જ ફેઈલ આરોપી પછી પોતાના નેટવર્કમાંના ડૉક્ટર પાસે મહિલાને ગર્ભપાત માટે મોકલતો

પુણે: પુણેમાં ચાલતા ગેરકાયદે ભ્રૂણ પરીક્ષણ કરી અને ગર્ભપાતના રૅકેટનો સૂત્રધાર માત્ર બારમું પાસ હોવાની ચોંકાવનારી માહિતી પોલીસ તપાસમાં સામે આવી હતી. બી. ફાર્મસીના પહેલા વર્ષમાં જ ફેઈલ થયેલા આરોપીએ મહિલાઓના ગર્ભપાત માટે ડૉક્ટરોનું નેટવર્ક વિકસાવ્યું હતું.

દૌંડ તાલુકાના કેડગાંવમાં ચાલતા ગેરકાયદે ભ્રૂણપરીક્ષણનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો. વીડિયોને ગંભીરતાથી લઈ આરોગ્ય અધિકારીએ ફરિયાદ કરી હતી, જેને પગલે પોલીસે તપાસ હાથ ધરી હતી. આ પ્રકરણે પોલીસે ગુનો નોંધી મુખ્ય આરોપી અણ્ણાસાહેબ ગિરિ (૪૨) અને આયુર્વેદિક ડૉક્ટર અતુલ જાધવની ધરપકડ કરી હતી. જાધવ બીએએમએસ (બેચલર ઑફ આયુર્વેદિક મેડિસિન ઍન્ડ સર્જરી) છે, જ્યારે ગિરિ કોઈ પણ જાતની તબીબી ડિગ્રી વિના ભ્રૂણપરીક્ષણ કરતો હતો.

આ રૅકેટના સૂત્રધાર ગિરિએ પૂછપરછમાં જણાવ્યું હતું કે તે ૨૦૨૪થી આ ગેરકાયદે પ્રવૃત્તિમાં સંડોવાયેલો હતો. તે ડૉક્ટર નથી અને માત્ર ૧૨મું ધોરણ સુધી ભણ્યો છે. ગિરિએ દાવો કર્યો હતો કે તે બી. ફાર્મસીના કોર્સમાં જોડાયો હતો, પરંતુ પહેલા વર્ષમાં જ ફેઈલ થતાં તેણે અભ્યાસ છોડી દીધો હતો, એવું યવત પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર નારાયણ દેશમુખે જણાવ્યું હતું.

ગિરિ મોબાઈલ ઍપ્લિકેશન સાથે લિંક્ડ પોર્ટેબલ, ચીની બનાવટના અલ્ટ્રાસાઉન્ડ ડિવાઈસનો ભ્રૂણપરીક્ષણ માટે ઉપયોગ કરતો હતો. પોલીસે આ મશીન જપ્ત કર્યું હતું. મશીન ગિરિને સપ્લાય કરનારા નરેન્દ્ર ઠાકરેને પણ ઓળખી કાઢ્યો હતો. જોકે અન્ય પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આવા જ પ્રકારના ગુનામાં ઠાકરેની ધરપકડ કરવામાં આવી હોવાથી યવત પોલીસ તેની કસ્ટડી મેળવવા પ્રયત્ન કરશે.

પોલીસ તપાસ અનુસાર ભ્રૂણપરીક્ષણ માટે ગિરિ પાંચથી પંદર હજાર રૂપિયા ચાર્જ વસૂલતો હતો. ગર્ભમાં કન્યાભ્રૂણની ખાતરી થયા પછી સગર્ભાને ગર્ભપાત માટે ગિરિ પોતાના નેટવર્કમાંના ડૉક્ટર પાસે જવાની ભલામણ કરતો. ગિરિના દાવા પ્રમાણે દર મહિને તે ૧૫થી ૨૦ મહિલાની તપાસણી કરતો, પરંતુ એનો મતલબ એ નથી કે આ દરેક મહિલાને ગર્ભપાત કરાવવાની જરૂર પડી હોય. પોલીસ ગિરિના સંપર્કમાં રહેલા અન્ય બે ડૉક્ટરની શોધ ચલાવી રહી છે. (પીટીઆઈ)■

## સરકારની ઉદાસીનતાનું પરિણામ: સ્કૂલ બસ ફીમાં ૧૫ ટકાનો વધારો

મુંબઈ: પેટ્રોલ-ડીઝલ સહિત સીએનજીના ભાવમાં થઈ રહેલા વધારાની અસર જીવનજરુરી ચીજવસ્તુઓ પર જોવા મળી છે, પરંતુ ધીમે ધીમે હવે સ્કૂલ બસના વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ પર જોવા મળશે. છેલ્લા ઘણા સમયથી રાજ્ય સરકાર પાસે કરેલી માગણીઓ પુરી નહીં થતા હવે સ્કૂલ બસના સંચાલકો દ્વારા બસ ફીમાં ૧૫ ટકા જેટલો વધારો કરવાનો નિર્ણય લીધો છે, જે વર્ષ જૂન, ૨૦૨૬-૨૭થી લાગુ થશે.

આ જૂન મહિનામાં શરૂ થતા નવા સત્રથી વિદ્યાર્થીઓની સ્કૂલ બસ ફીમાં ૧૫ ટકા જેટલો વધારો કરવામાં આવશે. બસ એસોસિએશન દ્વારા જણાવવામાં આવ્યું કે આ વધારો ફક્ત પેટ્રોલ-ડીઝલના ભાવવધારાના કારણે નહીં પણ અન્ય ખર્ચ પૈકી બસના સ્ટાફની સેલરી અને બસના મેઇન્ટેનન્સ અને બસ સ્પેરપાર્ટ રિપેરિંગમાં થતા ખર્ચના કારણે વધારવામાં આવી રહ્યો છે. ઉપરાંત વીમો, ટોલટેક્સ સહિત અન્ય ખર્ચમાં પણ વધારો કરવામાં આવ્યો હોવાથી વધારો કરવાનો નિર્ણય લીધો છે.

બસ એસોસિયેશને દાવો કર્યો છે કે અમે લોકો ભાવ વધારવા ઈચ્છતા નથી. આ અંગે સરકારને પણ અગાઉ અનુરોધ કર્યો હતો, પરંતુ અમને સરકાર તરફથી પણ કોઈ મદદ મળી નથી. આ જ કારણથી અમારે આકરો નિર્ણય લેવો પડ્યો છે અને વાલીઓને પણ સહકાર કરવાની અપીલ કરીએ છીએ તેમ જ સરકાર પણ આ મુદ્દે તાત્કાલિક યોગ્ય ઉકેલ લાવે એવી ભલામણ કરીએ છીએ, એમ એસોસિયેશને જણાવ્યું હતું.

બસના એક સંચાલકે જણાવ્યું હતું કે અમે પણ ભાવવધારાના વિરુદ્ધમાં છીએ, પરંતુ જે રીતે ડીઝલના ભાવ વધતા જાય છે. જો સરકાર ભાવવધારો ઈચ્છે તો એક યોગ્ય જાહેરાત દ્વારા કેટલો ભાવ વધશે. અમે સંચાલન ખર્ચ માટે પૂર્વ તૈયારી કરી શકીએ. અહીં એ જણાવવાનું કે સમગ્ર રાજ્યમાં ૪૦,૦૦૦ જેટલી સ્કૂલ બસ દોડે છે, જેમાં દરરોજ ૧.૨ લાખ લીટર જેટલા ડીઝલનો વપરાશ થાય છે એટલે ઇંધણ ખર્ચનો ભાર વધારે લાગે છે. ■

## મુંબઈનો પહેલો રાહદારી ઝોન કાલાઘોડામાં ખુલ્લો મુકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈનો સૌથી પહેલો રાહદારી ઝોન (પૅડેસ્ટ્રીયન ઝોન) બહુ જલદી મુંબઈગરા માટે ખુલ્લો મૂકવામાં આવવાનો છે. દક્ષિણ મુંબઈના પ્રખ્યાત કાલા ઘોડા વિસ્તારનો બ્યુટીફિકેશન પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે, જે હેઠળ શનિવાર તથા રવિવારે આ રસ્તા પર ફક્ત રાહદારીઓને જ પ્રવેશ રહેશે.

પ્રતિષ્ઠિત કાલા ઘોડા વિસ્તારના બ્યુટીફિકેશન કામ પાલિકા દ્વારા હાથ ધરવામાં આવ્યુ છે, જેમાં કાલા ઘોડા વિસ્તારમાં ઊભો કરવામાં આવનારો નોન-વ્હીકલ (પદયાત્રી) ઝોનના પહેલા તબક્કાનું કામ પૂર્ણ થઈ ગયું છે અને બીજા તબક્કાના કામ અંતિમ તબક્કામાં છે. મુંબઈનો સૌથી પહેલો રાહદારી ઝોન તરીકે ઓળખાશે. અહીં પ્રવેશદ્વાર પર બોલાર્ડ લગાવવામાં આવશે. અહીં વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ રહેશે. આ વિસ્તારમાં કલા, હસ્તકલા અને સંગીત સંબંધિત વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે અને પ્રવાસીઓ માટે એક આકર્ષણ કેન્દ્ર વિકસાવવામાં આવી રહ્યું છે.

સ્થાનિક નગરસેવકના કહેવા મુજબ આ પહેલ વિશ્વના ઘણા શહેરોની જેમ અમલમાં મૂકવામાં આવી રહી છે. ગ્લાસગોમાં બુકાનન સ્ટ્રીટ અને લંડનમાં કાર્નાબી સ્ટ્રીટનું ઉદાહરણ લઈને પાલિકાએ કાલા ઘોડા વિસ્તારના રસ્તાઓને રાહદારી માર્ગ તરીકે વિકસાવવાની યોજના બનાવી છે. આ વિસ્તારને વધુ સુરક્ષિત અને પ્રવાસીઓનું આકર્ષણ બનાવશે. આ પ્રોજેક્ટ હેઠળ વી. બી. ગાંધી માર્ગ (ફોર્બ્સ સ્ટ્રીટ), રોપવોક લેન, સાંઈબાબા રોડ, રૂધરફિલ્ડ સ્ટ્રીટ અને બી. ભરૂચા રોડ હેઠળના રસ્તાઓનું નવીનીકરણ કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટનું ખાસ આકર્ષણ સર જે. જે. સ્કૂલ ઓફ આર્ટના કલાકારો દ્વારા બનાવવામાં આવેલી ચાર સુંદર શિલ્પ છે. અહીં ટૂંક સમયમાં 'અલ ફ્રેસ્કો' ડાઇનિંગ સુવિધા શરૂ કરવામાં આવશે. તેથી પ્રવાસીઓ ખુલ્લા વાતાવરણમાં તેમના ભોજનનો આનંદ માણી શકશે. પથ્થરના પાકા ફૂટપાથ જેવા બાંધકામ પૂર્ણ થઈ ગયા છે, જ્યારે રંગબેરંગી ભીંતચિત્રો અને કલાત્મક સ્થાપત્ય (શેરી કલાકૃતિઓ) વિસ્તારના સાંસ્કૃતિક આકર્ષણને વધારવા માટે સ્થાપિત કરવામાં આવ્યા છે. ■

## નાગપુરમાં નીટની પરીક્ષા રદ થયા બાદ વિદ્યાર્થિનીએ કરી આત્મહત્યા

### પરિવારજનોને પખવાડિયા બાદ મળી આવી સુસાઇડ નોટ

નાગપુર: પેપર લીક થવાને કારણે નીટની પરીક્ષા રદ થવાથી ૨૦ વર્ષની વિદ્યાર્થિનીએ હતાશામાં ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી હોવાની ઘટના નાગપુરમાં બની હતી. વિદ્યાર્થિનીના મૃત્યુના પંદર દિવસ બાદ તેની સુસાઇડ નોટ પરિવારને મળી આવી હતી. વિદ્યાર્થિનીની ઓળખ આકાંક્ષા ચતુર્વેદી (૨)) તરીકે થઇ હોઇ તે મધ્ય પ્રદેશના મઉગંજ જિલ્લાના મગનિયા ગામની રહેવાસી હતી. આકાંક્ષાએ નીટની પરીક્ષા આપી હતી અને પેપર સારું ગયું હતું, એવું તેણે પરિવારજનોને જણાવ્યું હતું.

જોકે નીટનું પેપર લીક થવાને કારણે પરીક્ષા રદ કરવામાં આવી હતી. આની જાણ થતાં આકાંક્ષા હતાશ થઇ ગઇ હતી. તેણે ૨૦ મેના રોજ નાગપુરના ઘરમાં ગળાફાંસો ખાધો હતો. આ ઘટના બાદ આકાંક્ષાનો મૃતદેહને પરિવારજનો પોતાના વતન લઇ ગયા હતા, જ્યાં તેના અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા. આકાંક્ષાના મૃત્યુના પંદર દિવસ બાદ તેણે લખેલી સુસાઇડ નોટ પરિવારજનોને મળી આવી હતી, જેમાં અંતિમ પગલા પાછળનું કારણ લખ્યું હતું.

આકાંક્ષાએ સુસાઇડ નોટમાં માતા-પિતાની માફી માગતાં જણાવ્યું હતું કે માતા-પિતા, તમને મારા પર પૂરો વિશ્વાસ હતો કે તમારી પુત્રી એક દિવસ નક્કી ડોક્ટર બનશે, પણ હવે ફરી એક વાર નીટની પરીક્ષા આપવાની મારામાં હિંમત નથી. આકાંક્ષાના પરિવારની આર્થિક પરિસ્થિતિ સારી નહોતી. જોકે પુત્રીને ભણાવીને ડોક્ટર બનાવવા માટે તેના પિતાએ 'કિસાન ક્રેડિટ કાર્ડ' પર ત્રણ લાખ રૂપિયાની લોન લીધી હતી. ઉપરાંત ગુજરાન ચલાવવા અને પુત્રીના શિક્ષણના ખર્ચ માટે આકાંક્ષાના પિતા નાગપુરમાં એક સ્થળે કૂક તરીકે કામ કરતા હતા. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# વિદેશી ફંડોને રાજી કરવાની સરકારી તૈયારીને કારણે શૅરબજારમાં સ્થિરતા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: અમેરિકા અને ઇરાન તથા ઇઝરાયલ અને લેબનોન વચ્ચેની વાટાઘાટોના અને સરકાર દ્વારા વિદેશી ફંડોને અમુક છૂટ આપવાના પગલાના અહેવાલો વચ્ચે તીવ્ર અફડાતફડીને અંતે શેરબજાર ગુરુવારે પોઝિટીવ ઝોનમાં મામૂલી સુધારા સાથે સ્થિર થયું હતું. જોકે, પશ્ચિમ એશિયામાં અનિશ્ચિતતા હજુ યથાવત્ છે અને એફઆઇઆઇની એકધારી વેચવાલી પણ ચાલુ છે. ઉપરાંત યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવે ૫૪ દેશો પર વધારાની ડ્યુટીનો પ્રસ્તાવ મૂક્યો છે. સત્ર દરમિયાન ૭૪,૫૪૪.૨૪ પોઇન્ટની ઊંચી અને ૭૩,૮૦૭.૩૦ પોઇન્ટની નીચી સપાટીને અથડાયા હાદ અંતે સેન્સેક્સ માંડ ૧૩.૮૪ પોઇન્ટના સુધારા સાથે ૭૪,૩૬૦.૦૧ની અને નિફ્ટી ૧૦.૯૫ પોઇન્ટ વધીને ૨૩,૪૧૬.૫૫ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. સેન્સેક્સના શેરોમાં ટાઇટન, ઇટર્નલ, આઇટીસી, ટેક મહિન્દ્રા, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા અને આઇસીઆઇસીઆઇ બેન્ક ટોપ ગેઇનર રહી હતી. જ્યારે ઇન્ફોસિસ, બજાજ ફિનસર્વ, અલ્ટ્રાટેક સિમેન્ટ, એચસીએલ ટેકનો અને અદાણી પોર્ટ ટોચના લુઝર્સ રહ્યા હતા. એક્સચેન્જના ડેટા અનુસાર એફઆઇઆઇએ પાછઠલા સત્રમાં રૂ. ૫,૬૧૬.૫૬ કરોડના શેર વેચ્યા છે.

વ્યાપક બજારો ઊંચા ઉછાળા સાથે બંધ થયા, જેમાં નિફ્ટી મિડકેપ ૧૦૦ અને નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ ઇન્ડેક્સમાં લગભગ ૦.૫૦ ટકા જેટલો સુધારો હતો. ક્ષેત્રીય રીતે, નિફ્ટી કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઇન્ડેક્સ બે ટકાથી વધુ વધ્યો હતો. જ્યારે નિફ્ટી મેટલ ૦.૭૦ ટકા ઘટ્યો હતો. એનએસઇ પર લગભગ ૧,૮૧૭ શેરો વધ્યા હતા, જ્યારે ૧,૪૭૪ ઘટ્યા હતા અને ૧૦૫ મૂળ સપાટીએ પાછાં ફર્યા હતા.

રાજેશ એક્સપોર્ટ પર સેબીએ રૂ. ૧૫ લાખ કરોડના મિસરિપોર્ટીંગના કરેલા આરોપ સાથે જાહેર કરેલા આદેશને કારણે તેના શેર એનએસઇ અને બીએસઇ પર નીચલી સર્કિટમાં પટકાયા હતા. આ કંપનીમાં એલઆઇસીનું ૧૦ ટકાથી વધુ રોકાણ હોવાથી તેના શેરમાં પણ સત્ર દરમિયાન એકાદ ટકા જેવો કડાકો હતો.કોકાકોલા કંપની ૨૦૨૭માં તેના ભારત સ્થિત બોટલિંગ યુનીટ એચસીસીએચનો આઇપીઓ લાવવાની અને આ એકમમાંથી પોતાનો અમુક હિસ્સો છૂટો કરવાની યોજના ધરાવે છે. હિંદુજા ગ્લોબલ સોલ્યુશને રૂ. ૮.૨ કરોડની ખોટ નોંધાવી છે. રેવન્યુ ૬.૫૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૦૮૫ કરોડ રહી છે.

ટાટા સ્ટીલના યુકે સ્થિત પ્લાન્ટમાં આગની ઘટનાના અહેવાલ હતા. હ્યુન્ડાઇ મોટર ઇન્ડિયાની તમિળનાડુ સ્થિત સપ્લાયર ફેસિલિટી ખાતે આગની ઘટના બનતા તેના ઉત્પાદનમાં




કામચલાઉ વિક્ષેપ પડ્યો છે. આઇનોક્સ ક્લિને વેના એનર્જી ઇન્ડિયા સાથે રૂ. ૬૦૦૦ કરોડમાં છ ગીગાવોટનો રિન્યુએબલ પોર્ટફોલિયો હસ્તગત કરવા કરાર કર્યા છે.

ઓનલાઇન પ્લેટફોર્મ પર ફ્યુચર્સ ટ્રેડમાં ક્રૂડ ઓઇલના ભાવમા બે ટકાનો ઘટાડો જોવા મલ્યો હતો. ઇરેડાનો ચોથા ક્વાર્ટરનો ચોખ્ખો નફો બે ટકા ઘટાડા સાથે રૂ.૪૯૩ કરોડ રહ્યો છે. શાલીમાર પેઇન્ટ્સની આવક ૧૪ ટકા ઘટીને રૂ. ૧૫૩ કરોડ રહી છે, જ્યારે ચોખ્ખી ખોટ સહેજ ઘટીને રૂ. ૬.૧૮ કરોડ રહી છે. ટાટા મોટર વ્હીકલ પેસેન્જરનું વેચાણ મે મહિનામાં ૪૨ ટકા વધીને ૫૯,૭૯૦ યુનીટ નોંધાયું છે. સીમેન્સે લો વોલ્ટેજ મોટર્સ બિઝનેસ, ઇનોમેટિક્સ ઇન્ડિયાને રૂ.૨,૨૦૦ કરોડમાં વેચી દીધો છે.

કન્ઝ્યુમર સેન્ટ્રિક ઇન્સ્યોરટેક પ્લેટફોર્મ, કવરશ્યોરએ ભારત સરકારની પોસ્ટલ સેવા અને વિશ્વના સૌથી મોટા પોસ્ટલ નેટવર્કના ઓપરેટર, ઇન્ડિયા પોસ્ટ સાથે ભાગીદારીમાં સમગ્ર દેશમાં વીમા જાગૃતિ અને ક્લેમ પ્રિપેરેશનને પ્રોત્સાહન આપવા ચીઠ્ઠી આઇ હૈ, નામે એક અનોખી પહેલ શરૂ કરી છે. બંને સંસ્થાઓએ ઇનલેન્ડ લેટર પાછું લાવવાનું નક્કી કર્યું છે. પ્રથમ તબક્કામાં કવરશ્યોર ઇન્ડિયા પોસ્ટના ડિલિવરી નેટવર્ક દ્વારા દેશના ૧૫ શહેરોમાં ૧૦,૦૦૦ આંતરદેશીય પત્રો પહોંચાડશે.

કેન્દ્રીય બજેટમાં નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે મૂડી ખર્ચ માટે રેકોર્ડ રૂ.૧૨.૨ લાખ કરોડ ફાળવવામાં આવ્યા છે, જે જીડીપીના આશરે ૪.૪૦ ટકા જેટલું છે. વર્લ્ડ ઓફ કોંક્રિટ ઇન્ડિયામાં કોંક્રિટ, સિમેન્ટ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઉદ્યોગો માટે એક અગ્રણી સોર્સિંગ, નેટવર્કિંગ અને નોલેજ શેરિંગ પ્લેટફોર્મ તરીકે પ્રીકાસ્ટ ટેક્નોલોજીસ અને ફોર્મવર્ક, ફ્લોરિંગથી માંડીને ડ્રાય મોર્ટાર, સ્કેફોલ્ડિંગ સહિતના સોલ્યુશન્સ પ્રદર્શિત થયા છે. અલ્ટ્રાટેક સિમેન્ટ, જેસડબલ્યુ સિમેન્ટ, સિકા ઇન્ડિયા, એશિયન પેઇન્ટ્સ, કાન્સાઇ નેરોલેક પેઇન્ટ્સ, નેચરલ સેમેકો, માપેઇ, ક્રાયસો ઇન્ડિયા, ફોસરોક, નેપ્ચ્યુન ઇન્ડસ્ટ્રીઝ, શ્રીપ્રીમિક્સ ઇન્ડસ્ટ્રીઝ, સિલિકોન ઇન્ફ્રાટેક, હિમાદ્રી અને ક્રાયસો સેન્ટ-ગોબેન સહિત અગ્રણી ભારતીય અને ગ્લોબલ કંપનીઓ તેમાં સહભાગી થઇ છે. ભારતના ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને બાંધકામ ક્ષેત્રમાંથી ઉભરી રહેલી વધતી તકો પર બોલતા, ઇન્ફોર્મા માર્કેટ્સ ઇન ઇન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર યોગેશ મુદ્રાસે જણાવ્યું હતું કે, ભારતનો બાંધકામ ઉદ્યોગ ૨૦૩૦ સુધીમાં લગભગ જીડીપી ૧.૪ ટ્રિલિયન ડોલર સુધી પહોંચવાનો અંદાજ છે, જે દેશને વિશ્વના સૌથી મોટા અને સૌથી ઝડપથી વિકસતા બાંધકામ બજારોમાં સ્થાન આપશે.

કોર્પોરેટ કમાણીની મોસમ મોટાભાગે પૂર્ણ થયા પછી રોકાણકારોનું ધ્યાન ચોમાસાની પ્રગતિ, ફુગાવાના વલણો, આરબીઆઈ નીતિ અને પ્રવાહિતાની સ્થિતિ સહિતના મુખ્ય મેક્રો પરિબળો પર છે. અલ નીનોનું જોખમ તોળાઇ રહ્યું હોવાથી વરસાદ લાંબા ગાળાના સરેરાશથી નીચે રહેવાનો અંદાજ છે. જોકે એ સાથે જળાશય સ્તર અને અનાજના બફર સ્ટોક હાલ તો સંતોષજનક છે. દરમિયાન ભારતના ઉત્પાદન ક્ષેત્રે મે મહિનામાં મજબૂત વૃદ્ધિ નોંધાવી, એચએસબીસી ઇન્ડિયા મેન્યુફેક્ચરિંગ પીએમઆઇ એપ્રિલમાં ૫૪.૭થી વધીને ૫૫.૦ થયો અને ફ્લેશ રીડિંગ ૫૪.૩ થયું, જે ત્રણ મહિનામાં શ્રેષ્ઠ સુધારો દર્શાવે છે. જીએસટી કલેક્શન મે ૨૦૨૬માં ૩.૨ ટકા વધીને રૂ. ૧.૯૪ લાખ કરોડ થયું, જે મે ૨૦૨૫માં રૂ. ૧.૮૮ લાખ કરોડ હતું. ■

## સાયબર ક્રાઈમ માટે નવી ફોરેન્સિક વ્યૂહરચના આવશ્યક

મુંબઈ: એઆઇ દ્વારા સર્જાતા ડીપફેક, ડિજિટલ અરેસ્ટ, સાયબર આધારિત નાણાકીય છેતરપિંડી અને ક્રિપ્ટો આધારિત ગુનાહિત નેટવર્ક્સ વધુને વધુ જટિલ બની રહ્યા છે, જેના કારણે પરંપરાગત તપાસ પદ્ધતિઓ માટે તેમની ગતિ સાથે ચાલવું મુશ્કેલ બની રહ્યું છે. ફિક્કી દ્વારા આયોજિત નેક્સ્ટ જેન ફોરેન્સિક: ધી ન્યુ એજ ઓફ ફ્રોડ ઇન્વેસ્ટિગેશન પરિષદમાં નિષ્ણાતોએ ચેતવણી આપી હતી કે આગામી પેઢીની છેતરપિંડીનો સામનો કરવા માટે અદ્યતન ફોરેન્સિક ટેકનોલોજી, રિયલ-ટાઇમ ઇન્ટેલિજન્સ શેરિંગ અને નિયમનકારો, ઉદ્યોગો તથા કાયદા અમલીકરણ એજન્સીઓ વચ્ચે વધુ મજબૂત સહયોગ અનિવાર્ય બનશે. આ કાર્યક્રમમાં સાયબર ગુનાઓની વધતી જટિલતા તેમજ વ્યવસાયો, રોકાણકારો અને નાગરિકોની સુરક્ષા માટે મજબૂત ગવર્નન્સ અને રિયલ-ટાઇમ ઇન્ટેલિજન્સની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો.

## ટીન અને નિકલની આગેવાનીમાં નફારૂપી વેચવાલીએ ચોક્કસ ધાતુઓમાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લંડન મેટલ એક્સચેન્જ ખાતે વિવિધ ધાતુઓમાં મિશ્ર વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે ખાસ કરીને ટીન અને નિકલની આગેવાની હેઠળ કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ સિવાયની અન્ય વેરાઈટીઓ, બ્રાસ શીટ કટિંગ્સ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૮૧ સુધીનો ઘટાડો આવ્યો હતો. જોકે, તેની સામે આજે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં છૂટીછવાઈ સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. બે અને રૂ. પાંચનો સુધારો આવ્યો હતો, જ્યારે એકમાત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ટીન, નિકલ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનું દબાણ ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૮૧ ઘટીને રૂ. ૫૪૬૯, રૂ. ૧૭ ઘટીને રૂ. ૧૮૨૫ અને રૂ. ૧૦ ઘટીને રૂ. ૧૩૯૮ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને વપરાશકારોની માગ પણ પાંખી રહેતા ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને અનુક્રમે રૂ. ૧૩૨૩, રૂ. ૧૩૧૨ અને રૂ. ૮૯૫, કોપર કેબલ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને અનુક્રમે રૂ. ૧૩૩૫ અને રૂ. ૩૯૯, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૩૭૬ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે રૂ. ૨૧૦ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૧૨૩૦ અને રૂ. પાંચ વધીને રૂ. ૮૪૫ના મથાળે રહ્યા હતા, જ્યારે ખપપૂરતી માગને ટેકે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૩૨૫ના મથાળે ટકેલા રહ્યા હતા. ■

## મધ્ય-પૂર્વમાં શાંતિના આશાવાદે વૈશ્વિક સોનામાં સુધારો

### સ્થાનિક સોનામાં ₹ ૧૦૭૫ વધ્યા, ચાંદી ₹ ૪૮૭ ઘટી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મધ્ય પૂર્વના દેશોમાં ભૂરાજકીય તણાવનો ઉકેલ આવે તેવા આશાવાદ સાથે ફુગાવામાં અને વ્યાજદરમાં વધારો થવાની ચિંતા હળવી થતાં આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલ હતા. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં આજે વિશ્વ બજાર પાછળ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૪૬થી ૧૦૫૦નો સુધારો જોવા મળ્યો હતો, જ્યારે ચાંદીમાં નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. ૪૮૭નો ઘટાડો આવતા બન્ને કિંમતી ધાતુઓમાં મિશ્ર વલણ જોવા મળ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલી સામે નવી લેવાલીનો અભાવ અને ઔદ્યોગિક વપરાશકારોની તથા જ્વેલરી ઉત્પાદકોની માગ પણ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૪૮૭ના સાધારણ ઘટાડા સાથે રૂ. ૨,૬૧,૦૮૮ની સપાટીએ રહ્યા હતા. જોકે, સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળવાની સાથે છૂટીછવાઈ રોકાણલક્ષી માગને ટેકે વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ રૂ. ૧૦૪૬ના સુધારા સાથે રૂ. ૧,૫૫,૪૬૧ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૦૫૦ના સુધારા સાથે રૂ. ૧,૫૬,૦૮૬ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

આજે લંડન ખાતે સત્રના આરંભે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૭ ટકા વધીને ઔંસદીઠ ૪૪૬૪.૭૯ ડૉલર અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા વધીને ઔંસદીઠ ૪૪૯૧.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૮ ટકા વધીને ઔંસદીઠ ૭૩.૩૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ઈઝરાયલ અને લેબેનોન બન્ને દેશો એકબીજા પર હુમલા ન કરવા અને યુદ્ધ વિરામ અંગે સંમત થતાં હવે અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરાર થવાનો આશાવાદ સપાટી પર આવ્યો હતો. વધુમાં અમેરિકી રિપબ્લિકનના નેજા હેઠળના યુએસ હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્સે અમેરિકી પ્રમુખને ઈરાન સાથે યુદ્ધ ચાલુ રાખતા અટકાવવાના ઠરાવને મંજૂર કર્યો હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતા આજે ક્રૂડ તેલના ભાવમાં ઘટાડાતરફી વલણ રહેતાં ફુગાવાલક્ષી અને વ્યાજદરમાં વધારાની ચિંતા હળવી થતાં સોનાના સુધારાને ટેકો મળ્યો હોવાનું જેફ્રીઝની માલિકીની ટ્રેડુ ડૉટ કૉમના વિશ્લેષક નિકોસ ઝુબોરોસે જણાવ્યું હતું.

વધુમાં કન્સલ્ટન્સી મેટલ ફોકસના મતાનુસાર વર્ષ ૨૦૨૬ના બીજા છમાસિક ગાળામાં સોનામાં તેજીનું વલણ જોવા મળશે, પરંતુ વર્ષ ૨૦૨૬માં ખાસ કરીને જ્વેલરી અને કેન્દ્રવર્તી બૅન્કોની ખરીદીમાં દ્વીઅંકી ટકાવારીમાં નુકસાન થયું હોવાથી વર્ષ ૨૦૨૬માં સોનાની કુલ માગમાં બે ટકા જેટલો ઘટાડો થવાની ધારણા તેમણે મૂકી હતી.

જોકે, આગામી ટૂંકા સમયગાળામાં પડકારો જળવાઈ રહેતાં કિંમતી ધાતુના ભાવ મંદીના ઝોનમાં રહેતાં ઘટાડાતરફી વલણ જોવા મળે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી. જોકે, રોકાણકારોની નજર આવતીકાલે જાહેર થનારા અમેરિકાના મે મહિનાના નોન ફાર્મ પૅ રૉલ ડેટા પર સ્થિર થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

## હાજર ખાંડમાં સાંકડી વધ-ઘટ

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં સ્થાનિક અને દેશાવરોની માગ જળવાઈ રહેતાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૨૦થી ૩૮૫૦માં ટકેલા ધોરણે થયા હતા. તેમ જ સ્થાનિક સ્તરે આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ અને રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેનો સાધારણ ગુણવત્તાલક્ષી સુધારો જોવા મળ્યો હતો. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની ખપપૂરતી માગને ટેકે ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૭૬થી ૪૦૫૨માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેના સાધારણ ગુણવત્તાલક્ષી સુધારા સાથે રૂ. ૪૦૮૨થી ૪૧૮૨માં થયા હતા. ■

## ચાંદીના ફરજિયાત હૉલમાર્કિંગના અમલ સામેના પડકારોનો અભ્યાસ કરતું બિસ

નવી દિલ્હી: ચાંદીનાં આભૂષણો, ઝવેરાત અને કલાકૃતિઓનાં હૉલમાર્કિંગને ફરજિયાત બનાવવાનાં નિયમનકારી માળખા અને માળખાકીય સજ્જતાની બ્યૂરો ઑફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (બિસ) ચકાસણી કરી રહ્યું હોવાનું ડિરેક્ટર જનરલ સંજય ગર્ગે આજે જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે વર્ષ ૨૦૨૫થી ચાંદીનું હૉલમાર્કિંગ મરજિયાત બનાવાયું હતું અને સપ્ટેમ્બર, ૨૦૨૫થી ચાંદીની ચીજોને હૉલમાર્ક યુનિક આઈડેન્ટિફિકેશન નંબર આપવામાં આવતો હતો જેથી ખરીદનાર તેની પ્યોરિટીની જાણ થાય. જોકે, ચાંદીનું હૉલમાર્કિંગ માત્ર પ્રોસેસને કારણે જ નહીં, પરંતુ તેની બજારને ધ્યાનમાં લેતા પણ સોના કરતાં વધુ જટીલ હોવાનું અત્રે ફિક્કી દ્વારા યોજાયેલ એક પ્રસંગ પશ્ચાત્ ગર્ગે જણાવ્યું હતું.

સોનાથી વિપરીત ચાંદીનાં આભૂષણો અને કલાકૃતિઓ નાના અને મોટા એમ બન્ને સ્ટોરમાં વેચાતા હોય છે અને આ શ્રેણી વિસ્તરણ પામીની ફર્નિચર સુધીની હોય છે, એમ જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે અમે તેના અમલીકરણની પ્રક્રિયાનો અભ્યાસ કરી રહ્યા છીએ. ગર્ગના જણાવ્યાનુસાર બિસ અંતર્ગત હૉલમાર્કિંગની તમામ કામગીરી માત્ર પાંચ લોકો દ્વારા ચલાવવામાં આવે છે બાકીના કર્મચારીઓ ખાનગી અથવા તો આઉટસોર્સ હોય છે અને ખાનગી ખેલાડીઓની મદદથી હૉલમાર્કિંગ કેન્દ્રોનું સંચાલન કરવું અને વિશ્વાસ વધારો એ એક કઠીન કાર્ય છે.

આથી ચાંદીનાં મરજિયાત હૉલ માર્કિંગમાં નોંધપાત્ર પ્રગતિ હોવા છતાં બિસ સાવચેતીપૂર્વક આગળ વધી રહ્યું છે.

અમે ઈરાદાપૂર્વક ધીમા છીએ કેમ કે અમે કોઈ ભૂલ કરવા નથી માગતા અમે તેને ફરજિયાત કરતા પૂર્વે સચોટ યંત્રણા સ્થાપવા માગતા હોવાથી ચાંદીનું ફરજિયાત હૉલમાર્કિંગ તબક્કાવાર કરશું, એમ તેમણે ઉમેર્યું હતું.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર વર્ષ ૨૦૨૪-૨૫મા ૩૨ લાખ ચાંદીનાં આભૂષણ અને ચીજોનું હૉલમાર્કિંગ થયું હતું તે વર્ષ ૨૦૨૫-૨૬માં વધીને ૫૯ લાખ ચીજોનું થયું હતું. હાલમાં દેશમાં બિસ અધિકૃત અંદાજે ૨૩૦ એસેયિંગ અને હૉલમાર્કિંગ સેન્ટર (એસીએચ)છે.

## ડૉલર સામે રૂપિયામાં બે પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકા-ઈરાન વચ્ચે ભૂરાજકીય તણાવ હળવો થવાના આશાવાદ વચ્ચે ડૉલર ઈન્ડેક્સમાં રોકાણકારોની સલામતી માટેની પ્રબળ માગ છતાં નરમાઈનું વલણ અને ક્રૂડતેલમાં વધ્યા મથાળેથી પીછેહઠ નોંધાતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સાધારણ બે પૈસાનો સુધારો આવ્યો હતો. જોકે, ગઈકાલે પણ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૫૬૧૬.૫૬ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવતાં ઉમેર્યું હતું કે ભારત ક્રૂડતેલનો આયાતનિર્ભર દેશ છે અને અમેરિકા-ઈરાનની કટોકટીને કારણે સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ બંધ રહેતાં ભારત સામે એનર્જીને લગતાં જોખમ વધુ રહેતા રૂપિયો દબાણ હેઠળ રહે છે. વધુમાં આજે ટ્રેડરોની નજર આવતીકાલે સમાપન થઈ રહેલી રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની મોનેટરી પૉલિસીની ત્રણ દિવસીય બેઠકના અંતે રિઝર્વ બૅન્કના ગવર્નર ભવિષ્યમાં ફુગાવો, આર્થિક વૃદ્ધિ અને કેવી નાણાનીતિ અપનાવવામાં આવશે તેના સંકેતો પર હોવાથી સાવચેતીના અભિગમ વચ્ચે કામકાજો પાંખાં રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે હાજરમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૭૬ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૯૫.૭૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૮૭ અને ઉપરમાં ૯૫.૫૯ની રેન્જમાં રહીને અંતે ગઈકાલના બંધ સામે બે પૈસાના સુધારા સાથે ૯૫.૭૪ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૪૦ પૈસાનો કડાકો બોલાઈ ગયો હતો.

એકંદરે વૈશ્વિક સ્તરે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતું હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નકારાત્મક વલણ જોવા મળતા રૂપિયો ૯૫.૪૦થી ૯૬.૧૫ની રેન્જમાં જોવા મળી શકે છે, એમ મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતા ઉમેર્યું હતું કે અમેરિકા ઈરાન વચ્ચેના કોઈ સકારાત્મક સંકેત રૂપિયામાં ધોવાણ અટકાવી શકે છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૨૧ ટકા ઘટીને ૯૯.૩૧ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડ તેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૨.૦૪ ટકા ઘટીને બેરલદીઠ ૯૫.૮૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે સાધારણ ૧૩.૮૪ પૉઈન્ટનો અને ૧૦.૯૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી તેની રૂપિયા પર ખાસ અસર નહોતી જોવા મળી, એમ સૂત્રોએ ઉમેર્યું હતું. ■

## સેબીના આદેશને પગલે રાજેશ એક્સપોર્ટના શેર નીચલી સર્કિટને અથડાયા

મુંબઇ: રાજેશ એક્સપોર્ટ પર માર્કેટ રેગ્યુલેટર ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)ના રૂ. ૧૫ લાખ કરોડના મિસરિપોર્ટીંગના કરેલા આરોપ સાથેના આદેશની ચર્ચાને કારણે આ કંપનીના શેર ગુરુવારે પાંચ ટકાના કડાકા સાથે નીચલી સર્કિટ મર્યાદા પર પહોંચી ગયા હતા. બજાર નિયમનકાર સેબીએ પોતાના આદેશમાં આ કંપનીના પ્રમોટર અને સીઈઓ રાજેશ મહેતાને કંપનીના સિક્યોરિટીઝમાં સોદા કરવાથી પ્રતિબંધિત કર્યા હતા, જેમાં નાણાકીય નિવેદનોમાં મોટા પાયે ખોટી રજૂઆત અને ભંડોળના ડાયવર્ઝનનો આરોપ મૂકવામાં આવ્યો હતો. જોકે, રાજેશ એક્સપોર્ટે એક ન્યૂઝ પોર્ટલને એવી પ્રતિક્રિયા આપી હતી કે આ માત્ર એક વચગાળાનો આદેશ છે અને તેમાં સત્ય નથી!

બીએસઈ પર આ શેર ૪.૯૯ ટકાના કડાકા સાથે રૂ. ૧૦૪.૬૫ની નીચલી સર્કિટ મર્યાદા પર પહોંચી ગયો હતો. જ્યારે એનએસઈ પર આ શેર ૪.૯૯ ટકાના કડાકા સાથે રૂ. ૧૦૩.૯૨ ની નીચલી સર્કિટ મર્યાદાએ અથડાયો હતો. નિયમનકારી કાર્યવાહીથી એલઆઇસીના શેર પર પણ નકારાત્મક અસર પડી, જે ટ્રેડિંગ અવર્સ દરમિયાન લગભગ એકાદ ટકા તૂટ્યા હતા. આ વીમા કંપની રાજેશ એક્સપોર્ટસમાં લગભગ ૧૦ ટકા હિસ્સો ધરાવે છે.

સેબીએ કંપનીને તપાસકર્તાઓને સંપૂર્ણ સહકાર આપવા અને નાણાકીય નિવેદનો અને સંબંધિત પક્ષ વ્યવહારોના સાચા અને ન્યાયી ખુલાસાની ખાતરી કરવા નિર્દેશ આપ્યો છે. આ મામલો માર્ચ ૨૦૨૪માં મળેલી શેરધારકની ફરિયાદથી ઉદ્ભવ્યો હતો, જેણે કંપનીની બુક્સમાં નોંધાયેલી નોંધપાત્ર ટ્રેડ રિસિટ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. પ્રારંભિક સમીક્ષા પછી, સેબીએ એપ્રિલ ૨૦૨૦થી માર્ચ ૨૦૨૪ સુધીના સમયગાળાને આવરી લેતી તપાસ શરૂ કરી અને બીડીઓ ઇન્ડિયા સર્વિસિસને ફોરેન્સિક ઓડિટર તરીકે નિયુક્ત કર્યા હતા.

સેબીના આદેશ અનુસાર, રાજેશ એક્સપોર્ટસ વારંવાર તપાસ દરમિયાન માગવામાં આવેલા મુખ્ય એકાઉન્ટિંગ સિસ્ટમ્સ, નાણાકીય રેકોર્ડ્સ અને સહાયક દસ્તાવેજોની ઍક્સેસ પૂરી પાડવામાં નિષ્ફળ રહી હોવાને કારણે ફોરેન્સિક ઓડિટરની ટ્રાન્ઝાક્શનના નોંધપાત્ર હિસ્સાને સ્વતંત્ર રીતે ચકાસવાની ક્ષમતા મર્યાદિત થઈ ગઈ હતી. ■

## પાંખા કામકાજે દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ

મુંબઈ: મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૭૫ રિંગિટનો ઘટાડો આવ્યો હતો, જ્યારે ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ૩૦ સેન્ટનો સુધારો આવ્યો હતો. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલ ઉપરાંત આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો પાંખા રહ્યા હોવાથી દેશી-આયાતી તેલના ભાવમાં એકંદરે ટકેલું વલણ રહ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ગોકુલ એગ્રોના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૩૦, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૮૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૮૦, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના જુલાઈ ડિલિવરી શરતે રૂ. ૧૪૮૦, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૫૧૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૦, રિલાયન્સ કન્ઝ્યુમરના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૦ અને જુલાઈ ડિલિવરી શરતે સન રિફાઈન્ડના રૂ. ૧૬૬૦ અને જીવનના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૧૨,૦૦૦ ગૂણીની અને રાજકોટ મથકે ૪૫૦૦ ગૂણીની આવક સામે બન્ને મથકો પર વેપાર મણદીઠ રૂ. ૧૩૦૦થી ૧૫૫૦માં ટકેલા ધોરણે થયા હતા. તેમ જ ગોંડલમાં આજે સિંગતેલના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૫૦માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૪૯૦થી ૧૪૯૫માં અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૩૫થી ૧૫૪૦માં થયા હતા. ■

# અવાજ કાયમ માટે જવાનો હતો ડર, છતાં સુરેન્દ્રનગરની સરકારી હૉસ્પિટલે જટિલ સર્જરી કરી આપ્યું નવું જીવન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સરકારી હોસ્પિટલની સેવા વિશે પૂર્વગ્રહ બાંધી લેતા લોકો માટે સુરેન્દ્રનગરની મહાત્મા ગાંધી સ્મારક જનરલ હોસ્પિટલના તબીબી સ્ટાફે એક દાખલારૂપ કામગીરી હતી. અહીંના નિષ્ણાત તબીબો દ્વારા છેલ્લા બે વર્ષથી ગળાના ભાગે ગાંઠની સમસ્યાથી પીડાતાં ૩૦ વર્ષીય મહિલા દર્દીની અત્યંત જટિલ ગણાતી થાઇરોઇડની સર્જરી સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી. આ સમસ્યાના નિવારણ માટે તેમણે અગાઉ અન્ય ઘણી હોસ્પિટલોમાં તપાસ કરાવી હતી, પરંતુ ક્યાંય તેમની બીમારીનું કોઈ સચોટ નિદાન થઈ શક્યું ન હતું. આખરે મહાત્મા ગાંધી હોસ્પિટલના તબીબો દ્વારા તપાસ બાદ નિદાન થયું કે આ ગળાની ગાંઠ ખરેખર થાઇરોઇડ ગ્રંથિની ગાંઠ છે.

નિદાન બાદ તબીબોએ દર્દી અને તેમના પરિવારજનોને ઓપરેશનની જરૂરિયાત વિશે માહિતગાર કર્યા હતા. જોકે, આ ઓપરેશન એટલું સરળ ન હતું, કારણ કે દર્દીના શરીરમાં લોહીની ઊણપ હતી, વળી ઓપરેશન દરમિયાન દર્દીના સ્વરતંતુ તરફ સંકેત લઈ જતી અત્યંત મહત્ત્વપૂર્ણ એવી ચેતા થાઇરોઇડની ગાંઠ સાથે સંપૂર્ણપણે ચીપકેલી હતી. આ ચેતાને સહેજ પણ નુકસાન થવાનો સીધો અર્થ એ હતો કે દર્દી પોતાનો અવાજ કાયમ માટે ગુમાવી શકે છે. પરંતુ મહાત્મા ગાંધી હોસ્પિટલના નિષ્ણાત કાન-નાક-ગળાની ટીમે આગવી કુનેહ સાથે આ ચોંટેલી ચેતાને કોઈ પણ પ્રકારના નુકસાન વિના છૂટી પાડી હતી. ત્યારબાદ સર્જન ટીમે થાઇરોઇડની ગાંઠને સફળતાપૂર્વક દૂર કરી હતી. હોસ્પિટલના તબીબોની આ સંયુક્ત મહેનત, અદ્યતન સુવિધાઓ અને કુશળતાને પરિણામે આજે દર્દીને પીડામુક્ત અને સ્વસ્થ જીવન મળ્યું છે. ■



**નિરીક્ષણઃ** રાજકોટમાં આગામી ચોમાસામાં લોકોએ હાલાકી ન ભોગવવી પડે તે માટે ગટર અને નાળાસફાઈનું કામ હાથ ધરવામાં આવ્યું છે. આ કામ બરાબર થયું છે કે નહીં તેનું નિરીક્ષણ કરવા કોર્પોરેટર્સ પોતપોતાના વોર્ડમાં ગયા હતા. (પ્રવિણ સેદાની)

# ગીરમાં આશાનું કિરણઃ વાઈરસનો કેર શમતાં ખાપટની સીમમાં સિંહ પરિવારના દર્શન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ઉનાઃ ગીર પૂર્વ રેન્જના જસાધાર વિસ્તારમાં સિંહપ્રેમીઓ માટે આશાનું કિરણ જોવા મળ્યું છે. ખાપટ ગામની સીમમાં લાંબા સમય બાદ પાંચ સિંહનો તંદુરસ્ત પરિવાર મુક્તપણે વિહરતો નજરે પડતા વન વિભાગે રાહતનો શ્વાસ લીધો છે. છેલ્લા ૧૫ દિવસથી ગીરની પશ્ચિમ અને પૂર્વ રેન્જમાં ફેલાયેલા ઘાતક વાઇરસે ૧૨ જેટલા સિંહોનો ભોગ લીધા બાદ આ દ્રશ્યે સૌના ચહેરા પર સ્મિત ફેરવ્યું છે.

માત્ર ૧૫ દિવસમાં ૧૨ સિંહોના મૃત્યુથી સમગ્ર તંત્ર હચમચી ગયું હતું. વાઇરસને કાબૂમાં લેવા સરકાર અને વન વિભાગના ઉચ્ચ અધિકારીઓથી લઈને બીટ ગાર્ડ સુધીના તમામ કર્મચારીઓએ રાત-દિવસ એક કરી સઘન પ્રયાસો આદર્યા હતા. આ ભગીરથ પ્રયાસોનું પરિણામ હવે દેખાવા લાગ્યું છે. ખાપટ ગામની સીમમાં રાત્રિના સમયે પાંચ સિંહ સંપૂર્ણ તંદુરસ્ત હાલતમાં આરામ ફરમાવતા જોવા મળ્યા હતા. વન વિભાગના સૂત્રો મુજબ આ સિંહો મોડી રાત્રે શિકારની શોધમાં બહાર નીકળે છે અને સવાર પડતા પહેલા જંગલ તરફ પરત ફરે છે.



(તસવીરઃ ફારૂક કાઝી)

છેલ્લાં કેટલાક વર્ષોથી ગીરના સિંહોએ માનવ વસાહતના સીમાડાઓને પોતાનું કાયમી નિવાસસ્થાન બનાવી લીધું છે. ખાપટ જેવા રેવન્યુ વિસ્તારોમાં સિંહોની નિયમિત અવર-જવર જોવા મળે છે. ગ્રામજનો પણ હવે સિંહો સાથે સહઅસ્તિત્વ શીખી ગયા છે. વનવિભાગ દ્વારા આ સિંહો પર ૨૪ કલાક ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. તકેદારીના ભાગરૂપે, વન વિભાગે સુનિશ્ચિત કરી રહ્યું છે કે ગામમાં મૃત્યુ પામેલા કોઈપણ માલઢોરનો મૃતદેહ સિંહો સુધી ન પહોંચે, સડેલું માંસ ખાવાથી સિંહોને ચેપ લાગવાનો ભય રહેતો હોવાથી આ ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે.

સિંહ સુરક્ષિત તો ગીર સુરક્ષિત નાયબ વન સંરક્ષકના જણાવ્યા મુજબ, વાઇરસના કારણે અમે ખૂબ ચિંતિત હતા. પરંતુ ખાપટમાં તંદુરસ્ત સિંહ પરિવારના દર્શનથી અમને નવી ઊર્જા મળી છે. અમારી ટીમો સતત પેટ્રોલિંગ અને મોનિટરિંગ કરી રહી છે. સિંહોના સ્વાસ્થ્ય સાથે કોઈ બાંધછોડ કરવામાં આવશે નહીં.

સ્થાનિક સિંહપ્રેમીઓએ પણ આ ઘટનાને ગીર માટે શુભ સંકેત ગણાવી છે. એશિયાટિક સિંહે ગુજરાતની શાન છે અને તેનું સંરક્ષણ આપણી સૌની સામૂહિક જવાબદારી છે. ■

# ભાવનગરના તળાજામાં ઓફિસમાં બેસેલ યુવકને છરીના બે ઘા ઝીંકાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના તળાજામાં પાલીતાણા ચોકડી નજીક ટ્રાન્સપોર્ટની પોતાની ઓફિસે બેસેલ રોયલ ગામના યુવાન ઉપર ગામના જ એક ઇસમે પોતાના બે મિત્રો સાથે આવીને છરી વડે હુમલો કરી બે ઘા મારી દીધા હતા. સદ્‌નસીબે ગળાના ભાગે મારવામાં આવેલ ઘા ઊંડો ગયો ન હોય ઇજાગ્રસ્ત યુવક સલામત રહ્યો છે. આ હુમલો રૂપિયાની લેતીદેતી બાબતે કરવામાં આવ્યો હતો.

તળાજા રેફરલ હોસ્પિટલમાં છરીના બે ઘા તથા મૂંઢમાર ને કારણે સારવાર લઈ રહેલા મુકેશ ભીખાભાઇ શિયાળ પાસેથી બનાવની જાણવા મળતી વિગતો મુજબ પોતે મહુવા ચોકડીથી પાલીતાણા ચોકડી જતા પોતાની ભૂમિ ટ્રાન્સપોર્ટ નામની પેઢીની ઓફિસે બેઠા હતા. આ સમયે પોતાના જ ગામના નરસિંહભાઈનો દીકરો કુલદીપ અને તેની સાથે બે અજાણ્યા ઇસમો આવેલ હતા.

કુલદીપના પિતા સાથે ધંધાકીય આર્થિક લેતીદેતીનો વ્યવહાર હોય તેના રૂપિયા હિસાબ બાબતે બોલાચાલી કરી કુલદીપે ઉશેકરાઈને છરીવડે ગળા અને હાથપર ઇજા પહોંચાડી હતી. ધોકા વડે મૂંઢમાર માર્યો હતો.

ટાઉન પોલીસ દ્વારા બનાવ અંગે આરોપી કુલદીપ અને તેની સાથે આવેલ બે અજાણ્યા ઈસમો મળી કુલ ત્રણ વિરુદ્ધ ગુન્હોનોંધી કાર્યવાહી કરવામાં આવી છે. ■

# દ્વારકાના પ્રખ્યાત શિવરાજપુર બીચ પર નહાવા અને સ્વિમિંગ કરવા પર બે મહિના માટે પ્રતિબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વેકેશનની સીઝનમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના વિશિષ્ટ પ્રવાસન આકર્ષણ સમા શિવરાજપુર બીચ પર બે મહિના સુધી નહાવા કે સ્વિમિંગ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જિલ્લા વહીવટી તંત્રના જણાવ્યા અનુસાર, દેવભૂમિ દ્વારકામાં જિલ્લામાં આવેલ બ્લુ ફ્લેગ સર્ટિફિકેટ ધરાવતા શિવરાજપુર બીચની નિયમાનુસારની જાળવણીના હેતુથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે કેટલાક પ્રતિબંધો લગાવ્યા છે, જે અનુસાર શિવરાજપુર બિચ પર લાઈટ હાઉસ સર્વે નં.૫૮ થી શિવરાજપુર ખાડી-૨ના છેડા સુધી પ્રવાસી અને સ્થાનિકો માટે નહાવા કે સ્વિમિંગ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટના આ જાહેરનામાંની અમલવારી ૩૦ જુલાઇ સુધી કરવામાં આવશે તેમજ ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે તેમ તંત્રએ જણાવ્યું હતું. ■

# ગીરગઢડાના નગડિયા નજીક હિટ એન્ડ રનમાં બે જુવાન મિત્રના કમકમાટીભર્યાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ઉનાઃ ગીરગઢડા તાલુકાના નગડિયા ગામની સીમમાં રાત્રિના સર્જાયેલા કાળમુખા હિટ એન્ડ રનના બનાવે બે હસતા-ખેલતા પરિવારોના દીવડા ઓલવી નાખ્યા છે. ધોકડવા ગામના પેટ્રોલ પંપ પરથી પોતાની શિફ્ટ પૂરી કરી બાઇક પર જસાધાર ઘરે પરત ફરી રહેલા બે આશાસ્પદ જુવાન મિત્રને પૂરપાટ આવતી અજાણી કારે કાળ ભેટે ધકેલી દીધા હતા. બેફામ ઝડપે આવેલી કાર બાઇકને હવામાં ફંગોળીને પળવારમાં જ બે જિંદગી છીનવી ને નાસી છૂટી હતી.

ગીરના જસાધાર ગામના વતની મયુરભાઈ મેર અને સિરાજભાઈ મુસાભાઈ ધોકડવા પેટ્રોલ પંપ પર એક સાથે નોકરી કરતા હતા. રોજિંદા ક્રમ મુજબ રાત્રે પોતાની ફરજ પૂરી કરી બંને મિત્ર બાઇક પર સવાર થઈ ઘર તરફ નીકળ્યા હતા.

નગડિયા ગામની સીમમાંથી પસાર થતી વખતે કાળ બનીને આવેલી અજાણી કાર સામેથી અત્યંત બેફામ ગતિએ ધસી આવી હતી અને પળનો પણ વિચાર કર્યા વિના બાઇકને જોરદાર ટક્કર મારી દીધી હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે બંને યુવાનો રોડ પર દૂર સુધી ફંગોળાઈ ગયા અને બાઇકનો કચ્ચરઘાણ વળી ગયો હતો.

ગંભીર શારીરિક ઇજાઓ અને માથામાં થયેલી જીવલેણ ઈજાઓના કારણે મયુરભાઈએ ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો. જુવાનજોધ દીકરાનો નિષ્પ્રાણ દેહ જોઈ હાજર સૌના હૈયા કંપી ઉઠ્યા.

લોહીલુહાણ હાલતમાં તરફડી રહેલા સિરાજભાઈને તાત્કાલિક ૧૦૮ મારફતે ઉનાની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા, પરંતુ તેમની નાજુક હાલત જોતા તબીબોએ વધુ સારવાર માટે જૂનાગઢ રિફર કર્યા હતા. કમનસીબે જીવન-મરણ વચ્ચે ઝઝૂમતા સિરાજભાઈએ પણ સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધો હતો. બે કલાકમાં જ બે મિત્રોની અર્થી ઉઠતા સમગ્ર પંથક હચમચી ગયો હતો.

ઘટનાની જાણ થતાં જ ગીર ગઢડા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. અકસ્માતની ગંભીરતાને ધ્યાને લઈ ઉના વિભાગના પોલીસ અધિકારી એમ.એફ. ચૌધરી પણ પોલીસ કાફલા સાથે સ્થળ પર પહોંચ્યા હતા.

મયુર અને સિરાજ બંને પરિવારના એકના એક આધાર સ્તંભ હતા. ગ્રામજનોએ માંગ કરી છે કે,આવા બેફામ વાહન ચાલકો સામે કડકમાં કડક કાર્યવાહી થાય જેથી બીજા કોઈ માસૂમનો ભોગ ન લેવાય પોલીસે આશ્વાસન આપ્યું હતું કે ગણતરીના કલાકોમાં જ આરોપીને ઝડપી લેવાશે અને કાયદાનું ભાન કરાવવામાં આવશે. ■

# જૂનાગઢમાં આજે વૃક્ષારોપણ અને વિનામૂલ્યે રોપા વિતરણનું આયોજન

(અમારા પ્રતિનિધિ તરફથી)

જૂનાગઢઃ જૂનાગઢમાં આજે પાંચમી જૂન એટલે કે વિશ્વ પર્યાવરણ દિવસના અવસરે જિલ્લા પંચાયત પ્રમુખ લીનાબેન વિપુલભાઈ કાવાણીના અધ્યક્ષ સ્થાને સરોવર પોર્ટિકો હોટલ સામે આવેલી રેલવે કોલોની ખાતે એક વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં 'એક પેડ માં કે નામ ૩.૦' અભિયાન હેઠળ વૃક્ષો વાવીને પર્યાવરણ જતન અને સંરક્ષણનો સંદેશ આપવામાં આવશે. આ ઉપરાંત, સમગ્ર જિલ્લામાં ગ્રીન કવર વિસ્તારવાના ઉમદા હેતુથી સામાજિક વનીકરણ વિભાગ દ્વારા સંચાલિત ખડિયા, ડુંગરપુર અને ખોખરડા ખાતાકીય નર્સરીઓ ખાતેથી સ્થાનિક લોકોને ફળાવ, ઔષધીય તેમજ છાયાદાર વૃક્ષોના રોપાઓનું તદ્દન વિનામૂલ્યે વિતરણ પણ કરવામાં આવશે. ■

# ભાવનગરમાં 'ઓપરેશન ડેલ્ટા હન્ટ' અંતર્ગત પોલીસનું મેગા સર્ચ ઓપરેશન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ રાજ્યમાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ બનાવવા અને ગેરકાયદેસર ઘૂસણખોરી કરતાં તત્ત્વોને ઝડપી પાડવા માટે શરૂ કરાયેલા ખાસ અભિયાન 'ઓપરેશન ડેલ્ટા હન્ટ' અંતર્ગત ભાવનગર શહેર અને જિલ્લા પોલીસ હરકતમાં આવી ગઈ છે. ભાવનગર સ્થાનિક ગુન્હા શોધક શાખા (એલસીબી) તથા સ્થાનિક પોલીસની અલગ-અલગ ટીમો દ્વારા શહેરના વ્યસ્ત વિસ્તારો, પ્રવેશદ્વારો અને એસ.ટી. બસ ડેપો પર આકસ્મિક અને સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે.



(તસવીરઃ વિપુલ હિરાણી)

પ્રાપ્ત થતી વિગતો અનુસાર ભાવનગર સેન્ટ્રલ બસ ડેપો ખાતે એલસીબી અને પોલીસ કાફલાએ ઓચિંતો દરોડો પાડી ચેકિંગ હાથ ધર્યું હતું. બસ સ્ટેશન પરિસરમાં શંકાસ્પદ રીતે આંટાફેરા મારતા ઈસમોની કડક પૂછપરછ કરવામાં આવી હતી. આ ઓપરેશન દરમિયાન જિલ્લાભરમાંથી અત્યાર સુધીમાં કુલ પચીસ જેટલા શંકાસ્પદ લોકોને અટકાયતમાં લેવામાં આવ્યા હતા. પોલીસે તમામના આધારકાર્ડ, ચૂંટણી કાર્ડ સહિતના આઈ.ડી. પ્રૂફ અને અન્ય દસ્તાવેજોની બારીકાઈથી ચકાસણી કરી હતી. જો કે, પ્રાથમિક તપાસના અંતે આ પચીસ પૈકી કોઈ પણ વ્યક્તિ બાંગ્લાદેશી ઘૂસણખોર ન હોવાનું માલૂમ પડતા પોલીસે રાહતનો શ્વાસ લીધો હતો.

શહેરમાં પ્રવેશતાં શંકાસ્પદ તત્ત્વો અને વાહનોને રોકવા માટે ભાવનગરના મુખ્ય એન્ટ્રી પોઈન્ટ એવા આખલોલ જકાતનાકા પાસે વહેલી સવારથી જ પોલીસ દ્વારા લોખંડી નાકાબંધી ગોઠવી દેવામાં આવી હતી. હાઈવે પરથી આવતા તમામ વાહનોને રોકીને તેમની તપાસ કરવામાં આવી રહી છે, જેના કારણે ગુનેગારોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

આ ડ્રાઈવ દરમિયાન પોલીસ ટીમ દ્વારા ખાસ કરીને ફોર વ્હિલર (ચાર પૈડાંવાળાં વાહનો) પર વિશેષ વોચ રાખવામાં આવી રહી છે. શંકાસ્પદ કાર ચાલકોને રોકી, તેમના ડ્રાઇવિંગ લાઇસન્સ અને ગાડીના આર.સી. બુક સહિતના કાગળો તપાસવામાં આવ્યા હતા. એટલું જ નહીં, કોઈપણ પ્રકારની ગેરકાયદે હેરાફેરી અટકાવવા માટે વાહનોની ડિકી ખોલાવીને પણ સઘન તલાશી લેવામાં આવી રહી છે. ભાવનગર પોલીસ દ્વારા આગામી દિવસોમાં પણ આ ઓપરેશન અંતર્ગત ડ્રાઈવ ચાલુ રાખવામાં આવશે તેમ સૂત્રો તરફથી જાણવા મળ્યું છે. ■

# કચ્છમાં 'ઓપરેશન ડેલ્ટા હન્ટ' હેઠળ ૧૨ મહિલાઓ અને ૩ બાળકો સહિત ૩૪ બાંગ્લાદેશી ઘૂસણખોરો ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગુજરાતમાં ગેરકાયદે રીતે વસવાટ કરતા વિદેશી નાગરિકોને શોધી કાઢવા માટે કેન્દ્રીય ગૃહમંત્રાલયની સૂચનાથી શરૂ કરાયેલી વિશેષ ઝુંબેશ 'ઓપરેશન ડેલ્ટા હન્ટ' હેઠળ પૂર્વ અને પશ્ચિમ કચ્છ પોલીસે સંયુક્ત રીતે જુદા-જુદા વિસ્તારોમાં દરોડા પાડીને પાસપોર્ટ કે વિઝા વગર ગેરકાયદેસર રીતે રહેતા ૧૨ મહિલાઓ અને ૩ બાળકો સહિત કુલ ૩૪ બાંગ્લાદેશી નાગરિકોને ઝડપી પાડ્યા છે. આ તમામ ઘૂસણખોરોને કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ બાંગ્લાદેશ ડીપોર્ટ (પરત મોકલવા) કરવાની તજવીજ હાથ ધરાશે. મળતી વિગતો મુજબ, સ્થાનિક ગુનાશોધક શાખા, સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ અને સ્થાનિક પોલીસ મથકોની વિવિધ ટુકડીઓએ આ સરહદી જિલ્લાના ઔદ્યોગિક તેમજ શહેરી વિસ્તારોમાં વ્યાપક સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ અંતર્ગત પૂર્વ કચ્છ પોલીસે અંજાર, આદિપુર અને ગાંધીધામ શહેરની આસપાસ આવેલી લાકડાની ફેક્ટરીઓ તથા અન્ય એકમોમાં તપાસ કરીને ૨૭ બાંગ્લાદેશી નાગરિકોને ઝડપી લીધા હતા. પકડાયેલા આ ૨૭ નાગરિકોમાં ૧૮ પુરુષો, ૬ મહિલાઓ અને ૩ બાળકોનો સમાવેશ થાય છે, જેઓ અહીં કોઈપણ કાયદેસરના દસ્તાવેજો વિના મજૂરી કામ કરતા હતા. બીજી તરફ, પશ્ચિમ કચ્છ પોલીસની ટુકડીઓએ જિલ્લા મથક ભુજ અને આસપાસના વિસ્તારોમાં કુલ ૮૩ શકમંદોની કડક પૂછપરછ કરી હતી, જેમાંથી ૭ બાંગ્લાદેશી નાગરિકો ગેરકાયદેસર વસવાટ કરતા હોવાનું ખૂલ્યું હતું. પોલીસે માધાપરમાંથી ૩, લોડાઈમાંથી ૨, તેમજ ખાવડા અને ભુજ શહેરમાંથી ૧-૧ બાંગ્લાદેશીને દબોચી લીધા હતા. પશ્ચિમ કચ્છમાંથી પકડાયેલા આ ૭ નાગરિકોમાં ૬ મહિલાઓ અને ૧ પુરુષ સામેલ છે. પકડાયેલી મોટાભાગની બાંગ્લાદેશી મહિલાઓ સ્થાનિક સ્પા અને મસાજ સેન્ટરોમાં કામ કરતી હોવાનું બહાર આવ્યું છે. જો કે, વહીવટી તંત્રે માત્ર આવી ટૂંકા ગાળાની વિશેષ ઝુંબેશો પર નિર્ભર રહેવાને બદલે સ્થાનિક ફેક્ટરીઓ, બાંધકામ સાઇટો અને ભાડૂઆતોની નિયમિત ચકાસણી કરવી જરૂરી છે. બહારથી આવતા શ્રમિકોની ઓળખ માટે 'સી-ફોર્મ' અને 'સી-રોલ' અંતર્ગત નોંધણીની પ્રક્રિયા કડક રીતે અમલી બને તો જ સરહદી જિલ્લામાં થતી આવી ઘૂસણખોરી પર કાયમી અંકુશ મેળવી શકાશે તેમ જાગૃત નાગરિકો જણાવી રહ્યા છે. ■

# ગુજસીટોક હેઠળ જેલહવાલે અંજારના બે રીઢા ગુનેગારોને ચાર્જશીટ બાદ પણ જામીનનો ઈનકારઃ ભુજની ખાસ કોર્ટે અરજી ફગાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પૂર્વ કચ્છના અંજાર પંથકમાં સંગઠિત ટોળકી એટલે કે ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ સિન્ડિકેટ બનાવીને મિલકત અને શરીરવિરોધી અનેક ગંભીર ગુનાઓ આચરવા બદલ ગુજસીટોક એક્ટ હેઠળ જેલમાં બંધ ત્રિપુટી પૈકીના બે રીઢા આરોપીઓની નિયમિત જામીન અરજી ભુજની ખાસ કોર્ટે આકરી દલીલોના અંતે ફગાવી દીધી છે. પોલીસ દ્વારા નામદાર કોર્ટ સમક્ષ ચાર્જશીટ દાખલ કરાયા બાદ આરોપીઓએ મુક્તિ માટે દાદ માગી હતી, પરંતુ કોર્ટે તેમની સામેના ગંભીર પુરાવા ધ્યાને લઈને જામીન આપવાનો સાફ ઈન્કાર કર્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, અંજાર અને આસપાસના વિસ્તારોમાં લાંબા સમયથી ગુંડાગર્દી અને આતંક મચાવનારી આ ટોળકી વિરુદ્ધ પોલીસે ગત ૩૦મી જાન્યુઆરીના રોજ ગુજસીટોક હેઠળ કડક કાર્યવાહી કરી ત્રણેય આરોપીઓની ધરપકડ કરી હતી. પકડાયેલા આરોપીઓ પૈકી ખુશાલ રમેશગર ગોસ્વામી (ઉ.વ. ૩૨, રહે. મેઘપર બોરીચી, મૂળ ભુજ) અને દેવાંગ દિલીપ ચાવડા (ઉ.વ. ૨૭, રહે. જન્મોત્રી સોસાયટી, અંજાર) એ ખાસ ગુજસીટોક અદાલતમાં જામીન મેળવવા અરજી કરી હતી. જ્યારે ત્રીજા આરોપી કિશોર ઊર્ફે રામ નાનુગર બાવા (ગુંસાઈ)ની જામીન અરજી કોર્ટ અગાઉ જ નામંજૂર કરી ચૂકી છે.

આ ટોળકીના ગુનાહિત ઈતિહાસ મુજબ, ગત ૧૮મી જાન્યુઆરીની રાત્રે મેઘપર બોરીચી નજીક બે મોટરસાઇકલ પર પસાર થઈ રહેલા બે સગા ભાઈઓ સહિત ત્રણ યુવકો પર આ શખ્સોએ છરી અને ધોકા વડે ઘાતકી હુમલો કર્યો હતો. જેમાં બે યુવકોને ગંભીર ઈજાઓ પહોંચાડી તેમના મોબાઈલ ફોન અને વાહનની લૂંટ ચલાવી હતી. મુખ્ય આરોપી ખુશાલ ગોસ્વામી વિરુદ્ધ લૂંટ અને હુમલા સહિતના ૭ ગંભીર ગુનાઓ, દેવાંગ ચાવડા સામે ૪ ગુના અને કિશોર બાવા સામે ૩ ગુના અગાઉથી નોંધાયેલા છે.

આ કેસની સુનાવણી દરમિયાન સરકાર પક્ષે જિલ્લાના મુખ્ય સરકારી વકીલ એચ.બી. જાડેજાએ દલીલો કરતા જણાવ્યું હતું કે, આરોપીઓ રીઢા ગુનેગાર છે અને જો તેમને જામીન પર મુક્ત કરવામાં આવશે તો તેઓ કેસના સાક્ષીઓને ડરાવી-ધમકાવી શકે છે તેમજ પુરાવા સાથે ચેડાં કરી શકે છે. આ દલીલો અને આરોપીઓની ગુનામાં પ્રથમદર્શનીય સંડોવણી તેમજ ગુનાહિત ઈતિહાસને ગ્રાહ્ય રાખતા ખાસ સેશન્સ જજ દિલીપ પી. મહિડાએ બંને આરોપીઓને જામીન પર છોડવાનો ઈન્કાર કરી દીધો હતો. ■

# ભાવનગર જિલ્લાના છાપરી ગામે પાંચ વર્ષની બાળકીને દીપડાએ ફાડી ખાધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના મહુવાના છાપરી ગામે વાડી વિસ્તારમાં પિતા ખેતરમાં કામ કરતા હતા અને બાળકી ઝાડ નીચે રમતી હતી ત્યારે દીપડો આવી ચડી હુમલો કરી બાળકીને ૫૦ મીટર જેટલી ઢસડી મુકી નાસી છૂટયો હતો. જોકે બાળકીનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું હતું. જ્યારે વન વિભાગે તાકીદે સંભવિત વિસ્તારમાં સ્કેનીંગ કરી ચાર પાંજરા ગોઠવી દીપડાને પકડવા તજવીજ હાથ ધરી હતી.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના મુળ નાના ખુંટવડા અને હાલ જાબુડાના છાપરી ગામે ભાવુભાઇ રામભાઇ ગોહિલની માલિકીની વાડીમાં ભાગુ રાખી કામ કરતા ઓઢાભાઇ ગોહિલ સાંજે ૬ થી ૭ વાગ્યાના અરસામાં ખેતરમાં કામ કરતા હતા અને તેની દીકરી દિવ્યાબા (ઉ.વ.પાંચ) ઝાડ નીચે રમતી હતી. દરમિયાન લપાઇને બેઠેલ દીપડો આવી ચડી બાળકીનાં સાથળ અને ગળાના ભાગે બચકા ભરી જુવારના વાઢમાં ૫૦ મીટર જેટલી ઢસડી હતી. જો કે, સળવળાટ થતા પિતા દોડી આવ્યા હતા અને ચમ્પલ અને લોહીના છાંટા જોતા તપાસ કરતા શેઢા તરફ દીકરી મળી આવી હતી, જેને તાત્કાલીક સારવાર અર્થે ૧૦૮માં હનુમંત હોસ્પિટલ લઇ જવાઇ હતી, જ્યાં તબીબે તેને મૃત જાહેર કરી હતી. બાદમાં મૃતદેહને સિવિલ હોસ્પિટલ મહુવા ખાતે પીએમ અર્થે લાવવામાં આવી હતી. બનાવના પગલે વન વિભાગ હોસ્પિટલ પહોંચ્યો હતો. જ્યારે બાકીનો રેન્જ સ્ટાફ બનાવવાળી જગ્યાએ પહોંચી સ્થળ તપાસ હાથ ધરી હતી અને તાકીદે સ્કેનીંગ કરી સંભવિત ચાર સ્થળો પર પીંજરામાં મારણ પ્રલોભનની ગોઠવણી કરી દીપડાને પકડવા તજવીજ હાથ ધરવામાં આવી હતી, જેમાં એક પીંજરામાં પિતાના લોહીવાળા કપડા પણ મુકાયા હતાં. જ્યારે વન વિભાગ દ્વારા પુનઃ સ્કેનીંગ કરતા નજીકના ખેતરોમાં અને નેરામાં દીપડાના સગડ મળ્યા હતા, પરંતુ પાંજરે પુરાયો ન હતો. એક તબક્કે છેલ્લા એક વર્ષથી આ દીપડો ગ્રામજનોને અલગ અલગ સ્થળે દેખાયો હોવાની પણ ચર્ચા છે. ત્યારે ઉક્ત ઘટના બાદ દીપડાને પાંજરે પુરવા વન વિભાગે પણ મન બનાવ્યું હોવાનું જણાય છે.

તમામ લોકો વાવેતર કરેલ પાકમાં કામ કરતી વખતે બાળકોને એકલા વાડી વિસ્તારમાં ના છોડવા તેમજ સાંજના તેમજ રાત્રિ દરમિયાન ખુલ્લામાં ક્યાંય સૂવું નહીં અને વાડી ખેતરમાં જો લાઇટની સુવિધા હોય તો ઢાળિયા તથા ફરજામાં પ્રકાશની વ્યવસ્થા કરવી તેમજ રાત્રિ દરમિયાન કામ કરતી વખતે બેટરી તથા ધોકા (લાકડી) સાથે ખેતી કામ કરવું હિતાવહ છે. આ સાથે માસ મટન ખાવાની ટેવ હોય તો ખોરાક ઘર કે રહેઠાણ વિસ્તારમાં નજીકમાં નહીં ફેંકવા આરએફઓ ડી.જી. ગઢવીએ અપીલ કરી હતી. ■